યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૫ અંક - ૭-૮ ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૮

Postal Registration No. GAMC 1417/2018-2020 Valid up to 31-12-2020 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-

## સંત-દર્શન વિશેષાંક






શ્રી કલ્યાણરાય ષષ્ટમ્ પીઠાધીશ્વર ગોસ્વામી
શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના નંદાલય (વડોદરા)
ખાતે સત્સંગ (તા. ૧-૭-૨૦૧૮)



વાલિયા તાલુકામાં ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા શાળાનાં
બાળકો માટે નોટબુકોનું વિતરણ (તા. ૮-૭-૨૦૧૮)






## દાદા જસન

**બ્રહ્મલીન**

શાંતિના દૂત, પ્રેમામૃતના કુંભ, કરુણાના અવતાર અહિંસાનું મૂર્ત સ્વરૂપ સરળતા, સહજતા અને પારદર્શક જીવનના જીવંત સંતનો દેહ વિલીન થયો છે.

ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ પછી આજે આ સૃષ્ટિમાં આવી વિભૂતિ ફરીથી સત્વરે નહીં અવતરી શકે. શ્રી સાધુવાસવાની મિશનના મોવડી પૂજ્ય દાદા જે. પી. વાસવાની (દાદા જસન)ને અગણિત વંદના.

દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ





શિવાનંદ આશ્રમમાં શ્રી જગન્નાથ પ્રભુની રથયાત્રા (તા. ૧૪-૭-૨૦૧૮) અમદાવાદ

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૧૫ | અંક : ૮-૯ | ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૮



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)**
**શ્રીમતી રૂપા મજમુદાર**

○

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યશેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા | : | રૂ. ૧૫૦૦૦/- |


ૐ

**एष तेऽग्निर्नचिकेत: स्वर्ग्यो**
**यमवृणीथा द्वितीयेन वरेण ।**
**एतमग्निं तवैव प्रवक्ष्यन्ति जनास -**
**स्तृतीयं वरं नचिकेतो वृणीष्व ॥**

**कठोपनिषद - १,१,१९**

યમરાજ કહે છે - નચિકેતા ! તને આ એ જ સ્વર્ગની સાધનરૂપા અગ્નિવિદ્યાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, જેના માટે તે બીજા વરદાનમાં માગણી કરી હતી. હવેથી લોકો તારા નામથી જ અગ્નિને પોકારશે. નચિકેતા ! હવે ત્રીજું વરદાન માગ.

## શિવાનંદ વાણી

### સાધુતત્ત્વ

તમે સારા કાર્યકર હોઈ શકો. હોશિયાર વિદ્વાન હોઈ શકો, તમને અથ થી ઈતિ ઉપનિષદો કે બ્રહ્મસૂત્રો કંઠસ્થ હોઈ શકે, સુંદર હઠયોગની ક્રિયા કરી શક્તા હોઈ શકો પણ જો તમારામાં સાધુતત્ત્વ ન હોય તો ધ્યાન - જપ શા કામનાં ? ત્રણ કલાક શીર્ષાસનનો શો અર્થ? યાદ રાખો: સાધુતત્ત્વ એટલે નમ્રતા, ધૈર્ય, સહનશક્તિ - તિતિક્ષા, ક્ષમાશીલતા, બીજાને અનુકૂળ થવું, પરિસ્થિતિને અનુકૂળ વર્તવું, આનંદી સ્વભાવ, ભગવાન પ્રત્યે શરણાગતિ, સેવાભાવ, શાંતિ, ક્રોધનો અભાવ, કામ અને લોભથી મુક્ત અને ફરિયાદો કરવાની વૃત્તિનો અભાવ - આ સાધુતત્ત્વનાં લક્ષણો છે. સાધુતત્ત્વવાળો માણસ બધી બાબતમાં ભગવાનની કૃપા પર જ નિર્ભર હોય છે. તેથી તે નિશ્ચિંત અને શાંત હોય છે.

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


૧. કઠોપનિષદ્ ................................ ૩
૨. અનુક્રમ, તહેવાર સૂચિ ................................ ૪
૩. સંપાદકીય તંત્રી................................ ૫
૪. યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગી - બ્રહ્મવાદિની મૈત્રેયી ................................ ૬
૫. સંત તિરુવલ્લુવર ................................ ૯
૬. મહાયોગી મિલા-રેપા ................................ ૧૧
૭. શ્રી રામાનુજાચાર્ય ................................ ૧૩
૮. જ્ઞાનદેવ ................................ ૧૬
૯. સુરદાસ ................................ ૧૮
૧૦. ભગવાન શ્રી ચૈતન્ય ................................ ૨૧
૧૧. સંત તુલસીદાસ ................................ ૨૩
૧૨. મીરાંબાઈ ................................ ૨૫
૧૩. ભક્ત રૈદાસ ................................ ૨૭
૧૪. ભક્તકવિ શ્રી જયદેવ ................................ ૨૯
૧૫. એકનાથ ................................ ૩૧
૧૬. સંત તુકારામ ................................ ૩૩
૧૭. સંત વેમન્ના ................................ ૩૫
૧૮. નરસિંહ મહેતા ................................ ૩૭
૧૯. શ્રી સમર્થ રામદાસ ................................ ૩૯
૨૦. ત્યાગરાજ ................................ ૪૧
૨૧. જલારામ બાપા ................................ ૪૩
૨૨. મહાસિદ્ધ આણદા બાવા ................................ ૪૫
૨૩. સંતરામ મહારાજ ................................ ૪૭
૨૪. રણછોડદાસજી મહારાજ ................................ ૪૯
૨૫. સ્વામી રામતીર્થ ................................ ૫૧
૨૬. પરમહંસ સ્વામી યોગાનંદ ................................ ૫૩
૨૭. શિરડીના સાંઈબાબા ................................ ૫૬
૨૮. શ્રી મોટા ................................ ૫૮
૨૯. સિદ્ધયોગી નિત્યાનંદ ................................ ૬૧
૩૦. જે. કૃષ્ણમૂર્તિ ................................ ૬૩
૩૧. આશ્રમના ઉત્સવો (ઑગસ્ટ - સપ્ટેમ્બર - ઑક્ટોબર) ....... ૬૬
૧૩. વૃત્તાંત ................................ ૬૭


આ વખતનો અંક **'સંતદર્શન-૨'** આવે છે. ગત વર્ષે ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૭નો સંયુક્ત અંક **'સંતદર્શન'** ખૂબ જ પ્રશસ્તિ પામ્યો હતો. તેથી આ વર્ષે બીજા અનેક સંતોનાં જીવન-કવનનો ઉપહાર પ્રસ્તુત કરતાં આનંદ થાય છે. આ અંકનું સંકલન અને સંપાદન શ્રીમતી રૂપાબહેન મજમુદારે કર્યું છે. તેથી તેઓને સાધુવાદ. હવે પછીનો અંક **ઑક્ટોબર-૨૦૧૮માં પ્રકાશિત થશે તેની નોંધ લેવી.** ॥ ૐ શાંતિ ॥

## તહેવાર સૂચિ

**સપ્ટેમ્બર -૨૦૧૮**

| તા. | તિથિ | (શ્રાવણ વદ) |
|---|---|---|
| ૩ | ૮ | જન્માષ્ટમી |
| ૬ | ૧૧ | અજા એકાદશી |
| ૭ | ૧૨ | પ્રદોષ પૂજા, ગુરુભગવાન શ્રી ચિદાનંદજી મહારાજનો ૧૦ મો આરાધના દિવસ |
| ૮ | ૧૪ | સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૩૧મો પ્રાકટ્યોત્સવ |
| ૯ | ૩૦ | શ્રાવણી અમાવાસ્યા |
| | | (ભાદ્રપદ સુદ) |
| ૧૩ | ૪ | ગણેશ ચતુર્થી |
| ૧૪ | ૫ | ઋષિ પંચમી |
| ૨૦ | ૧૧ | પરિવર્તિની એકાદશી |
| ૨૧ | ૧૨ | વામન જયંતી |
| ૨૨ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૨૩ | ૧૪ | શ્રી અનંત ચતુર્દશી |
| ૨૪ | ૧૪ | ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજનો ૧૦૩ મો પ્રાકટ્યોત્સવ |
| ૨૫ | ૧૫ | પૂર્ણિમા, મહાલય (શ્રાદ્ધ પક્ષ) શરૂ |
| | | **ઑક્ટોબર - ૨૦૧૮** |
| | | **(ભાદ્રપદ વદ)** |
| ૨ | ૮ | મહાત્મા ગાંધી જયંતી |
| ૫ | ૧૧ | ઈન્દિરા એકાદશી |
| ૬ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૯ | ૩૦ | અમાવાસ્યા, મહાલય (શ્રાદ્ધપક્ષ) સમાપ્ત |
| | | **(આસો સુદ)** |
| ૧૦ | ૧ | શારદીય નવરાત્રી પ્રારંભ |
| ૧૬ | ૭ | શ્રી સરસ્વતી આહ્વાન |
| ૧૭ | ૮ | દુર્ગાષ્ટમી, સરસ્વતી પૂજન |
| ૧૮ | ૯/૧૦ | શારદીય નવરાત્રી સમાપ્ત, વિજયા દશમી |
| ૨૦ | ૧૧ | પાશાંકુશા એકાદશી |
| ૨૨ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૨૪ | ૧૫ | શરદ પૂર્ણિમા, મહર્ષિ વાલ્મિકી જયંતી |

# સંપાદકીય

**'ૐ નમઃ શિવાય.'** શ્રાવણનો પ્રારંભ થતાં જ આ અંક આપના હાથમાં આવશે અને તમો "અમે તો આખોય શ્રાવણ અપવાસ કરીએ છીએ" આમ બોલતાં 'થાકશો નહીં' તો સૌથી પહેલી વાત આ શબ્દ 'અપવાસ' નથી, 'ઉપવાસ' છે. ઉપ એટલે સમીપે, વાસ એટલે વસવું. 'ઉપવાસ'નો અર્થ પરમાત્માનું સાતત્ય, વધુ જપ, વધુ ધ્યાન, વધુ આધ્યાત્મિક વાંચન- મનન, કીર્તન, કથા-વાર્તા, દાન-દક્ષિણા. આમ, પ્રભુપરાયણ જીવન એટલે 'ઉપવાસ' અને શ્રાવણ મહિનો 'શ્રવણ' માટે જ છે. 'હરિ અનંત હરિ કથા અનંતા.' પ્રભુની મહિમાનું ગાયન, શ્રવણ અને નિદિધ્યાસન એટલે સાચાં અર્થમાં શ્રાવણની સાર્થક્તા.

બીજી વાત આપણે 'એક ટાણા' એટલે સવારે કેળાં, બટાકાની કાતરી. બપોરે આખુંયે ભોજન, સાંજે ફરીથી કેળાં, બટાકા, મગફળી, સાબુદાણાની ખીચડી અને રાત્રે સૂતાં પહેલાં ગરમ દૂધનો ગ્લાસ. તો આવાં એક વખતનાં કહેવાતાં ભોજનનો કોઈ અર્થ નથી. નિયમિત થતા ભોજન કરતાં વધુ બટાકા અને વધુ તળેલું કે ગળ્યું આપણે આવાં એક ટાણા અને ઉપવાસના દિવસોમાં ખાઈએ છીએ, જે સંપૂર્ણપણે સ્વાસ્થ્યને હાનિકારક છે.

ત્રીજું આ લેખ વાંચીને બટાકાની એક વેફરને ચીપિયાથી પકડીને તેને નીચેના છેડેથી સળગાવજો. જમીન ઉપર એક કોરો કાગળ રાખી જોશો તો જણાશે કે એક વેફરમાંથી ૧૯ થી ૨૦ ટીપાં તેલ ટપકે છે. આવું જ કાજુનું પણ ખરું !

'ઉપવાસ'થી પ્રભુ પ્રિત વધે, આત્મસંયમ વધે, ઇન્દ્રિય- નિગ્રહ થાય ત્યાં જ ઉપવાસની સાર્થક્તા. શનિવારનું એક ટાણું, સોમવારનું એક ટાણું, ગુરુવારનો ઉપવાસ, પ્રદોષનો ઉપવાસ, એકાદશીનો ઉપવાસનો હેતુ જ પેટ અને પાચનક્રિયા સાથે જોડાયેલ અંતઃસ્રાવ ગ્રંથિઓ કે આંતરડાંને આરામ આપવાની વાત છે. માટે જ આપણા વડીલો કહેતા કે, **'લંઘણમ્ પરમ ઔષધમ્'**. 'લંઘણ' એટલે અન્ન આહાર વગર રહેવું તે. આપણા મોટા ભાગના રોગોનું મૂળ કારણ આપણી ખાઉધરા વૃત્તિ જ છે. જીભ એક જ એવી ઇન્દ્રિય છે કે જે બે કાર્ય કરે છે. બાકી બધી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો બબ્બે હોવા છતાં એક જ કામ કરે છે. જ્યારે જીભ એક જ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બંને છે. તેથી જ તો કહ્યું છે કે, 'જેણે જીભ જીતી તેમણે જગ જીત્યું.'

શ્રાવણમાં ખાંડ નહીં ખાવાની બાધા લો. મીઠું (SALT) દિવસમાં એક જ વખત ભોજનમાં વાપરવાનું નક્કી કરો, તળેલું આ આખોયે મહિનો નહીં ખાવાનું પ્રણ લો. બટાકા-સૂરણ-અળવીનો આ ચોમાસા-ચાતુર્માસના ભોજનમાં નિષેધ કરો. સુખદ સ્વાસ્થ્ય અને દીર્ઘ આયુષ્યની આ ચાવી છે.

આ સિવાય જે ખૂબ આવશ્યક અને ગંભીર વાત કરવાની તે એ કે આપણે કેટલાંયે વર્ષોથી મહાદેવને ઘડા ભરી- ભરીને જળ ચઢાવીએ છીએ, પરંતુ ક્યારેય મન ચઢાવ્યું ? એક લોટાથી વધુ પાણી નહીં ચઢાવવાનું નક્કી કરો. બાકી જેટલા લોટા જળ ચઢાવવાનું મનમાં નક્કી કે ભાવ થાય તેટલી માળા વધુ કરો. જપથી શુદ્ધિ અને સિદ્ધિ બંને મળશે. આજે જગતમાં ચોપાસ પાણી માટે હાહાકાર થઈ રહ્યો છે ત્યારે આપણે આટલી સાદી-સીધી વાત પણ જો ન સમજીએ કે ધ્યાનમાં લઈએ તો આપણે માત્ર ઈશ્વર દ્રોહી જ નહીં, ઈશ્વરનાં સ્વરૂપ "વિશ્વ"ના પણ ગુનેગાર છીએ. સાવધાન થઈએ. શ્રાવણમાં જ્યારે 'ત્રીદલ'ની વાત આવે ત્યારે બીલ્વપત્રની વાત નથી, મન- બુદ્ધિ અને અહંકારને પ્રભુચરણે નિવેદિત કરવાનાં છે. શ્રી શંકરાચાર્યનાં શિવમાનસપૂજાનો અભ્યાસ કરો. માનસિક પૂજા સ્થૂળપૂજા કરતાં વધુ દિવ્ય અને ભવ્ય થશે. ભોળાનાથ સાથે વધુ તાદાત્મ્યતા આપશે, અને શ્રાવણને સાચા અર્થમાં સાર્થક કરશે.

**ૐ શાંતિ**

**- સંપાદક**

# યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગી - બ્રહ્મવાદિની મૈત્રેયી

ભારતની મિથિલાનગરીમાં જનક રાજા રાજ્ય કરતા હતા. તેઓ યુદ્ધવિદ્યામાં નિષ્ણાત હતા તેટલા જ બ્રહ્મવિદ્યામાં પણ પારંગત હતા. તેમણે એક વાર 'બહુદક્ષિણયજ્ઞ' નામે મોટો યજ્ઞ કર્યો. જેમાં પુષ્કળ દક્ષિણા આપવાની હોય છે. યજ્ઞ પૂરો થયો અને દક્ષિણા આપવાનો સમય થયો ત્યારે રાજા જનકે સભામાં બિરાજેલા સૌ બ્રાહ્મણો સમક્ષ હાથ જોડી કહ્યું : 'આપ સૌ વેદવિદ બ્રહ્મવિદ્ બ્રાહ્મણો છો. આપ સૌમાં કોણ મોટું ને કોણ નાનું તેની મને ખબર નથી, પરંતુ આપ સૌમાં જે શ્રેષ્ઠ હોય તેને હું દશ હજાર સોનામહોર સાથેની હજાર ગાય અર્પણ કરવા માગું છું. શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ કૃપા કરી મારી આ ક્ષુદ્ર દક્ષિણા ગ્રહણ કરો !' આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. કોઈ પોતાને શ્રેષ્ઠ કહેવાની હિંમત કરી શક્યું નહીં. આ સભામાં યાજ્ઞવલ્ક્ય ઋષિ પણ શિષ્યો સાથે હાજર હતા. સભામાં કોઈ ઊભું થતું નથી એ જોઈ તેઓ ધીરે ધીરે ઊભા થયા અને મેઘગંભીર સ્વરે પોતાના એક શિષ્યને સંબોધીને બોલ્યા : 'વત્સ સામશ્રવ, આ ગાયોને આપણા આશ્રમમાં હાંકી જા !' હવે બ્રાહ્મણોની ચમક ભાંગી. આટલી સહેલાઈથી તેઓ કોઈને શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ તરીકે સ્વીકારવા અને ગાયો લઈ જવા દેવા તૈયાર નહોતા. જુદા જુદા બ્રાહ્મણોએ તેમને યજ્ઞયાગ, યજ્ઞવિધિ અને ક્રિયાકાંડ વિષે ઉપરાઉપરી પ્રશ્ન પૂછ્યા અને તે બધાના યાજ્ઞવલ્ક્યે શાંતિથી જવાબ દીધા. આખી સભા તેમની જ્ઞાનમય અમૃતવાણી સાંભળી રહી. છેલ્લે વાચક્નુ ઋષિનાં પુત્રી ગાર્ગી ઊભાં થયાં, જેમણે વેદવિદ્યા, બ્રહ્મવિદ્યાનું અનુશીલન કર્યું હતું અને ઋષિસમાજમાં અને મોટી મોટી યજ્ઞસભાઓમાં તેમને નિમંત્રણ મળતું હતું. ગાર્ગીએ ઊભાં થઈને યાજ્ઞવલ્ક્ય ઉપર સીધો પ્રશ્નનો મારો ચલાવ્યો. તેમણે કહ્યું : 'હે યાજ્ઞવલ્ક્ય, આ પૃથ્વી શામાં ઓતપ્રોત છે ?'

યાજ્ઞવલ્ક્યે કહ્યું : 'જળમાં !'

ગાર્ગીએ પૂછ્યું : 'અને જળ ?'

યાજ્ઞવલ્ક્યે કહ્યું : 'જળ વાયુમાં !'

'અને વાયુ શામાં ઓતપ્રોત છે ?'

'અંતરીક્ષલોકમાં !'

'અંતરીક્ષલોક શામાં ઓતપ્રોત છે ?'

'ગંધર્વલોકમાં !'

'ગંધર્વલોક શામાં ઓતપ્રોત છે?'

'ચંદ્રલોકમાં !'

'ચંદ્રલોક શામાં ઓતપ્રોત છે ?'

'નક્ષત્રલોકમાં !'

'નક્ષત્રલોક શામાં ઓતપ્રોત છે ?'

'દેવલોકમાં !'

'દેવલોક શામાં ઓતપ્રોત છે ?'

'ઈન્દ્રલોકમાં !'

'ઈન્દ્રલોક શામાં ઓતપ્રોત છે ?'

'પ્રજાપતિલોકમાં !'

'અને પ્રજાપતિલોક શામાં ઓતપ્રોત છે ?'

'બ્રહ્મલોકમાં !'

પ્રશ્ન પૂછવાના ઉત્સાહમાં ગાર્ગીથી પુછાઈ ગયું :

'અને બ્રહ્મલોક શામાં ઓતપ્રોત છે ?'

આનો અર્થ એ થયો કે બ્રહ્મલોકથી મોટું કોણ છે તે કહો !

આ પ્રશ્ન સાંભળી યાજ્ઞવલ્ક્ય થોડા ઉશ્કેરાઈને બોલી ઊઠ્યા : 'ખબરદાર, ગાર્ગી ! બ્રહ્મની ઉપર કોણ એવું પૂછવાની તું હિંમત કરે છે ? પ્રશ્નની મર્યાદા તો સમજ !'

ગાર્ગીને પોતાની ભૂલ સમજાઈ અને શરમાઈને બેસી ગયાં. સભામાં એકદમ નિરાશા છવાઈ ગઈ. બધાંને થયું : 'શું યાજ્ઞવલ્ક્યને કોઈ નહિ હરાવી

શકે ?' વળી, પાછી સૌની નજર ગાર્ગી પર પડી ત્યારે ફરી ગાર્ગી ઊભાં થયાં અને સભા સામે જોઈને બોલ્યાં: 'આપ સૌ રજા આપો તો હું યાજ્ઞવલ્ક્યને બે પ્રશ્ન પૂછું અને જો તેઓ મારા આ બે પ્રશ્નના જવાબ આપી શકે તો જાણજો કે એમને કોઈ હરાવી શકે એમ નથી !' ગાર્ગીની વાત સાંભળી સૌએ તેમને ઉત્સાહ આપ્યો.

ગાર્ગીએ કહ્યું, 'હે યાજ્ઞવલ્ક્ય ! જે દ્યુલોકથી પણ ઊંચે છે, છતાં આ ભૂલોકની પણ નીચે છે, જે દ્યાવાપૃથિવી એટલે કે આ દ્યુલોક અને ભૂલોકની મધ્યમાં છે, જે ભૂત, ભવિષ્ય અને વર્તમાનરૂપે વિદ્યમાન છે તે શામાં ઓતપ્રોત છે?'

યાજ્ઞવલ્ક્યે તરત જવાબ દીધો : આકાશમાં !'

ગાર્ગીએ કહ્યું : 'ધન્યવાદ ! હવે હું બીજો પ્રશ્ન પૂછું છું : 'એ આકાશ શામાં ઓતપ્રોત છે ? એટલે કે આકાશતત્ત્વનું મૂળ તત્ત્વ શું છે?'

આકાશતત્ત્વનું મૂળતત્ત્વ એટલે સૃષ્ટિનું મૂળતત્ત્વ. યાજ્ઞવલ્ક્યને બ્રહ્મનું કોઈ રહસ્ય અજ્ઞાત નહોતું. તેમણે બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો હતો.

તેમણે ગાર્ગીના પ્રશ્નનો જવાબ દીધો : 'હે ગાર્ગી ! તારો આ પ્રશ્ન અક્ષરપુરુષ વિશે છે. એ અક્ષરપુરુષ નથી સ્થૂળ, નથી સૂક્ષ્મ ; નથી હ્રસ્વ, નથી દીર્ઘ ! નથી વાયુ, નથી આકાશ, નથી રસ, નથી ગંધ, નથી ચક્ષુ, નથી શ્રોત્ર નથી મન, નથી પ્રાણ ! તે સર્વવિશેષણશૂન્ય અને અદ્વિતીય છે. સૂર્ય-ચંદ્ર એ અક્ષરપુરુષની આજ્ઞામાં છે; દ્યુલોક અને ભૂલોક એની આજ્ઞામાં છે; નિમેષ, મુહૂર્ત, રાતદિન, પક્ષ, માસ, ઋતુ, વરસ બધું એની આજ્ઞામાં છે; બરફછાયા પહાડમાંથી પૂર્વમાં, પશ્ચિમમાં, ચારે દિશાઓ અને વહેતી નદીઓ પણ એની આજ્ઞામાં છે ! આમ સઘળે જે કંઈ છે તે બધું એ અક્ષરપુરુષની આજ્ઞામાં છે. એ અક્ષરપુરુષને કોઈ જોઈ શકતું નથી પણ એ સૌને જુએ છે; એને કોઈ સાંભળી શકતું નથી પણ એ સૌને જાણે છે. એ જ એકમાત્ર દ્રષ્ટા છે, એ જ એકમાત્ર શ્રોતા છે; એ જ એકમાત્ર જ્ઞાતા છે; એ જ એકમાત્ર વિજ્ઞાતા છે. એ અક્ષરપુરુષમાં આકાશ ઓતપ્રોત છે.'

હવે ગાર્ગીએ સભાજનો સામે જોઈને ઘોષણા કરી : 'હું યાજ્ઞવલ્ક્યને શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ જાહેર કરું છું.'

ગાર્ગીના આ નિર્ણયને કોઈએ પડકાર્યો નહિ; સૌએ એને માથે ચડાવ્યો. બધા જાણતા હતા કે ગાર્ગી જેને ન હરાવી શકે તેને કોઈ ન હરાવી શકે. હવે સૌએ યાજ્ઞવલ્ક્યને શ્રેષ્ઠ બ્રહ્મનિષ્ઠ તરીકે વધાવી લીધા. સઘળે આનંદ આનંદ થઈ રહ્યો. ગાર્ગી અને યાજ્ઞવલ્ક્યનો આ સંવાદ 'બૃહદારણ્યક ઉપનિષદ'માં મળી આવે છે.

યાજ્ઞવલ્ક્યઋષિ ગૃહસ્થાશ્રમી હતા. તેમને બે પત્નીઓ હતી-મૈત્રેયી અને કાત્યાયની. બંને પતિપરાયણ હતી. કાત્યાયની આશ્રમની ગૌશાળા, ખેતીવાડી, વૃક્ષ-વનસ્પતિ, ભોજનશાળા, રસશાળા વગેરે બાબતો પર ધ્યાન આપતી અને મૈત્રેયી આશ્રમના અધ્યાપનકાર્યમાં ઋષિને મદદ કરતી તથા યજ્ઞયાગમાં ભાગ લેતી. આમ, બ્રહ્મવિદ્યાનું અનુશીલન કરી તે પતિની સહધર્મિણી બ્રહ્મવાદિની બની રહી હતી. યાજ્ઞવલ્ક્યની કીર્તિ સાંભળી દૂર દૂરના દેશોમાંથી વિદ્યાર્થીઓ એમના આશ્રમમાં વિદ્યા પ્રાપ્ત કરવા આવતા. આમ, વર્ષો વીતી ગયાં. ઋષિ હવે વૃદ્ધ થયા હતા. તેમને થયું કે હવે ગૃહસ્થ જીવન પૂરું થયું, હવે સંન્યાસ લેવો જોઈએ. પોતાની પાછળ સ્ત્રીઓને કંઈ તકલીફ ન પડે અને તેમનો સંપ જળવાઈ રહે એ માટે એમણે પોતાની સંપત્તિ બંનેને વહેંચી આપવાનું નક્કી કર્યું. તેમણે પહેલાં કાત્યાયનીને વાત કરી, તેની સંમતિ લીધી.

પછી તેમણે મૈત્રેયીને બોલાવીને કહ્યું : 'હવે હું સંન્યાસ લેવા ચાહું છું. તમારા સંસારનાં સુખ-શાંતિ નષ્ટ ન થાય એટલા માટે હું આજે જ મારી બધી સંપત્તિ તમને બંનેને સરખા ભાગે વહેંચી આપું છું.' મૈત્રેયી વિચાર કરતી હતી કે માણસ કોઈ વસ્તુનો ત્યાગ, તેનાથી વધારે સારી વસ્તુ મળે તો જ કરે છે, માટે મારા પતિ આજે

સંસારનો ત્યાગ કરે છે તે કોઈ વધારે સારી વસ્તુ માટે જ કરતા હોવા જોઈએ.

તેમણે ઋષિને કહ્યું : 'દેવ ! કૃપા કરીને મને કહો, ધન-ધાન્યથી ભરેલી આખી પૃથ્વી માણસને મળે તો એ મૃત્યુના દુઃખ-ક્લેશમાંથી છૂટે ખરો ? એને અમૃતત્વ મળે ખરું ?' येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम्। (બૃહદારણ્યક ઉ. ૪.૫.૪) ઋષિએ જવાબ દીધો: 'ના, ધન દ્વારા કદી અમૃતત્વ મળતું નથી. ધન ધાન્ય, સોનું-રૂપું અને હીરા-મોતીથી ભરેલી આખી દુનિયાની તું માલિક બને તોયે મૃત્યુ તને નહિ છોડે ! ધન દ્વારા અમૃતત્વની આશા રાખવી તે મિથ્યા છે.'

તરત મૈત્રેયીએ કહ્યું : 'હું અમૃતત્વ પસંદ કરું છું – જેનાથી અમૃતત્વની પ્રાપ્તિ થાય તે રાહ મને બતાવો ! હું તમારી પાસે એ જ માગું છું.'

આ સાંભળી ઋષિ ઉત્સાહમાં આવી ગયા. ગૂઢ જ્ઞાનની વાત સાંભળનાર કોઈ વિરલ હોય છે. આજે એમને એવી વિરલ શ્રોત્રી મળી હતી. એમણે બોલવા માંડ્યું : 'મૈત્રેયી, આ જગતમાં પતિ કહો, પત્ની કહો, પુત્ર કહો, દેવો કહો, સ્વર્ગ કહો કે દેવતા કહો, ગમે તે કહો, બધુંયે પોતાની ખાતર, પોતાના આત્માની પ્રસન્નતા ખાતર જ માણસને પ્રિય છે. એના દ્વારા કે એના વડે આપણે આપણા પોતાના આત્માને શોધતા હોઈએ છીએ. તેથી આપણને તે પ્રિય છે. આપણા અંતરાત્મા ખાતર જ આપણે સૌને ચાહીએ છીએ. આપણા પ્રેમનો પાયાનો હેતુ આ છે.'

'એટલા માટે હું કહું છું, મૈત્રેયી કે એ આત્મા એ જ એક ચીજ દર્શન કરવા જેવી, શ્રવણ કરવા જેવી, ચિંતન કરવા જેવી અને ધ્યાન કરવા જેવી છે. એ આત્મા, એ અંતરાત્માનું દર્શન, શ્રવણ, ચિંતન અને સાક્ષાત્કાર થાય, એનું જ્ઞાન થાય ત્યારે સમસ્ત વિશ્વ બ્રહ્માંડનું જ્ઞાન થઈ જાય છે. પછી કંઈ જાણવાનું બાકી રહેતું નથી. એ આત્માને જાણ્યો એણે સર્વ કંઈ જાણ્યું !'

થોડીવાર અટકી ઋષિએ આગળ બોલવા માંડ્યું : 'લીલાં ઈંધણથી દેવતા કરીએ તો ચારે દિશાએ ધુમાડો થાય છે. તેવી રીતે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, ઈતિહાસ, પુરાણ, ઉપનિષદ વગેરે બધી વિદ્યાઓ અને બધાં શાસ્ત્રો આ આત્માનો નિઃશ્વાસ છે. જેવી રીતે બધી નદીઓનાં પાણી સમુદ્રમાં ઠલવાય છે અને સમુદ્રમાં રહે છે તેવી રીતે આ બધીયે સૃષ્ટિનું એકમાત્ર અને અંતિમ આશ્રયસ્થાન આત્મા છે. આ બધીયે સૃષ્ટિ જેમાંથી ઉત્પન્ન થાય છે તેમાં જ લય થાય છે.'

'મૈત્રેયી, જે હું કહું છું તે પ્રત્યક્ષ અનુભવ પરથી કહું છું. આત્મા અવિનાશી છે. એને નથી જન્મ કે નથી મૃત્યુ. તે સર્વ તંત્ર – સ્વતંત્ર છે. એ એક ને અખંડ છે. જીવાત્મા જ્યારે શરીર છોડે છે ત્યારે શરીરની મર્યાદાઓથી મુક્ત થઈ જાય છે. અને પરમ ચૈતન્યમાં લય પામે છે તે પછી જીવાદિનું અલગ અસ્તિત્વ રહેતું નથી.'

મૈત્રેયીએ કહ્યું : 'અલગ અસ્તિત્વ નથી રહેતું, એટલે ?'

ઋષિએ કહ્યું, 'જ્યાં આત્મા અને હું બે જણ છીએ, એટલે કે જ્યાં દ્વૈતબુદ્ધિ છે ત્યાં જ એક જણ બીજાને જુએ છે, સાંભળે છે, બોલે છે, સૂંઘે છે, સ્પર્શે છે, ઓળખે છે, પરંતુ જ્યાં બધું જ આત્મા થઈ જાય છે ત્યાં કોણ કોને જુએ અને શેના વડે જુએ ? હવે જે છે તે एक छे, एकमेव अद्वितीयं।'

મૈત્રેયીના મનનો અંધકાર હટી ગયો, તેનું મન નિર્ભય, નિઃસંશય બની ગયું. તે સમજી ગઈ કે અમૃતનો સાગર દૂર નથી, નજીક છે, ખૂબ નજીક છે– મારી અંદર જ છે, મારો આત્મા એ જ છે પરમ અમૃત ! એ આત્માનાં દર્શન થાય પછી નથી કોઈ પુરુષ, નથી કોઈ સ્ત્રી, નથી કોઈ પતિ, નથી કોઈ પત્ની, નથી દેહ કે નથી મન ! તે મનમાં બોલી ઊઠી : 'ઓહ ! હું જ એ અમૃતમય પુરુષ છું !'

આશ્રમની સંપત્તિ બધી કાત્યાયનીને સોંપી મૈત્રેયી હળવીફૂલ બની સંન્યાસિની થઈ રહી અને પતિ સાથે ચાલી નીકળી.

# સંત તિરુવલ્લુવર

એક ગરીબ વણકર પોતે વણેલું કાપડ લઈને રસ્તામાં વેચવા બેઠો હતો. એવામાં એક શ્રીમંત યુવાન ત્યાં આવ્યો. એણે વણકરને કહ્યું : 'બતાવ તારું કાપડ !' વણકરે યુવાનને કાપડ આપ્યું. કાપડ ખૂબ સુંદર વણાયું હતું પણ યુવાનને પોતાની શ્રીમંતાઈનો અહંકાર હતો. એણે કાપડના ફાડીને બે ટુકડા કરી નાખ્યા. વણકર કંઈ બોલ્યો નહિ. યુવાન જુસ્સામાં આવ્યો. એણે બેના ચાર ટુકડા કરી નાખ્યા. તોયે વણકર કંઈ બોલ્યો નહિ. યુવાને કાપડની ચીંદરડીઓ ઉડાડી. પછી મૂઠો ભરીને પૈસા એણે વણકરના ખોળામાં નાખ્યા. હવે વણકર બોલ્યો. તેણે કહ્યું : 'તમે કાપડ લીધું નથી એટલે હું પૈસા નહિ લઉં.'

યુવાન ભોંઠો પડી સાંભળી રહ્યો. વણકરે કહ્યું : 'યુવાન, ભગવાને આપેલી જિંદગી મહામૂલી છે. આ કાપડની પેઠે ચીંદરડીઓ કરી એને વેડફી ન નાખતો !' યુવાન આ બોલ સાંભળી ચમક્યો. તેને ખાતરી થઈ ગઈ કે આ કોઈ સાધારણ વણકર નથી. એનો ઘમંડ ઊતરી ગયો. એ વિનયપૂર્વક એની સામે બેઠો.

આ વણકર તે સંત તિરુવલ્લુવર. દક્ષિણ ભારતના તેઓ મહાન સંત ગણાય છે. તેઓ ઈસુની બીજી સદીમાં થઈ ગયા. કેટલાક વિદ્વાનોના કહેવા પ્રમાણે તેઓ ઈસુ પૂર્વેની પહેલી સદીમાં થઈ ગયા. એક વાર કેટલાક સજ્જનો તેમને મળવા ગયા. તેમણે પ્રશ્ન પૂછ્યો: 'ગૃહસ્થાશ્રમ સારો કે સંન્યાસાશ્રમ ?' તિરુવલ્લુવરે તરત પત્નીને બૂમ પાડી : 'જરા દીવો લાવજો, મારે સોયમાં દોરો પરોવવો છે.' પેલા ગૃહસ્થ વિચારમાં પડી ગયા કે આ કેવો માણસ ! ભરબપોરે દીવો મગાવે છે ! તેમને થયું કે પત્ની હમણાં કંઈ સંભળાવશે, પણ એ તો દીવો લઈને આવી અને તિરુવલ્લુવરે હસીને એને આવકારી. પછી તિરુવલ્લુવરે ગૃહસ્થને કહ્યું : 'પતિ-પત્નીને એકબીજા પર આવો વિશ્વાસ હોય તો ગૃહસ્થાશ્રમ જેવું સુખ બીજે ક્યાંય નથી !'

સંત તિરુવલ્લુવર અહિંસાના સમર્થક હતા. અહિંસાના સમર્થનમાં તેમણે કહેલા શબ્દો કાયમ હૈયે કોતરી રાખવા જેવા છે. માંસાહાર સંબંધી તેઓ કહે છે : 'તમારા શરીરનું માંસ વધારવા બીજાના શરીરનું માંસ કાઢીને ખાવું એ શું સજ્જનનું લક્ષણ છે ? જીવતાને મારી એને મડદું કરીને ખાવું અને આપણા શરીરમાં એની કબર કરવી એ શું બુદ્ધિશાળીનું કામ છે ?'

સંત તિરુવલ્લુવર સંત હતા, કવિ હતા, વિચારક હતા. તેમણે તમિળ ભાષામાં 'તિરુક્કુરળ' નામે ગ્રંથ લખ્યો છે. તમિળ ભાષાનો એ પ્રાચીનમાં પ્રાચીન કાવ્યગ્રંથ ગણાય છે. વિશ્વના ઉત્તમ ગ્રંથોમાં એની ગણના થાય છે, એમાંથી એમની વાણી સંકલિત કરીને આપી છે.

- **ધર્મ**-દુષ્ટ વિચારોથી મનને મુક્ત રાખવું એનું નામ ધર્મ. બાકી બધો દેખાવ અને ઘોંઘાટ !
- **સુખ**-સદાચરણનું સુખ તે જ ખરું સુખ છે. બાકી બીજાં સુખોમાં અંતે શરમથી નીચું જોવાનું થાય છે. આંબો ઊગશે સમજીને વાવીએ અને બોરડી ઊગે તો સમજવું કે તે કેરીનો ગોટલો ન હતો પણ બોરનો ઠળિયો હતો.
- **તપ** - માથે પડેલું દુઃખ ધીરજથી સહેવું અને બીજાને દુઃખ થાય તેવું કંઈ ન કરવું એનું નામ તપ.
- **અહિંસા** - તમારો જીવ જેમ તમને વહાલો છે તેમ બીજાનો જીવ બીજાને વહાલો છે, માટે તમારા વહાલા જીવ ખાતર પણ બીજાનો વહાલો જીવ ન લેશો.
- **કરુણા** - પરલોકના સુખનો આધાર કેવળ કરુણા પર છે. ગયેલું ધન કદાચ પાછું મળે પણ કરુણાની તક ગઈ તો એ ગઈ જ !

- **ગૃહસ્થ અને સંન્યાસી** – ગૃહસ્થ ઉપર તો સંન્યાસીનો આધાર છે. ગૃહસ્થ પોતાનો ધર્મ સમજે છે, તેથી તો આશ્રમવાળાઓ પોતાના ધર્મનું પાલન કરી શકે છે. સ્વધર્મનિષ્ઠ ગૃહસ્થનું આસન સ્વર્ગના દેવો જોડે બિછાવાઈ ચૂક્યું હોય છે.
- **વાણીની સચ્ચાઈ** – દુનિયામાં કોઈને અન્યાય ન કરે એનું નામ વાણીની સચ્ચાઈ.
- **સત્યનો પ્રકાશ** – જળથી બહારની શુદ્ધિ થાય છે તેમ સત્યથી અંતરની શુદ્ધિ થાય છે. સંતો સત્યના પ્રકાશમાં ચાલે છે, તેમને માર્ગમાં બીજા કોઈ દીવાની જરૂર રહેતી નથી.
- **સ્વર્ગની સમીપ** – શંકાનાં જાળાંમાંથી જે બહાર નીકળી આવ્યો તે આ ધરતી પર ઊભેલો છતાં, ધરતી કરતાં સ્વર્ગની વધારે નજીક છે.
- **સાક્ષાત્કારની કામના** – કામ-ક્રોધ અને લોભ ત્રણેયને ઉખાડીને ફેંકી દો એટલે એની સાથે દુ:ખ ગયું સમજો.
- **કામના એક વાતની રાખો** – મુક્ત થવાની ! બીજી બધી કામનાઓનો ત્યાગ કરો તો આ એક કામના પૂરી થાય.
- **ક્રોધ અને અક્રોધ** – ગુસ્સાની સગવડ હોય છતાં ગુસ્સો ન કરો તો એ અક્રોધ ગણાય. તો તમે બળવાન ગણાઓ. ક્રોધ બધાં પાપનું મૂળ છે. ક્રોધ આનંદ-ઉલ્લાસનો નાશ કરે છે. એવા દુશ્મનને તમે આશરો આપશો ? ક્રોધ નહિ કરવાથી કામ વહેલું અને સારી રીતે સિદ્ધ થાય છે.
- **ગંદા માણસની સામે સારું કરો** – માણસ પૃથ્વીને વીંધે છે તોયે પૃથ્વી માણસને ધારણ કરે છે. તમે પણ ગંદા માણસની સામે સારું કરો. સામો ઘા કરવાથી ક્ષણિક સંતોષ થશે, પણ નહિ કરવાથી સદા કાળનું સુખ મળશે. માટે ડાહ્યા માણસે મોટા સુખ ખાતર નાનું સુખ જતું કરવું.
- **લોભ અને ઈર્ષ્યા** – લોભરહિત મન એ માણસની મોટામાં મોટી મૂડી છે. ઈર્ષ્યાળુ માણસના સુખનો નાશ કરવા માટે બહારના કોઈ દુશ્મનની જરૂર નથી. એની ઈર્ષ્યા જ એ કામ કરશે.
- **અનીતિ એ જ અનિષ્ટ** – સતના માર્ગે ચાલનારો માણસ એવી સંપત્તિ પ્રાપ્ત કરશે, જે પેઢી-દરપેઢી એનાં બાળકોને પહોંચશે અને વિપત્તિ વેળા એને રક્ષશે. અનીતિના માર્ગે સંપત્તિના ઢગલા થતા દેખાશે પણ એનાથી છેતરાતા નહિ. અનીતિ એ જ અનિષ્ટ છે.
- **વિદ્યા** – વિદ્યા માણસને બીજાનાં દુ:ખ-દર્દની પીડા પોતાના શરીરમાં ને મનમાં અનુભવતાં શીખવે છે અને એવી પીડા કરવામાંથી દૂર રહેવાનું બળ આપે છે.
- **પિતા પ્રત્યે પુત્રનું કર્તવ્ય** – પિતા પ્રત્યે પુત્રનું કર્તવ્ય એ કે પુત્રે એવી રીતે જીવવું કે જગત એને જોઈને એના પિતાને પૂછે કે કઈ તપસ્યાના લીધે તમને આવો પુત્ર સાંપડ્યો ?
- **આત્મા પંખી, શરીર એનો માળો** – અજબ છે આ દુનિયા ! ગઈ કાલે અહીં જે માણસ હતો તેનો આજે અહીં ક્યાંય પત્તો નથી. આત્મા પંખી જેવો છે ને શરીર પંખીના માળા જેવું છે. પંખી આકાશની સહેલ માણવા લહેરથી માળો છોડી ઊડી જાય છે.
- **આત્મા પથિક છે** – આત્માને ઘર શું ? એ તો ઘરબાર વગરનો પથિક છે. આત્મા શરીરમાં થોડી વખત મુકામ કરે છે ને પછી ચાલ્યો જાય છે. માટે જીભ ઝલાઈ ન જાય ત્યાં સુધીમાં જે કંઈ શુભ થઈ શકે તે વિના વિલંબે કરી નાખવું.
- **પ્રેમ** – જેના દિલમાં પ્રેમ નથી એ સૂરજના તાપમાં કીડો સુકાઈ જાય તેમ સુકાઈ જશે. બહેરી-આંધળી વ્યક્તિને બાહ્ય આંખ-કાન હોય તોયે નકામાં, તેવી રીતે હૃદયમાં પ્રેમ ન હોય, કોમળતા ન હોય તો ગૃહસ્થનું ગૃહસ્થ જીવન નકામું અને નિષ્પ્રાણ સમજવું. પ્રેમ વગરનું શરીર એટલે ચામડાથી મઢેલાં કેવળ હાડકાં ! પ્રેમ એ જ જીવનનું રસાયન છે.

- **દાન** - પરલોકમાં સત્કર્મોનો બદલો ન મળવાનો હોય તો પણ દાન કરવું એ સારું છે. શાસ્ત્ર કે ધર્મની દુહાઈ ખાતર નહિ પણ દાન ખાતર દાન કરો. સત્કર્મ ખાતર નહિ, આત્મિય આનંદ ખાતર !
- **સાચું ધન : મનોબળ** - માણસમાં દૃઢ મનોબળ હોવું જોઈએ. એ જ સાચું ધન છે. હંમેશાં ઊંચે ચઢવાનો વિચાર કરો. કદાચ ધ્યેય સિદ્ધિ નહિ થાય તો પણ ઉન્નત વિચારો તમને ઉન્નત બનાવશે.
- **રંગેલી માટીની પૂતળી** - અજ્ઞાની માણસ ખારી ભોંય જેવો છે. રૂડો-રૂપાળો માણસ પણ જો વિદ્યાથી અલંકૃત ન હોય તો તેને રંગેલી માટીની પૂતળી જેવો સમજવો. એ જીવે ન જીવે, બધું સરખું.
- **હસો જ હસો !** - જે માણસ હસી શકતો નથી તેના માટે આવડી મોટી દુનિયા ધોળા દિવસે પણ અંધકારમય છે. જે માણસનું અંતર સંવેદનશીલ નથી, તે માત્ર કઠપૂતળી જેવો છે. તમારા દેશના ગૌરવ માટે જો તમે મન મૂકીને કામ કરશો તો તમારા કામનું તમે નહિ કલ્પ્યું હોય તેવું સરસ પરિણામ આવશે.

# મહાયોગી મિલા-રેપા

યોગી મારપા ગૃહસ્થાશ્રમી હતા અને યોગમાર્ગમાં ઘણા આગળ વધેલા હતા. અનેક વાર ભારતનો પ્રવાસ કરી તેઓ અસંખ્ય ગ્રંથ ભારતમાંથી તિબેટમાં લાવ્યા હતા અને તેના તિબેટી ભાષામાં અનુવાદ કર્યા હતા. આ યોગી મારપાના શિષ્ય મિલા-રેપા તિબેટના મોટામાં મોટા યોગી ગણાય છે. તેમના જન્મનું વર્ષ ઈ.સ.૧૦૫૨ ગણાય છે.

મિલા-રેપાના વડદાદા ચમત્કારિક શક્તિઓ ધરાવતા હતા. એક કુટુંબમાં પ્રેતનો ભયાનક ઉપદ્રવ હતો. મિલા-રેપાના વડદાદાને બોલાવવામાં આવ્યા. તેમને જોતાં જ પ્રેતે બૂમ પાડી : 'મિલા, મિલા, તું મારો બાપ છે, તું મારી મા છે !' મિલા એટલે માનવી ! આ પરથી કુટુંબની અટક મિલા પડી ગઈ. રેપા એટલે સુતરાઉ સફેદ ઉપરણો. માણસના જઠર જેવી સાંકડી ને છૂપી હિમાલયની કંદરામાં માત્ર એક પાતળા સફેદ વસ્ત્ર પર એ રહેતા. તેથી તેઓ રેપા કહેવાયા. મિલા-રેપા જેવી તપસ્યા કરનારા એમના યોગી શિષ્યો પણ આ 'રેપા' ઉપાધિથી વિભૂષિત છે.

મિલા-રેપાના પિતાનું નાની વયે અવસાન થયું. મરતી વખતે તેમણે પોતાનાં ભાઈ-બહેનને પોતાની બધી મિલકત સાચવવા સોંપી હતી. મિલા-રેપા તે વખતે સાત વર્ષના હતા અને એમની બહેન ત્રણ વર્ષની હતી. પણ કાકા-ફોઈએ બધી મિલકત પડાવી લીધી. મિલા-રેપા પંદર વર્ષનો થયો ત્યારે તેની માતાએ આગેવાનોને ભેગા કરી પોતાની મિલકત પાછી માગી પણ કોઈએ એને ટેકો આપ્યો નહિ. એની માતાને ગુસ્સો આવ્યો અને આવેશમાં એણે મિલા-રેપાને કહ્યું : 'એવી વિદ્યા ભણ કે તારા કાકા અને ફોઈનો વંશવેલો નાબૂદ થઈ જાય !' ચોટ બરાબર લાગી. મિલા-રેપા ઘર છોડી નીકળી ગયો અને મેલી વિદ્યા શીખવી શકે એવા ગુરુ શોધી કાઢી એની દિવસ-રાત સેવા-ચાકરી કરી એને પ્રસન્ન કર્યા. ગુરુએ એને મંત્ર ભણી દુશ્મનોનું મોત નીપજાવવાની તથા હિમ વરસાવી પાકનો નાશ કરવાની વિદ્યા શીખવી. થોડા દિવસ પછી મિલા-રેપાના કાકાના ઘેર લગ્નની જ્યાફત ચાલતી હતી ત્યારે એણે મંત્રસાધનાથી એમનું ઘર તોડી પાડ્યું અને તેમાં કાકાના બધા દીકરાઓ મરી ગયા. આ પછી મંત્ર ભણી હિમવર્ષા કરી દુશ્મનોનાં ખેતરોનો ઊભો પાક બાળી નાખ્યો. પણ પછી મિલા-રેપાને પોતાના કૃત્યનો પસ્તાવો થયો. તેવામાં એક સંતે તેને કહ્યું : 'વિદ્યા તો એકમાત્ર યોગવિદ્યા અને ગુરુ તો એકમાત્ર મારપા !

ભારતમાં જઈને એ યોગવિદ્યા ભણી આવ્યા છે.' મારપાનું નામ સાંભળી મિલા-રેપાનું મન હાથ ન રહ્યું. એ મારપાને મળવા ચાલ્યો. રસ્તામાં એક ખેતરમાં એક માણસને ખેતર ખેડતો જોઈ તેને મારપા વિશે પૂછ્યું. એ ખેડૂતે કહ્યું : 'તું મારા વતી ખેડ કરે તો હું તને મારપા બતાવું.' મિલા-રેપાએ ઉત્સાહથી ખેડ કરી. પછી એણે જોયું તો એ ખેડૂત પોતે જ મારપા હતો. હવે મિલા-રેપાની કઠોર તપસ્યા શરૂ થઈ. રાત-દિવસ એણે ગુરુ-આજ્ઞાનું પૂરેપૂરું પાલન કરવા માંડ્યું. દિવસો જતા હતા. મિલા-રેપાને ઘણીવાર થતું કે ગુરુ હજુ જ્ઞાન આપતા નથી. ત્યારે ગુરુ કહેતાઃ 'મારી બધી સંપત્તિ સાફ કરી જીવના જોખમે હું ભારતમાંથી જે સત્ય વિદ્યા શીખી લાવ્યો છું તે તારે તારાં આ દુષ્કર્મોના ઈનામ તરીકે લેવી છે ? જા, તેં જે પાપો કર્યાં છે તે ધોઈ આવ, જે ખેડૂતોના પાકનો તેં નાશ કર્યો છે તે એમને પાછો આપી આવ, એ પછી હું તને ભારતની પવિત્ર વિદ્યા શીખવીશ.' આ સાંભળી મિલા-રેપા ખૂબ રડ્યો.

એક વાર ગુરુએ તેને મકાન બાંધી આપવા કહ્યું. મિલા-રેપા મકાન બાંધવામાં લાગી ગયો. રાત-દિવસ પાટડા ને પથરા પોતાની પીઠ પર ઊંચકીને લાવે, બાંધકામ માટે પાણી પણ પોતે જ દૂરથી ભરી લાવે. અડધું મકાન બંધાય એટલે ગુરુ તે તોડાવી નાંખે, ફરી બીજું-ત્રીજું-ચોથું બાંધવા માટે કહે. એના બરડામાં ઘારાં પડી ગયાં હતાં ને અસહ્ય વેદના થતી હતી. મકાન પૂરું થવા આવ્યું ત્યાં એણે ગુરુને વિનંતી કરી કે મને હવે જ્ઞાનદીક્ષા આપો. ગુરુએ એને માથાના વાળ પકડીને ખેંચ્યો ને લાત મારી કહ્યું, 'ભારતની પવિત્ર વિદ્યા મફતમાં લેવી છે ? એમ તો ઘણાં ઘોડા-ગધેડાંની પીઠ ચાંદાં પડવાથી સડી જાય છે. આ કાંઈ દુઃખ નથી. વિદ્યા માટે અમે જે દુઃખ સહ્યું છે એની આગળ આ કંઈ નથી.' ગુરુનો માર અને મહેણાં ખાઈ મિલા-રેપા એકલો એકલો ખૂબ રડે. પણ જ્ઞાનની જિજ્ઞાસા એટલી બધી હતી કે બધું સહન કરે. અંતે મિલા-રેપા હતાશ થઈ ગયો અને આપઘાત કરી જીવનનો અંત આણવાનું નક્કી કર્યું પણ ગુરુપત્નીએ એને સમજાવ્યો કે આપઘાત કરવો એના જેવું કોઈ પાપ નથી.

પણ હવે શિષ્યની કસોટી પૂરી થઈ હતી. ગુરુ મારપાએ એક મિજલસ ગોઠવી પોતાના તમામ શિષ્યને નિમંત્ર્યા ને એમાં મિલા-રેપાને મુખ્ય આસન પર બેસાડી જાહેર કર્યું, 'મારે એનાં પાપ ધોઈ કાઢવાં હતાં. તેથી મેં એની આકરી પરીક્ષા કરી. હવે એનાં પાપ ધોવાઈ ગયાં છે, મેં એને શુદ્ધ કાંચન જેવો બનાવવા આ મકાનો બાંધવાનું કહ્યું હતું. શિષ્યના આધ્યાત્મિક વિકાસ માટે, એના તન-મનની શુદ્ધિ માટે કેટલીક વાર એના પર આવા કઠોર થવું પડે છે.' પછી તેમણે મિલા-રેપાને કહ્યું, 'બેટા, તારા અહીં આવતાં પહેલાં જ હું જાણી ગયો હતો કે તું મારો સાચો શિષ્ય છે અને તેથી જ હું તને મળવા ખેતરમાં સામો આવ્યો હતો.'

એકાંત ગુફામાં બેસી મિલા-રેપાએ સાધના આદરી. માથા ઉપર સળગતો દીવો મૂકીને એ આસનવાળી ધ્યાનમાં બેસતો - રાત અને દિવસ અગિયાર મહિના એ ધ્યાનમાં બેઠો. ગુરુના સતત માર્ગદર્શન હેઠળ એની આ સાધના ચાલી. હવે ગુરુએ એને હિમાલયની ઊંડી કંદરામાં જઈ ધ્યાન-સાધના કરવાનું કહ્યું. મિલા-રેપા હવે પોતાની માતાની વિદાય લેવા ઘરે આવ્યો. ત્યારે એણે જાણ્યું કે માતા આઠ વરસ પહેલાં મરણ પામી છે. સાત દિવસ-રાત એ ઘરમાં સમાધિ અવસ્થામાં રહ્યો. પછી માતાના અવશેષોની વિધિપૂર્વક સદ્‌ગતિ કરી ચાલી નીકળ્યો.

ગુફામાં એકાંત ધ્યાનમાં બેઠો હતો ત્યાં એક વાર એને સ્વપ્ન આવ્યું કે એ જમીન ખેડે છે પણ જમીન કઠણ હોઈ ખેડાતી નથી. એ ખેડવાનું છોડી દેવાનું વિચારતો હતો ત્યાં એના ગુરુ મારપા પ્રગટ થયા. તેમણે કહ્યું, 'બેટા, હતાશ ન થા. જમીન ગમેતેટલી કઠણ હશે, તોયે ખેડાવાની છે. તું જીતવાનો છે. આ સ્વપ્નમાંથી મિલા-રેપાને ખૂબ બળ મળ્યું. એણે સંકલ્પ કર્યો કે આ જન્મમાં જ પૂર્ણત્વ પ્રાપ્ત કરવું. ભૂખે મરી જાઉં તો ભલે

પણ હવે હું કોઈ મનુષ્યના વસવાટમાં નહિ જાઉં કે ક્યાંય ભિક્ષા નહિ માગું. ખોરાકના અભાવે સુકાઈને તે સાવ હાડપિંજર બની ગયો. એની ચામડી લીલી પડી ગઈ. એના માથાના વાળ પણ લીલાશ પડતા થઈ ગયા. એક વાર કેટલાક શિકારીઓએ એની પાસે ખાવાનું માગ્યું પણ કંઈ ન મળવાથી શિકારીઓ ગુસ્સે ભરાયા અને તેને ઊંચકીને ફરી ફરી પછાડ્યો પણ મિલા-રેપા એમના પર ગુસ્સે ન થયો, ઊલટું એ લોકો માટે એને એટલી બધી લાગણી થઈ આવી કે એની આંખોમાંથી આંસુ ખર્યાં. એનામાં પરમ પુરુષની કરુણાનો ઉદય થયો હતો.

જે ફોઈએ એની બધી મિલકત પડાવી લીધી હતી તે અહીં ગુફામાં આવી રડી પડી. મિલા-રેપાએ એનું ઘર અને ખેતર જે કંઈ હતું તે બધું એને આપી દીધું. હવે તેના મનમાં સૌ પ્રત્યે કરુણા સિવાય બીજું કંઈ નહોતું. મિલા-રેપા મહાન યોગી બની ગયા હતા. એ પોતે કહેતા, 'મારામાં કોઈ પણ રૂપ ધારણ કરવાની અને આકાશમાં ઊડવાની શક્તિ આવી હતી. હું એકનાં અનેક રૂપ ધરી ફરી શક્તો હતો. હું મારા સ્થૂળ શરીરને અગ્નિરૂપે કે સાગરરૂપે ફેરવી શક્તો હતો પણ એ બધી ચમત્કારી શક્તિઓનું મને આકર્ષણ નહોતું. મારે બુદ્ધ થવું હતું મેં જીવનભર ધ્યાનસ્થ રહેવાનું નક્કી કર્યું હતું.'

ધીરે ધીરે મિલા-રેપાની ખ્યાતિ ફેલાતી ગઈ. એકલા મનુષ્ય નહિ, દેવો પણ મિલા-રેપાના શિષ્ય બન્યા હતા. હિમાલયની ગુફામાં પણ તેઓ કેવળ એક સફેદ પાતળું વસ્ત્ર (રેપા) શરીર પર રાખતા હતા. એકાંતમાં ધ્યાન, સાંસારિક પદાર્થો તરફ અનાસક્તિ, અપરિગ્રહ અને સર્વ પ્રત્યે કરુણા- મિલા-રેપાના ઉપદેશમાં આ ચાર વસ્તુઓ પર ખૂબ ભાર મૂકવામાં આવે છે. કર્મ અને પુનર્જન્મની સમજણને તેઓ ખૂબ મહત્ત્વ આપે છે. ગુરુભક્તિનો તેમણે અપાર મહિમા ગાયો છે.

તેઓ કહે છે : 'શુભ સંકલ્પથી દુષ્કર્મના વેગને ટાળી શકાય છે. કર્મનાં ફળ ભોગવવા માણસને જન્મવું પડે છે. ધર્મધ્યાન દ્વારા એકનું દર્શન થતાં સર્વનું દર્શન થશે ત્યારે તમારાં કર્મનો અંત આવશે. દુઃખને આગળ વધવાનું સાધન સમજજો, મરણને પણ ! દુશ્મનોને મિત્રો બનાવજો. વેર એ ઝેર છે, એનાથી દૂર રહેજો. સ્વાર્થ માટે કોઈ જ સાધના ન કરશો.' મિલા-રેપાએ અસંખ્ય સ્તોત્ર, ભજનો, ગુરુસ્તવન લખ્યાં છે. મિલા-રેપા કહે છે, 'ગુરુ સાચે જ ઈશ્વરીય શક્તિનું પ્રગટ રૂપ છે. શિષ્યનાં પાપને બાળી ભસ્મ કરવાની ગુરુ તાકાત ધરાવે છે.' ઈ.સ. ૧૧૩૫માં ૮૪ વર્ષની વયે એમણે દેહ છોડ્યો. એમની ચિતાએ આઠ પાંખડીવાળા કમળનો આકાર ધારણ કર્યો હતો. સળગતી ચિતામાંથી બેઠા થઈને મિલા-રેપાએ છેલ્લો ઉપદેશ આપ્યો. પછી ફરીને એ ચિતામાં સમાઈ ગયા. હવે ચિતાએ વિહારનો આકાર ધારણ કર્યો હતો. એમણે ભારતની યોગવિદ્યાનું ચરમ શિખર સર કર્યું હતું.

# શ્રી રામાનુજાચાર્ય

મદ્રાસથી કાંચી જવાના માર્ગ પર આવેલા એક નાના ગામમાં ઈ.સ. ૧૦૧૭માં એક બાળકનો જન્મ થયો. એના મામા ભગવાન શ્રી રામના ભક્ત હતા. તેમણે કહ્યું, ''આ છોકરાનું નામ પાડો લક્ષ્મણ !'' લક્ષ્મણ એટલે રામનો નાનો ભાઈ - રામનો અનુજ - રામાનુજ. બાળક રામાનુજ તરીકે ઓળખાયો.

રામાનુજ નાનપણથી જ જ્ઞાનપિપાસુ હતા. યાદવ પ્રકાશ નામે ગુરુ પાસે એ વેદાંતનો અભ્યાસ કરતા હતા. એક વાર તૈત્તિરીય ઉપનિષદનો પાઠ ચાલતો હતો અને ગુરુ 'સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ' મંત્રનો અર્થ સમજાવતા હતા. રામાનુજને ગુરુએ કરેલો અર્થ બરાબર ન લાગ્યો. તેણે બીજો અર્થ કર્યો. ગુરુ ગુસ્સે થઈ

ગયા. તેમણે કહ્યું, 'મારે તને ભણાવવો નથી, ચાલ્યો જા અહીંથી !' એક પણ અક્ષર બોલ્યા વિના રામાનુજે ગુરુનું ઘર છોડ્યું.

શ્રીરંગમ્‌માં રંગનાથ ભગવાનના ભક્ત યમુનાચાર્ય વૃદ્ધ થયા હતા. દેહત્યાગ કરતાં પહેલાં તેમણે શિષ્યને ભેગા કરી કહ્યું હતું, 'મારા પછી રામાનુજ મારું કામ ઉપાડી લેશે. બોલાવો એને!' યમુનાચાર્યજીનો સંદેશો મળતાં રામાનુજ ત્યાં આવી પહોંચ્યા પણ એ પહેલાં યમુનાચાર્યજીએ દેહ છોડી દીધો હતો. રામાનુજે આચાર્યના મૃતદેહનાં દર્શન કર્યાં. તેમણે જોયું તો આચાર્યના જમણા હાથની ત્રણ આંગળીઓ મૂઠીની પેઠે વળેલી હતી. આચાર્યના શિષ્યને તેનું રહસ્ય પૂછ્યું ત્યારે શિષ્યોએ કહ્યું, 'ગુરુજીના જીવનમાં ત્રણ આકાંક્ષાઓ હતી. તેમાં સૌથી મોટી આકાંક્ષા લોકો સમજે તેવી ભાષામાં બ્રહ્મસૂત્રની ટીકા લખવાની હતી.' એ સાંભળી રામાનુજ તરત બોલી ઊઠ્યા, 'હું એમની એ ઈચ્છાઓ પૂરી કરીશ.' આ શબ્દો બોલાયા કે તરત આચાર્યની મૂઠી ઊઘડી ગઈ.' શિષ્યોએ જયઘોષ કર્યો. તે પછી થોડા વખતમાં રામાનુજ સંસારનો ત્યાગ કરી સંન્યાસી થયા. શ્રી યમુનાચાર્યના શિષ્ય મહાપૂર્ણે તેમને શ્રી વૈષ્ણવધર્મનાં તત્ત્વો સમજાવ્યાં, 'ઈશ્વર એક છે. એ પરમ દયાળુ છે; એ સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે. એની સેવાપૂજામાં મનુષ્ય-જન્મનું સાર્થક્ય છે.' તે પછી રામાનુજ ગૌષ્ઠિપૂર્ણ નામે બીજા ગુરુની પાસે ગયા. દંડવત્ પ્રણામ કરી હાથ જોડી એમની સામે બેઠા. ગુરુએ કહ્યું, 'આજે નહિ !' કંઈ પણ બોલ્યા વગર રામાનુજ પાછા ફર્યા ને બીજા દિવસે ફરીથી ગયા. આજે પણ ગુરુએ કહ્યું, 'આજે નહિ.' એવું અઢાર વખત થયું. છેવટે ગુરુએ જોયું કે શિષ્યની લગન બરાબર છે એટલે ઓગણીસમા દિવસે એમણે એને 'ૐ નમો નારાયણાય' - એ ત્રણ શબ્દવાળો અષ્ટાક્ષરી મંત્ર આપ્યો અને કહ્યું, 'આ મંત્ર મહાશક્તિશાળી છે. એ ભક્તિ અને વૈરાગ્યને દૃઢ કરે છે અને અક્ષય સુખનું દાન કરે છે.' પછી તેમણે કહ્યું, 'ખબરદાર, અધિકારી વિના કોઈને આ રહસ્ય કહ્યું છે તો !'

મંત્રપ્રાપ્તિથી રામાનુજને આનંદ થયો પણ તેમનું મન વિચારે ચડ્યું, 'આવું પરમ સત્ય શા માટે ગુપ્ત રાખવું' ? બીજા દિવસે મંદિરના ગોપુરમ્ પર ચઢીને તેમણે લોકોને ભેગા કર્યા અને આ મંત્રના મહિમાની જાહેર ઘોષણા કરી. આ ખબર મળતાં ગુરુ ગોષ્ઠિપૂર્ણ રામાનુજ પર ગુસ્સે થયા. તેમણે તેને બોલાવી કહ્યું, 'તેં ગુરુની આજ્ઞાનો ભંગ કર્યો છે. તું ઘોર નરકમાં પડશે.' રામાનુજે કહ્યું, 'હું જાણું છું કે હું નરકમાં પડીશ, પરંતુ મંત્રપ્રાપ્તિથી કેટલા બધા લોકોનો ઉદ્ધાર થશે ! હજારોના ઉદ્ધાર ખાતર એક માણસ જો નરકમાં પડતો હોય તો ભલે પડે. પણ ગુરુજી, એ હજારોના ઉદ્ધારનું પુણ્ય આપને છે. આપને એ પુણ્ય મળે એટલા ખાતર મેં આપની આજ્ઞાનો ભંગ કર્યો છે.' રામાનુજના દિલમાં લોકો પ્રત્યેનો પ્રેમ જોઈ ગુરુ પ્રસન્ન થયા. એકદમ રામાનુજને ભેટી પડી એમણે કહ્યું, 'તેં મારી આંખ ઉઘાડી !'

સંન્યાસી તરીકે રામાનુજ રોજ સાત ઘેર ભિક્ષા માગતા અને ભિક્ષામાં જે મળે તે ખાઈ લેતા. એક દિવસ તેઓ શ્રીરંગમ્‌માં ભિક્ષા માટે ફરતા હતા ત્યાં કેટલાક છોકરાઓને તોફાન સૂઝયું. તેમણે ધૂળનું મંદિર કરી ભગવાનને ધૂળનો પ્રસાદ ધરાવ્યો. પછી રામાનુજને કહે, 'લો મહારાજ; ભગવાનનો પ્રસાદ !' રામાનુજે આનંદથી પ્રસાદનો સ્વીકાર કર્યો.

એક વાર રામાનુજ પોતાના એક ગરીબ શિષ્યને ઘેર જઈ ઊભા. શિષ્ય તે વખતે ભિક્ષા માગવા ગયો હતો. ઘરમાં સ્ત્રી એકલી હતી. તેણે ગુરુને દૂરથી આવતા જોઈ લીધા હતા પણ ઘરમાં ગરીબાઈ એટલી હતી કે લાજ ઢાંકવા પૂરતા વસ્ત્ર નહોતાં એટલે બારણાં પાછળ સંતાઈ એણે તાળી પાડી અને 'પધારો !' કહી સત્કાર કર્યો. રામાનુજ પરિસ્થિતિ પામી ગયા. તરત જ માથા પરનું કપડું ઉતારી તેમણે ઘરમાં નાખ્યું. એ કપડું શરીરે વીંટાળી સ્ત્રી બહાર આવી વિનયપૂર્વક ગુરુના પગમાં પડી. એટલામાં બાઈનો પતિ આવી પહોંચ્યો. આત્યંતિક ગરીબાઈમાં પણ જેમણે ભગવાનનું નામ છોડ્યું નથી એવા આ બંને ભક્તોને ગુરુએ આશીર્વાદ આપ્યા.

યજ્ઞેશ કરીને રામાનુજનો એક શ્રીમંત શિષ્ય હતો. શ્રીમંતને ધન-ઐશ્વર્યનો મદ હોય એ સ્વાભાવિક છે. રામાનુજે એને બીજા ભક્તોનાં કપડાં ધોવાનું કામ સોંપ્યું અને કહ્યું, 'કપડાંના મેલ ભેગો તારા મનનો મેલ પણ ધોવાઈ જશે.' શિષ્યે આનંદથી ગુરુ-આજ્ઞા માથે ચડાવી.

રામાનુજનો ઉપદેશ વિશિષ્ટાદ્વૈત તરીકે ઓળખાય છે. રામાનુજ કહેતા કે એકલું જ્ઞાન કે કર્મ બસ નથી, સાથે ભક્તિ જોઈશે. જ્ઞાન અને કર્મનું ફળ ભક્તિ છે. ભક્તિ દ્વારા જ મોક્ષ છે. આ સિદ્ધાંતના પ્રતિપાદન માટે તેમણે એક ગ્રંથ લખવાનો નિશ્ચય કર્યો. બ્રહ્મસૂત્રના 'શ્રીભાષ્ય'ની આમ શરૂઆત થઈ. ભાષ્ય લખાઈ ગયા પછી રામાનુજે પોતાના સિદ્ધાંતનો જોરશોરથી પ્રચાર કરવા માંડ્યો. એવામાં એક બનાવ બન્યો. રામાનુજ એક સ્થળે મંદિરની પ્રદક્ષિણા કરતા હતા ત્યાં રસ્તામાં એક હરિજન બાઈ ઊભી હતી. રામાનુજે કહ્યું, 'બાઈ, તું ખસ, મને રસ્તો આપ.' બાઈ ખસી નહિ. તેણે કહ્યું, 'ક્યાં ખસું ? અહીં તો મારી ચારે તરફ બધું જ પવિત્ર છે. મારા જેવી અપવિત્ર ખસીને ક્યાં જાય ?' આ અણધાર્યો જવાબ સાંભળી રામાનુજ સ્તબ્ધ થઈ ગયા. તેમણે કહ્યું, 'મને ક્ષમા કર, મા ! તું તો મારા કરતાં પણ વધારે પવિત્ર છે.'

પછી રામાનુજે દક્ષિણ ભારતનાં બધાં તીર્થોની યાત્રા કરી. તે પછી તેમણે મથુરા, વૃંદાવન, દ્વારકા, અયોધ્યા, બદરિકાશ્રમ, હિમાલય અને કાશ્મીરની તીર્થયાત્રા કરી. દક્ષિણ ભારતમાં તો ગામેગામ અને ઘરેઘરે રામાનુજ રામાનુજ થઈ ગયું હતું. અસ્પૃશ્યને ઊંચે લાવવા રામાનુજે અથાક પ્રયત્ન કર્યો છે. તમામ વર્ણના લોકો માટે તેમણે પોતાના સંપ્રદાયનાં બારણાં ખુલ્લાં મૂક્યાં હતાં. મૈસૂર તાબે મેલકોટમાં તેમણે એક મઠ સ્થાપ્યો હતો અને ત્યાં બાર વર્ષ રહ્યા હતા. મૈસૂરના રાજા વિષ્ણુવર્ધન તેમના શિષ્ય હતા. બેલૂરનું પ્રખ્યાત ચેન્ન કેશવનું મંદિર રાજા વિષ્ણુવર્ધને બંધાવ્યું હતું. મેલકોટથી રામાનુજ પાછા કાવેરી તટે શ્રીરંગમ્ આવ્યા. રામાનુજ નદીએથી સ્નાન કરીને શ્રીરંગમ્ આવતા ત્યારે રસ્તામાં એક શૂદ્ર જાતિના ભક્તનું ઝૂંપડું આવતું. ભગત એકલો એકલો ભજન ગાયા કરે. રામાનુજ સીધા જ એના ઘરમાં દાખલ થઈ એની સામે બેસી જતા ને ભજન સાંભળતા. રામાનુજના સંઘમાં નાતજાત કે વર્ણનો ભેદ નહોતો.

રામાનુજ સો વર્ષના થયા ત્યારે તમામ શિષ્ય અને ભક્તોને ભેગા કરી છેલ્લો જે ઉપદેશ આપ્યો તે સૌએ લક્ષમાં રાખવા જેવો છે. એમણે કહ્યું, 'જગતમાં ત્રણ જાતના લોકો છે - અનુકૂળ, પ્રતિકૂળ અને અનુભય. અનુકૂળ એટલે ઈશ્વર ભણી વળેલો. એવો માણસ મળે ત્યારે જાણે નિકટનું સગુંવહાલું મળ્યું હોય તેવો આનંદ પામવો. પ્રતિકૂળ એટલે ઈશ્વરનો વિરોધી. આવો માણસ મળે ત્યારે જેમ ઝેરી સર્પથી દૂર ભાગો એમ એનાથી દૂર ભાગવું. અનુભય એટલે ઈશ્વરથી વિમુખ. એવો માણસ મળે ત્યારે રસ્તામાં પડેલા પથરા સામું જેમ આપણે જોતા નથી તેમ તેની સામે જોવું નહિ, એની માત્ર દયા ખાવી. ભક્તે કદી શ્રીમંતના દાસ થવું નહિ, જો થયો તો સમજવું કે એના ડહાપણમાં ધૂળ પડી !'

પછી રામાનુજે શ્રીરંગમ્ મંદિરના બધા સેવકોને બોલાવ્યા ને કહ્યું, 'મારું કામ પૂરું થઈ ગયું છે. હું આપ સૌની રજા માગું છું ને ભૂલચૂક માટે ક્ષમા માગું છું.' આમ, બધાંની વિદાય લઈ રામાનુજે આંખો મીંચી દીધી. એમનું માથું એક શિષ્યના ખોળામાં અને પગ બીજા શિષ્યના ખોળામાં - એમણે દેહ તજી દીધો. એ જ ક્ષણે આકાશમાં દિવ્ય પ્રકાશનો ઝબકારો થઈને અદૃશ્ય થઈ ગયો.

રામાનુજે સંસ્કૃતમાં અનેક ગ્રંથ લખ્યા છે, તેમાં 'શ્રીભાષ્ય' મુખ્ય છે. એવું કહેવાય છે કે દેવી સરસ્વતીએ પોતે એ ગ્રંથ પર મહોર મારી હતી અને રામાનુજને 'ભાષ્યકાર'ની પદવીથી વિભૂષિત કર્યા હતા. આ ભાષ્ય લખીને રામાનુજે શ્રી યમુનાચાર્યની અંતિમ ઈચ્છા પૂરી કરી હતી. શ્રીભાષ્ય ઉપરાંત ભગવદ્ગીતા ભાષ્ય, વેદાન્તદીપ, વેદાન્તસાર, વેદાન્તસંગ્રહ, ગદ્યત્રય વગેરે એમના બીજા પણ ગ્રંથ જાણીતા છે. રામાનુજે પ્રબોધેલો સિદ્ધાંત 'રામાનુજદર્શન' તરીકે ઓળખાય છે.

# જ્ઞાનદેવ

આજથી સાતસો વર્ષ પહેલાંની વાત છે. સ્વામી રામાનંદ પોતાના શિષ્યની સાથે ફરતાં ફરતાં મહારાષ્ટ્રના પુણે પાસેના આળંદી ગામમાં આવ્યા. ત્યાં એક બ્રાહ્મણ બાઈએ આવી એમને પ્રણામ કર્યાં. સ્વામીએ એ બાઈને આશીર્વાદ આપ્યા, 'પુત્રવતી ભવ !' આ સાંભળી બાઈએ કહ્યું, 'પ્રભુ, આપે મને આશીર્વાદ તો આપ્યા પણ મારા પતિ તો કાશીમાં સંન્યાસી છે.' સ્વામીએ બાઈના પતિ વિષે પૂછપરછ કરી તો ખબર પડી કે કાશીમાં ચૈતન્યાશ્રમ નામનો એમનો જ શિષ્ય આ બાઈનો પતિ છે. તેમણે આ બાઈને પૂછ્યું, 'બાઈ, તેં તારા પતિને સંન્યાસ લેવાની રજા આપેલી ?' બાઈએ કહ્યું, 'ના.' સ્વામી તરત જ પાછા કાશી આવ્યા. તેમણે ચૈતન્યાશ્રમને આજ્ઞા કરી, 'મારે કોઈ પત્ની – બાળકો નથી એવું અસત્ય બોલીને તેં મારી પાસે સંન્યાસ લીધો છે પણ અસત્ય દ્વારા સત્ય સ્વરૂપ પરમાત્માનું દર્શન થાય નહિ, માટે તું જા, ફરી ગૃહસ્થ જીવન જીવ.'

ગુરુની આજ્ઞા માથે ચડાવી ચૈતન્યાશ્રમ સંન્યાસી મટી ફરી ગૃહસ્થ થયો. તેનું નામ વિઠ્ઠલ પંત. સંન્યાસ કંઈ રમત નથી તેથી એક વાર સંન્યાસ દીક્ષા લીધા પછી ફરી ગૃહસ્થ થવાની શાસ્ત્રમાં ના લખેલી છે. તેથી આળંદીના બ્રાહ્મણોએ તેમને ધર્મભ્રષ્ટ ગણી નાત બહાર મૂક્યા. ગામમાં તેમને કોઈ ભિક્ષા આપે નહિ. આથી ઘણીવાર તેમને ભૂખ્યા રહેવું પડતું કે માત્ર પાંદડાં ઉકાળી-ખાઈને ગુજારો કરવો પડતો. આવી રીતે તેમણે બાર વર્ષ કાઢ્યાં. દરમિયાન તેમને નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ (જ્ઞાનેશ્વર), સોપાનદેવ અને મુક્તાબાઈ એમ ચાર બાળકો થયાં. તેમાં જ્ઞાનદેવનો જન્મ ઈ.સ.૧૨૭૫માં શ્રાવણ વદ આઠમ, (જન્માષ્ટમી)ના દિવસે થયો હતો. બાળકો નાનપણથી જ તેજસ્વી હતાં. વિઠ્ઠલ પંતે તેમને જનોઈ દેવાનો વિચાર કર્યો. વિઠ્ઠલ પંતે બ્રાહ્મણોને વિનંતી કરી કે, 'તમે કહો તે રીતે હું પ્રાયશ્ચિત કરવા તૈયાર છું પણ મારાં બાળકોને જનોઈ દેવાની આજ્ઞા કરો.' બ્રાહ્મણોએ કહ્યું, 'મૃત્યુ સિવાય એનું પ્રાયશ્ચિત નથી.' વિઠ્ઠલ પંત અને તેમનાં પત્ની રુક્ષ્મણીબાઈ તે જ ક્ષણે ઘરબાર-સંતાન સૌની માયા છોડી ચાલી નીકળ્યાં ને સીધાં પ્રયાગ જઈ ગંગા-યમુનાના સંગમમાં ઝંપલાવી મૃત્યુ સ્વીકારી લીધું.

બાળકો મા-બાપ વગરનાં બની ગયાં. આળંદીના બ્રાહ્મણોએ તેમને પૈઠણ જઈ ત્યાંના બ્રાહ્મણો પાસેથી શુદ્ધિપત્ર લાવવાનું કહ્યું. ચારે બાળકો પૈઠણ ગયાં. પૈઠણ તે વખતે વિદ્યાનું મોટું ધામ હતું. ત્યાં પંડિતોની મોટી સભા મળી પણ તેમણે નિર્ણય આપ્યો કે સંન્યાસીનાં બાળકોને જનોઈનો અધિકાર નથી, પ્રાયશ્ચિતથી પણ તેઓ શુદ્ધ થઈ શકે નહિ. એવામાં કોઈકે જ્ઞાનદેવને પૂછ્યું, 'છોકરા, તારું નામ શું ?' જ્ઞાનદેવે કહ્યું, 'જ્ઞાનદેવ !' આ સાંભળી બ્રાહ્મણે હસીને કહ્યું, 'અમારા પેલા પખાલ વહેતા પાડાનું નામ પણ જ્ઞાનદેવ છે.' જ્ઞાનદેવે કહ્યું, 'હાસ્તો, એ પાડામાં ને મારામાં કશો ભેદ નથી. જે આત્મા મારામાં છે તે જ પાડામાં છે' બ્રાહ્મણો આ સાંભળી ચમક્યા. તેમને જ્ઞાનદેવની પરીક્ષા કરવાનું મન થયું. એક જણે પાડાની પીઠ પર ફટાફટ ત્રણ ફટકા લગાવી દીધા. પાડાની પીઠ પર ફટકા પડતાં જ બ્રાહ્મણોએ જોયું તો જ્ઞાનદેવની ઉઘાડી પીઠ પર તેનાં સોળ ઊઠ્યાં હતાં ! આટલું જોવા છતાં તેમને ભાન આવ્યું નહિ. તેમણે કહ્યું, 'જ્ઞાનદેવ, તું વેદમંત્રો ભણ્યો છે ને ! તો આ પાડાના મુખમાંથી વેદ બોલાવ.' જ્ઞાનદેવે બ્રાહ્મણોને પ્રણામ કરી કહ્યું, 'આપ ભૂદેવ છો. આપની વાત સત્ય થશે.' આમ કહી તેમણે પાડાના મસ્તક પર પોતાનો જમણો હાથ મૂક્યો. તરત જ પાડાના મુખમાંથી વેદની ઋચાઓ નીકળવા માંડી. એક પહોર સુધી આ વેદઘોષ ચાલુ રહ્યો. હજારો લોકોએ

આ અદ્ભુત ચમત્કાર જોયો. હવે બ્રાહ્મણોએ જ્ઞાનદેવ વગેરેને શુદ્ધિપત્ર લખી આપ્યો. શુદ્ધિપત્ર લઈને ચારેય ભાંડુઓ પાછાં આળંદી આવ્યાં. તેમની કીર્તિ તેમના પહેલાં જ ત્યાં પહોંચી ગઈ હતી. તેથી આ વખતે બ્રાહ્મણોએ તેમનો ભાવથી સત્કાર કર્યો.

પણ બધા કંઈ સરખા વિચારના હોતા નથી. આળંદીમાં વિસોબા નામનો એક બ્રાહ્મણ હતો. તે હજુ પણ 'સંન્યાસીનાં છોકરાં' કહી બાળકોનું અપમાન કરતો હતો ને જ્યાંત્યાં જ્ઞાનદેવની નિંદા કરતો હતો. એક દિવસ મુક્તાબાઈ માંડા (મહારાષ્ટ્રમાં થતી એક જાતની મોટી રોટલી) બનાવવા માટે માટીની તાવડી લેવા કુંભારવાડા જવા નીકળ્યાં. વિસોબાએ કુંભારોને કહ્યું, 'ખબરદાર, કોઈએ આ છોકરીને તાવડી આપી છે તો ! એ ભ્રષ્ટ સંન્યાસીની છોકરી છે.' તે જમાનામાં બ્રાહ્મણોનું બીજાઓ પર ખૂબ જોર ચાલતું હતું. તેથી વિસોબાની સામે થઈ મુક્તાબાઈને તાવડી આપવાની કોઈ કુંભારની હિંમત ચાલી નહિ. જ્ઞાનદેવે બહેનને કહ્યું, 'નિરાશ ન થા. મારી પીઠ પર માંડા બનાવ.' જ્ઞાનદેવે યોગબળથી અગ્નિનું આહ્વાન કરી પોતાની પીઠ તપાવીને તાંબા જેવી લાલચોળ કરી નાખી. જ્ઞાનદેવના એ લાલચોળ વાંસા પર મુક્તાબાઈએ માંડા શેકીને તૈયાર કર્યા. છુપાઈએ વિસોબા આ બધું જોઈ રહ્યો હતો. તેને ખૂબ પસ્તાવો થયો. એકદમ દોડીને તે જ્ઞાનદેવના પગમાં પડ્યો. તે દિવસથી એ જ્ઞાનદેવનો ભક્ત અને શિષ્ય બન્યો. આગળ જતાં એણે 'મહાવિષ્ણુના અવતાર, શ્રી ગુરુ મેરા જ્ઞાનેશ્વર !' એવાં ભજન પણ બનાવ્યાં.

જ્ઞાનદેવે પંદર વર્ષની ઉંમરે ઈ.સ.૧૨૯૦માં શ્રીમદ્ ભગવદ્ગીતા પર ભાષ્ય લખ્યું. તેઓ સંસ્કૃતના પ્રખર પંડિત હતા પણ સામાન્ય લોકો સમજી શકે એટલે તેમણે ગ્રંથ એ પ્રદેશમાં બોલાતી મરાઠી ભાષામાં લખ્યો. એ ગ્રંથ 'જ્ઞાનેશ્વરી' નામે ઓળખાય છે. આખો ગ્રંથ ગેય કાવ્યમાં લખેલો છે અને તેમાં ૯૦૩૩ કડી છે. ભાષ્ય પૂરું કર્યા પછી જ્ઞાનદેવ મહારાજ લખે છે, 'આ ગ્રંથ મારા પૂર્વજન્મનાં પુણ્યનું ફળ છે.' બીજા પણ નાના-મોટા કેટલાક ગ્રંથ જ્ઞાનદેવે લખ્યા છે તથા અસંખ્ય અભંગો (પદ) લખ્યાં છે.

'જ્ઞાનેશ્વરી' ગ્રંથ પૂરો કર્યા પછી જ્ઞાનદેવ પોતાનાં ભાઈ-બહેન સાથે તીર્થયાત્રાએ નીકળ્યા. બધું ફરીને તેઓ કાશી આવ્યા. તે વખતે કાશીમાં એક મોટો યજ્ઞ થતો હતો. એ યજ્ઞમાં પૂજાનું માન કોને આપવું એ નક્કી કરવા હાથણી જેની ડોકમાં માળા પહેરાવે તેને શ્રેષ્ઠ ગણવો એવું નક્કી થયું. સૂંઢમાં ફૂલમાળા લઈને હાથણી મંડપમાં બધે ફરીને છેક ખૂણે ઊભેલા જ્ઞાનદેવની ડોકમાં એણે એ પહેરાવી દીધી. સઘળે જ્ઞાનદેવનો જયજયકાર થઈ રહ્યો.

તાપી નદીના કિનારા પર ચાંગદેવ નામના એક હઠયોગી રહેતા હતા. તેમણે યોગની ઘણી સિદ્ધિઓ મેળવી હતી પણ તેમનામાં એક મોટો દોષ હતો. તેઓ ખૂબ અભિમાની અને દ્વેષી હતા. જ્ઞાનદેવની કીર્તિ સાંભળી જ્ઞાનદેવને વાદમાં ઊતરવાનું નિમંત્રણ આપવા કાગળ લખવા બેઠા પણ કાગળમાં જ્ઞાનદેવને શું કહીને સંબોધવા તેની એમને સમજ પડી નહિ. છેવટે સંબોધન વગરનો કોરો જ કાગળ તેમણે જ્ઞાનદેવને મોકલ્યો. ચાંગદેવનો શિષ્ય એ કાગળ લઈ આળંદી આવ્યો ત્યારે કોરો કાગળ જોઈ મુક્તાબાઈ હસી પડ્યાં ને બોલ્યાં, 'અરે, આટલાં બધાં વરસ યોગસાધના કરી તો પણ હજુ તમારા ચાંગદેવ કોરા ને કોરા જ રહ્યા.' જ્ઞાનદેવે ચાંગદેવના આ કોરા કાગળના જવાબમાં કવિતામાં એક પત્ર લખ્યો. એ પત્રમાં પાંસઠ કડીઓ છે. તેથી તે પત્ર 'ચાંગદેવ પાસષ્ઠી' નામે ઓળખાય છે. જ્ઞાનદેવનો આ કાગળ વાંચી ચાંગદેવને થયું, 'જ્ઞાનદેવ લાગે છે તો જ્ઞાની ! ચાલ, હું જ તેને મળવા જાઉં !' તેમણે વાઘ પર સવારી ને હાથમાં સર્પની ચાબુક લીધી. તેમની સાથે દશ હજાર સાધુઓ ચાલતા હતા. જ્ઞાનદેવને આ સમાચાર મળ્યા ત્યારે તેઓ ભાંડુઓની સાથે ઓટલા પર બેઠા હતા. તેમને થયું, 'ચાંગદેવ

મહાપુરુષ છે. તેમનો સત્કાર કરવા સામા જવું જોઈએ' અને તરત જ તેમણે જે ઓટલા પર બધાં બેઠાં હતાં તે ઓટલાને જ ચાલવાનો હુકમ કર્યો. તે જડ ઓટલો ચાંગદેવને મળવા એમને લઈ હવામાં ચાલ્યો.

દૂરથી ચાંગદેવે આ અજબ ચમત્કાર જોયો. તે સમજી ગયા કે મેં તો સજીવ વાઘ-સર્પને વશ કર્યા પણ જ્ઞાનદેવે તો જડ ઓટલામાં જીવ પૂર્યો !' એકદમ એમનો ઘમંડ ઊતરી ગયો ને દોડતા જઈ જ્ઞાનદેવના ચરણમાં આળોટી પડ્યા અને એમના શિષ્ય બન્યા.

જ્ઞાનદેવ માત્ર એકવીસ વર્ષના હતા પણ એમણે કહ્યું, 'મારું કામ હવે પૂરું થઈ ગયું છે. હવે હું જીવતાં સમાધિ લઈશ !' સમાધિ માટે એક ખાસ ગુફા તૈયાર કરવામાં આવી તથા દિવસ અને સમય નક્કી કરવામાં આવ્યો.

જગતના ઉદ્ધારનું કાર્ય ૨૨ વર્ષ સુધી કર્યા પછી જ્ઞાનેશ્વર મહારાજે આળંદી ક્ષેત્રમાં શકે ૧૨૧૮ દુર્મુખ નામ સંવત્સર કારતક વદ તેરસ અને ગુરુવારના મધ્યાહ્ન સમયે જીવતાં સમાધિ લીધી. એ દિવસની અંગ્રેજી તારીખ ૨૫ ઑક્ટોબર, ૧૨૯૬ આવે છે. જન્મ અને મૃત્યુ જોતાં સમાધિકાળે તેમની વય ૨૧ વર્ષ ૩ માસ અને ૧૫ દિવસની હતી.

આખા આળંદી ગામે ભજનો ગાતાં ગાતાં વાજતે-ગાજતે જ્ઞાનદેવને વિદાય આપી. જ્ઞાનદેવે સૌને છેલ્લો ઉપદેશ આપ્યો. પછી સાધુ-સંતોને પગે લાગી તેમણે ગુફામાં પ્રવેશ કર્યો ને ગુફાનું મોં બંધ કરી દેવામાં આવ્યું. આજે પણ દર વર્ષે કારતક સુદ તેરસે આળંદીમાં જ્ઞાનદેવ મહારાજની સમાધિ આગળ મોટો ઉત્સવ થાય છે.

## સુરદાસ

(ઈ.સ. ૧૪૭૯-૧૫૬૩)

ગરીબ બ્રાહ્મણ માંડ માંડ કુટુંબનું પોષણ કરતો, ત્યાં ચોથો છોકરો જન્મ્યો અને તે અંધ. બ્રાહ્મણે એની ઉપેક્ષા કરવા માંડી. છોકરાને બાપનો પ્રેમ ન મળ્યો પણ માનું ભરપૂર વહાલ મળ્યું. મા એને ખોળામાં લઈને બેસે અને હળવા સાદે એને ભજન ગાતાં શીખવે. પાંચ-છ વરસનો થતાં થતાંમાં તો છોકરાને કેટલાંયે ભજનને સ્તોત્ર કંઠસ્થ થઈ ગયાં. એનો કંઠ પણ મધુર હતો. ઘર આગળ થઈને ભજન મંડળી પસાર થાય ત્યારે એ એમની સાથે ભજન ગાવા લાગે અને માને કહે, 'મા, મારે એમની સાથે જવું છે. મારે ભગવાનનું ભજન કરવું છે. ભગવાન મહાદયાળુ છે, એ મને સંભાળશે !'

આ છોકરો તે ભક્ત સુરદાસ. સુરદાસનો જન્મ દિલ્હી નજીકના એક ગામમાં ઈ.સ. ૧૪૭૯માં થયો હતો. સુરદાસ દશ વર્ષના થયા. એક દિવસ એક શ્રીમંતે સુરદાસના પિતા રામદાસ પર ખુશ થઈ બે સોનામહોર દક્ષિણામાં આપી. રામદાસ સોનામહોર ચીંથરામાં બાંધી ઓશીકા હેઠળ રાખીને સૂઈ ગયો. રાતે ઉંદર એ ચીંથરું ખેંચીને લઈ ગયા. સવારે ઊઠીને રામદાસે સોનામહોરો જોઈ નહિ એટલે રડવા બેઠો. સુરદાસે કહ્યું, 'હું સોનામહોરો બતાવું, પણ તમારે મને ઘરમાંથી જવા દેવો પડશે.' બાપને એમાં કોઈ વાંધો નહોતો. એમણે એ શરત કબૂલ કરી. સુરદાસે કહ્યું, 'ભીંતમાં ઉંદરનું ઘર તપાસો !' એક દરમાંથી સોનામહોરોની પોટલી મળી આવી. બાપના આનંદનો પાર ન રહ્યો. તે જ વખતે સુરદાસે પોતાની લાકડી સંભાળી અને ઘરમાંથી ચાલવા માંડ્યું. બેચાર કોશ દૂર એક તળાવની પાળે એક પીપળાના ઝાડ નીચે સુરદાસે મુકામ કર્યો. લોકો એનાં ભજન સાંભળી ખુશ થયા. એમણે એમને એક ઝૂંપડી બાંધી આપી અને એમના માટે ખાવા-પીવાનો પણ બંદોબસ્ત કર્યો.

સુરદાસ પોતે પદ રચી ગાતા હતા. એમના પદમાં એમની આંતરદૃષ્ટિનું તેજ પ્રગટતું હતું. આમ,

કેટલાંક વરસ વહી ગયાં. સુરદાસ અઢાર વર્ષના થયા. ભક્ત તરીકે તેમની ખ્યાતિ પણ બંધાઈ હતી. એકાએક તેમને થયું કે ખ્યાતિમાં બંધાવું સારું નહિ એટલે કોઈ જાણે તે પહેલાં તે સ્થળ છોડી દીધું ને આગ્રા-મથુરા વચ્ચે યમુના કિનારે ગૌઘાટ પર એકાંતમાં રહેવા માંડ્યું. થોડા દિવસ પછી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી ગૌઘાટ પધાર્યા. સુરદાસે તેમનાં દર્શન કર્યાં ને પગે લાગ્યા. મહાપ્રભુજીએ કહ્યું, 'સુરદાસ, કંઈ ગાઓ.' સુરદાસે ગાયું :

**મો સમ કૌન કુટિલ ખલ કામી**
**જિન તનુ દિયો તાહિ બિસરાયો,ઐસો નિમકહરામી**
**પાપી કૌને બડો હૈ મોતે સબ પતિતન મેં નામી,**
**સૂર પતિત કો ઠૌર કહાં હૈ સુનિયે શ્રીપતિ સ્વામી !**

મહાપ્રભુજીએ કહ્યું, 'વિલાપ નહિ, વિલાપ નહિ, સુરદાસ, ભગવાનની લીલા ગાઓ.' સુરદાસે કહ્યું, 'પ્રભુ, લીલાનો મને અનુભવ નથી.' મહાપ્રભુજીએ કહ્યું, 'હું અનુભવ કરાવું.' પછી મહાપ્રભુજીએ સુરદાસને 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' મંત્ર આપ્યો અને સર્વ કંઈ ભગવાનને સમર્પિત કરવાની રીત સમજાવી. તે પછી તેમણે ભગવાન કૃષ્ણની બાળલીલાનું ટૂંકમાં વર્ણન કર્યું. મહાપ્રભુજીના મુખે જેમ એ વર્ણન બોલાતું ગયું તેમ સુરદાસને જાણે એ પ્રત્યક્ષ દેખાતું ગયું. સુરદાસનું રોમરોમ આનંદથી ભરાઈ ગયું. એ ગાવા લાગ્યા :

**મૈયા મોરી, મૈં નહીં માખન ખાયો !**
**ભોર ભયે ગૈયન કે પીછે,મધુવન મોહિ પઠાયો,**
**ચાર પ્રહર બંસીવટ ભટક્યો, સાંજ પડે ઘર આયો !**
**મૈં બાલક બહિયન કો છોટો, છીંકો કિસ બિધ પાયો,**
**ગ્વાલ બાલ સબ બૈર પરે હૈં, બરબસ મુખ લિપટાયો !**
**તૂ જનની મન કી અતિ ભોરી, ઈનકે કહે પતિઆયો,**
**જિય તેરે કછુ ભેદ ઉપજ હૈ જાની પરાયો જાયો !**
**યહ લે અપની લકુટ કમરિયા, બહુત હિ નાચ નચાયો,**
**સુરદાસ તબ બિહસિ જશોદા,લે ઉર કંઠ લગાયો !**

મહાપ્રભુજીની પ્રસન્નતાનો પાર ન રહ્યો. આ પછી મહાપ્રભુજી સુરદાસને લઈને શ્રીગોવર્ધનગિરિ પધાર્યા. ત્યાં શ્રીનાથજીનાં દર્શન કરી સુરદાસે ગાયું :

**અબ મૈં નાચ્યો બહુત ગોપાલ !**
**કામ ક્રોધ કો પહિરિ ચોલના, કંઠ વિષય કી માલ !**
**કોટિક કલા કાછિ દિખરાઈ જલથલ સુધિ નહિ કાલ**
**સુરદાસકી સબઈ અવિદ્યા દૂર કરો નંદલાલ !**

મહાપ્રભુજીએ કહ્યું, 'સુરદાસ, તમારી અવિદ્યા તો દૂર થઈ જ ગઈ છે. ભગવાન જ તમારી જીભે બેસી પદ બોલાવે છે. તમે સુરદાસ નથી; સૂરસાગર છો ! લાખ શું, સવા લાખ પદો તમે રચશો. ભગવાન માટે શું અશક્ય છે !' સુરદાસે શ્રી ગોવર્ધનધરની સેવામાં સમય સમયનાં કીર્તન રચી ગાવા માંડ્યાં. સુરદાસની કીર્તિ સાંભળી દિલ્હીના બાદશાહ અકબર એમનાં કીર્તન સાંભળવા મથુરા ગયા હતા. ત્યાં એમણે સુરદાસને નિમંત્રણ આપી બોલાવ્યા અને તેમનાં કીર્તન સાંભળી ખુશ થઈ ગયા. એમણે કહ્યું, 'સુરદાસ, કંઈ માગો !' સુરદાસે કહ્યું, 'એટલું માગું છું કે ફરી કદી મને બોલાવતા નહિ !' બાદશાહ સમજી ગયા કે જે ભગવાનની આગળ માગતો નથી એ મારી આગળ શાનો હાથ લાંબો કરે ? બાદશાહને સુરદાસનાં પદનો એવો મોહ લાગ્યો કે જે કોઈ સુરદાસનું નવું પદ લાવી દે એને તે એક સોનામહોર આપતા અને કોઈ બનાવટી પદ લાવે તો તરત એ પકડી પાડતા.

મહાપ્રભુજીએ ભૂતલ પરની નિજ લીલા સંકેલી લીધી ત્યાર પછી શ્રી ગુંસાઈજી મહારાજ એમની ગાદીએ આવ્યા. તેમણે પણ સુરદાસનું માહાત્મ્ય વધાર્યું. એક વાર સુરદાસ ગોકુળમાં હતા તેવામાં કેટલાંક ગોસ્વામી બાળકોને થયું કે સુરદાસ આંખે દેખતા નથી અને ઠાકોરજીની શોભાનું વર્ણન કેવી રીતે કરતા હશે ? તેથી તેમની પરીક્ષા કરવા એક દિવસ તેમણે ઠાકોરજીને કંઈ વસ્ત્ર પહેરાવ્યાં જ નહિ ને સુરદાસજીને કહ્યું, 'સુરદાસ, આજે ઠાકોરજીની શોભાનું વર્ણન કરો !' સુરદાસે કીર્તન શરૂ કર્યું :

દેખે રી હરિ નંગમનંગા
જલસુત ભૂષન અંગ બિરાજત,
બસનહીન છબિ ઉઠત તરંગા !
અંગ અંગ પ્રતિ અમિત માધુરી,
નિરખિ લજ્જિત રતિ કોટિ અનંગા !
કિલકત દસિસુત મુખ લેપન કરિ,
સુર હસત વ્રજ યુવતીયન સંગા ?

સાંભળીને બધાં સ્તબ્ધ થઈ ગયાં. સૌને ખાતરી થઈ ગઈ કે સુરદાસને પ્રભુકૃપાએ અપાર્થિવ દૃષ્ટિનું દાન મળ્યું છે. આનું નામ 'પ્રજ્ઞાચક્ષુ.' સુરદાસ પોતે કહે છે, **જિન ઔખિન મેં તવ બસ્યો, તિન આંખિનસૌં અબ દેખિયે ક્યા ?'** એટલે જે આંખમાં ભગવાન વસ્યા એ આંખે ભગવાન સિવાય બીજું દેખવું જ શું ?

એક દિવસ સુરદાસજી પ્રસાદ લેવા બેઠા અને એમની સેવામાં રહેલો છોકરો કોકની સાથે વાતોમાં પડી જવાથી પીવાના પાણીનો લોટો લઈને આવ્યો નહિ. સુરદાસજીને પાણી વિના ગળે કોળિયો અટક્યો હતો, એટલામાં કોઈ આવી એમના હાથમાં પાણીની ઝારી મૂકી ગયું. સૂરદાસે પાણી પીધું ને ઝારી બાજુએ મૂકી. તે પછી પેલો છોકરો પાણી લાવ્યો. સુરદાસ કહે, 'હમણાં જ તો તું પાણી પાઈ ગયો !' છોકરાએ જોયું તો ત્યાં સોનાની ઝારી પડી હતી. પાછળથી ખબર પડી કે મંદિરમાંથી ઠાકોરજીની સોનાની ઝારી ગુમ હતી. હવે સૌને ખબર પડી કે ઠાકોરજી પોતે સુરદાસને પાણી પાઈ ગયા હતા ! આવી રીતે ભગવાને સુરદાસને કેટલીય વાર સહાય કરી હતી. એક વાર એ ખાડામાં પડી ગયા ત્યારે ભગવાને એમને હાથ પકડી બહાર કાઢ્યા હતા. પણ પછી હાથતાળી દઈ ભગવાન છટકી ગયા હતા. સુરદાસ હસીને કહે, 'તમે હાથ પકડો છો ને પાછા છટકી જાઓ છો, એ તમારી નટખટવિદ્યા હું જાણું છું હોં ! અત્યારે મારા હાથમાંથી ભલે છટકો, પણ મારા હૃદયમાંથી છટકો ત્યારે તમે ખરા !' ભગવાનને આવો પડકાર ભક્ત સિવાય કોણ આપી શકે ?

સુરદાસ એંશી વર્ષના થયા ત્યારે તેમની તબિયત લથડી હતી. તેમને સમજાઈ ગયું કે ભગવાન એમને નિજ ધામમાં બોલાવવા માગે છે. તેમણે મનમાં સવા લાખ કીર્તન રચવાનો સંકલ્પ કર્યો હતો. તે સંકલ્પ અધૂરો રહેશે એવી એમને શંકા થઈ ત્યારે ભગવાને કહ્યું, 'તમારો સંકલ્પ પૂરો થઈ ચૂક્યો છે. એક લાખ પદ તમે રચ્યાં છે ને પચીસ હજાર મેં 'સુરશ્યામ'ના નામે રચ્યાં છે તે પણ તમારાં પદમાં છે.' સુરદાસજીના મનનું સમાધાન થયું. ગુંસાઈજી મહારાજને સુરદાસ નિજ ધામમાં જઈ રહ્યા છે તે ખબર પડતાં બોલી ઊઠ્યા, 'પુષ્ટિમાર્ગ કો જહાજ જા રહ્યો હૈ!' તેઓ પોતે સુરદાસની ખબર કાઢવા ગયા. એ વખતે એક ભક્તે ટીકા કરી, 'સુરદાસે લાખ પદ રચ્યાં પણ મહાપ્રભુજી વિષે એકે પદ રચ્યું નહિ.' સુરદાસે તરત તેનો જવાબ દીધો, 'મહાપ્રભુજી અને કૃષ્ણને જુદા ગણતો હોઉં તો મહાપ્રભુજી માટે જુદું પદ રચું ને ? છતાં તમે માગો છો તો સાંભળો. આમ કહી એમણે આ કીર્તન લલકાર્યું :

ભરોસો દૃઢ ઈન ચરનન કેરો !
શ્રી વલ્લભનખચંદ્ર છટા બિનુ, સબજગ હોત અંધેરો
સાધન ઓર નહીં યા કલિ મેં; જાસો હોત નિબેરો !
સુર કહા કહે દ્વિવિધ આંધરો; બિના મોલ કો ચેરો!

સુરદાસની જીવનભરની સાધનાનો અર્ક આ નાનકડાં કીર્તનમાં સમાયેલો છે. ઈ.સ. ૧૫૬૩માં તેમણે દેહ છોડ્યો. છેલ્લી પળ સુધી તેમણે કીર્તન રચ્યાં ને ગાયાં.

# ભગવાન શ્રી ચૈતન્ય

(ઈ.સ. ૧૪૮૬ - ઈ.સ. ૧૫૩૪)

બંગાળમાં નવદ્વીપ (નાદિયા) નામે નગરમાં જગન્નાથ મિશ્ર નામે એક બ્રાહ્મણ પંડિત રહેતા હતા. તેમનાં પત્નીનું નામ શચીદેવી હતું. ઈ.સ.૧૪૮૬ના ફાગણની પૂનમે ચંદ્રગ્રહણ છૂટ્યા પછી જ્યારે ચંદ્ર પૂર્ણ કળાએ પ્રકાશી રહ્યો હતો તે વખતે શચીદેવીએ પુત્રને જન્મ આપ્યો. તે વખતે ચારે બાજુ દાન-પુણ્ય અને કીર્તન ચાલતાં હતા. દીકરાનું નામ પાડવાના સમયે તે બાળકે કોઈ ચળકતી વસ્તુને સ્પર્શ ન કરતાં એક પુસ્તકને સ્પર્શ કર્યો હતો. એ પુસ્તક હતું - 'શ્રીમદ્ ભાગવત્.' શચીમાતાએ પુત્રનું નામ નિમાઈચંદ્ર - ટૂંકમાં 'નિમાઈ' પાડ્યું. નિમાઈ શરીરે એવો રૂપાળો હતો કે લોકોએ એનું નામ પાડ્યું - ગૌરાંગ !

નિમાઈ ભણવામાં બહુ હોશિયાર હતો. નવદ્વીપમાં વિદ્યાની મોટી પાઠશાળામાં તે ગુરુ પાસે ભણતો હતો. રઘુનાથ નામે એક વિદ્યાર્થી એનો સહાધ્યાયી હતો. એક દિવસ વાત વાતમાં રઘુનાથે નિમાઈને કહ્યું, 'મેં ન્યાયશાસ્ત્ર પર એક ગ્રંથ લખ્યો છે.' નિમાઈએ કહ્યું, 'મેં પણ એક લખ્યો છે. હું તને બતાવીશ.' બીજા દિવસે બંને મિત્રો હોડીમાં બેસી ગંગાજીમાં ફરવા નીકળ્યા. હોડીમાં નિમાઈએ પોતાનો રચેલો ગ્રંથ કાઢી રઘુનાથને વાંચી સંભળાવવા માંડ્યો. સાંભળતા સાંભળતાં રઘુનાથનું મોં પડી ગયું. તરત નિમાઈએ પૂછ્યું, 'શું થયું ? તું એકદમ ઉદાસ કેમ થઈ ગયો ?' રઘુનાથે કહ્યું, 'ભાઈ નિમાઈ, આજ સુધી હું એમ સમજતો હતો કે ન્યાયશાસ્ત્રમાં મારો ગ્રંથ અજોડ છે પણ મને ખબર પડી કે તારા ગ્રંથ આગળ મારો ગ્રંથ કંઈ જ નથી! અજોડ બનવાની મારી હોંશ આજે ભાંગી તેથી હું ઉદાસ થઈ ગયો.' આ સાંભળી નિમાઈએ એક પલકમાં વિચાર કરી લીધો. તેણે કહ્યું, હું કહું છું કે ન્યાયશાસ્ત્રમાં રઘુનાથ પંડિતનો ગ્રંથ સદાયે અજોડ રહેશે.' આમ કહી એમણે તે જ વખતે પોતાનો ગ્રંથ ઉપાડી ગંગાના વહેતા પાણીમાં નાખી દીધો. મિત્રતા ખાતર નિમાઈએ ઘડીકમાં દુર્લભ કીર્તિનો મોહ જતો કર્યો હતો.

ભણી-ગણીને પંડિત થયા પછી નિમાઈ પરણીને સંસારી થયા. એક વાર કાશ્મીરથી કેશવ નામે પંડિત દેશ દેશના પંડિતોને વાદમાં જીતી દિગ્વિજયી થવા નીકળ્યો હતો. નવદ્વીપ આવી નિમાઈને પડકાર કર્યો. નિમાઈએ નમ્રભાવે વાદમાં ઊતરવાની ના પાડી. કેશવ પંડિતે કહ્યું, 'તો લખી આપ હું હાર્યો!' નિમાઈ વિચારમાં પડી ગયા. 'હું હાર્યો' કહેવાનો વાંધો નહોતો પણ નવદ્વીપને કેમ બદનામ થવા દેવાય ? તેથી તેમણે કહ્યું, 'લખી આપું, પણ એ પહેલાં આપ ગંગાજી વિષે કંઈક સ્તોત્ર રચી ગાઓ.' જવાબમાં કેશવ પંડિતે પૂરા સો શ્લોક રચી કાઢ્યા અને ગર્વથી નિમાઈને કહ્યું, 'છોકરા, મારા આ સ્તોત્રમાં કંઈ ભૂલ હોય તો દેખાડ !' ફરી-ફરીને એણે આવું કહ્યું ત્યારે નિમાઈએ કેશવ પંડિતના એ સોએ શ્લોક ફરી બોલી બતાવ્યા અને તેમાં કયા શ્લોકમાં ક્યાં ભૂલ હતી તે બતાવ્યું. એ જોઈ કેશવ પંડિત આભો બની ગયો. તરત જ મિથ્યા ગર્વ બાજુએ મૂકી એણે નિમાઈના પગમાં માથું મૂક્યું ને એમનો શિષ્ય થયો.

ઈશ્વરપુરી નામે એક વૈષ્ણવ ભક્ત હતો. એણે 'શ્રી કૃષ્ણલીલામૃત' નામે એક ગ્રંથ લખ્યો હતો. એક વાર નિમાઈ પાસે આવી એણે કહ્યું, 'મને આ ગ્રંથ જોઈ આપો. નિમાઈ જેમ જેમ એ ગ્રંથ વાંચતા ગયા તેમ તેમ તેમના હૃદયમાં ભક્તિભાવનાં મોજાં ઊછળતાં ગયાં. પછી તો તેમણે એ ભક્ત પાસેથી કૃષ્ણભક્તિનો મંત્ર લીધો. હવે તેઓ આખો વખત 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ' કરવા લાગ્યા. આ જોઈ કેટલાક શિષ્ય એમને છોડીને જતા રહ્યા ને કેટલાક એમની સાથે હરિકીર્તનમાં જોડાઈ ગયા.

પંડિત નિમાઈ હવે ભક્ત નિમાઈ તરીકે જાણીતા થયા. તે વખતે નવદ્વીપમાં જગાઈ-મધાઈ નામના બે ભાઈ કોટવાલ હતા અને દારૂ પી લોકોને રંજાડતા હતા. આખું ગામ તેમનાથી બીતું હતું. નિમાઈ કીર્તન કરતાં કરતાં જગાઈ-મધાઈ પાસે પહોંચી ગયા. બધાંને થયું હમણાં તેઓ નિમાઈનું માથું ફોડી નાખશે. પણ બધાંના આશ્ચર્ય વચ્ચે જગાઈ-મધાઈનો દારૂનો નશો અને કોટવાલીનો કેફ ઊતરી ગયો. બંને જણા નિમાઈના પગમાં પડ્યા ને તેમના ભક્તો બની ગયા. આજે પણ તેઓ બંગાળના માનીતા વૈષ્ણવ સંત ગણાય છે.

ચોવીસ વર્ષની ઉંમરે નિમાઈએ ઘરબાર છોડી સંન્યાસી બનવાનો નિશ્ચય કર્યો. ઘરમાં વિધવા માતા અને પત્ની હતાં. એક મધરાતે તેમણે ઘરનો ત્યાગ કર્યો. શિયાળાની રાત હતી. કડકડતી ઠંડીમાં તેઓ ગંગા તરી સામે પાર નીકળી ગયા હતા. સામા કાંઠે એક વડ નીચે કેશવ ભારતી નામે સંન્યાસીનો આશ્રમ હતો. નિમાઈએ એમના પગમાં માથું મૂક્યું. કેશવ ભારતીએ નિમાઈને સંન્યાસની દીક્ષા આપી 'કૃષ્ણ ચૈતન્ય' એવું નામ પાડ્યું. નિમાઈના સુકોમળ સુંદર કેશ કાપતી વખતે નાયીના હાથ કાંપવા લાગ્યા. નિમાઈ કેટલું કરગર્યા ત્યારે નાયીએ એમના માથાંનું મુંડન કર્યું. સંન્યાસ ગ્રહણ કર્યા પછી તેઓ તીર્થયાત્રાએ નીકળી પડ્યા. શ્રીચૈતન્ય જ્યાં જતા ત્યાં હરિનામની ધૂન મચી જતી. શ્રીકૃષ્ણ કૃષ્ણ બોલતાં શ્રી ચૈતન્યની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગતી અને એ મૂર્છાવશ થઈ પડી જતા. સતત હરિકીર્તન ચાલુ રહે તો જ તેઓ ફરી ભાનમાં આવતા હતા. કૃષ્ણની ભક્તિમાં માણસને આવો પાગલ થતો કોઈએ કદી જોયો નહોતો. દિન-પ્રતિદિન એમના ભક્તોની સંખ્યા વધતી જતી હતી.

એક વાર ચૈતન્ય નૌકામાં નદી ઓળંગતા હતા ત્યાં એવા ભાવવિભોર બની ગયા કે હોડીમાં કીર્તન સાથે નૃત્ય કરવા લાગ્યા. હોડીવાળાને હોડી નદીમાં ઊંધી વળી જશે એવી બીક લાગી એટલે બૂમો પાડી કીર્તન બંધ કરવા કહ્યું પણ સાંભળે જ કોણ? કીર્તન ચાલુ જ રહ્યાં અને હોડી કિનારે સલામત પહોંચી ગઈ.

જગન્નાથપુરીમાં વાસુદેવ સાર્વભૌમ ભટ્ટાચાર્ય નામે મહાવિદ્વાન રહેતા હતા. તેમણે શ્રી ચૈતન્યને કહ્યું, 'તમારે હજુ જ્ઞાનની ઘણી જરૂર છે. તમે મારી પાસે વેદાંત-સૂત્રોની વ્યાખ્યા સાંભળો.' સાત દિવસ સુધી તેમણે વિવેચન કર્યું. શ્રી ચૈતન્યે તે શાંતિથી સાંભળ્યું. એક પણ અક્ષર તે બોલ્યા નહિ ત્યારે સાર્વભૌમે કહ્યું, 'વિષય ગહન છે. તેથી તમને સમજાતો નહિ હોય.' શ્રી ચૈતન્યે કહ્યું, 'વિષય તો સમજાય છે પણ તમારી વ્યાખ્યા સમજાતી નથી.' આમ કહી એક શ્લોક લઈ એમણે એની અઢાર વ્યાખ્યા કરી બતાવી. સાર્વભૌમ સ્તબ્ધ થઈ ગયા. પછી એ શ્રી ચૈતન્યના પાકા ભક્ત બની ગયા.

એક દિવસ કેટલાક ભક્તોએ કહ્યું, 'કટકના રાજા પ્રતાપરુદ્ર આપનાં દર્શન કરવા ચાહે છે.' શ્રી ચૈતન્યે કહ્યું, 'પણ સાધુ સંન્યાસી શા માટે રાજાનાં દર્શન કરવા જાય? મારાથી એ નહિ બને!' પણ એક દિવસ એવું બન્યું કે હરિકીર્તન કરતાં તેઓ દેહભાન ભૂલીને પડી ગયા. રાજા પ્રતાપરુદ્ર તે વખતે નદીએથી સ્નાન કરીને આવતા હતા. તેઓ પણ ભક્ત હતા. ભાગવતમાં વિરહી ગોપીઓનું ગીત છે, જેને ગોપી-ગીત' કહે છે. રાજા એ ગોપીગીતના શ્લોક બોલતા આવતા હતા. કૃષ્ણભક્તિમાં પાગલ થઈ બેભાન થઈ પડેલા શ્રી ચૈતન્યને જોઈ એમણે કહ્યું, 'ખરું ગોપીગીત તો આ ગાઈ જાણે છે.' ગોપીગીત સાંભળી શ્રી ચૈતન્ય ભાનમાં આવી ગયા. તેમણે એકદમ રાજાને છાતી સરસા ભીડ્યા. રાજાને રોમ-રોમ આનંદ થઈ રહ્યો. પછી તે પોતાની બધી સંપત્તિ ગરીબોમાં વહેંચી દઈ શ્રી ચૈતન્યના શિષ્ય બની ગયા.

શ્રી ચૈતન્યે પોતાના શિષ્યને દેશમાં બધે બ્રાહ્મણથી માંડી ચંડાળ સુધી સૌને હરિનામનો ઉપદેશ અને ભગવનનામનો પ્રચાર કરવાની આજ્ઞા કરી હતી. તેમની માતૃભક્તિ અજોડ હતી. તેમને વૃંદાવન જઈ

રહેવું હતું પણ માતાની આજ્ઞાથી જ તેઓ પુરીમાં વસ્યા હતા. માતાને જોતાં જ શ્રી ચૈતન્ય, સંન્યાસી-ધર્મમાં એવું ન થાય છતાં રસ્તા વચ્ચે જ માતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા. શ્રી ચૈતન્યનાં પત્ની વિષ્ણુપ્રિયાએ તેમને કહ્યું, 'પ્રભુ, તમે આખી દુનિયાનો ઉદ્ધાર કર્યો, આ દાસીનો નહિ કરો ?' શ્રી ચૈતન્યે કહ્યું, શ્રીકૃષ્ણ કૃષ્ણ જપો ! વિષ્ણુપ્રિયાએ કહ્યું, 'કંઈ આધાર આપો. તમારી પાવડીઓ આપો.' શ્રી ચૈતન્યે તે જ વખતે પાવડીઓ ઉતારી આપી. એમનાં પત્નીએ તે માથે ચડાવી. આજે પણ એ પાવડીઓ છે.

એક વાર એક ભક્તે શ્રી ચૈતન્યને પૂછ્યું, 'પ્રભુ, વૈષ્ણવને ઓળખવો કેવી રીતે ?' શ્રી ચૈતન્યે કહ્યું, 'એક વાર પણ જેના મુખમાંથી ભગવનનામનો ઉચ્ચાર થઈ જાય એ વૈષ્ણવ છે.' એક મધરાતે તેઓ ઊઠ્યા ને શ્રીકૃષ્ણ ! કૃષ્ણ !' કરતા પાગલની પેઠે સમુદ્ર તરફ દોડ્યા. તે વખતે સાગરમાં ભરતી આવેલી હતી. શ્રી ચૈતન્યને ચારે કોર, જળમાં, સ્થળમાં, આકાશમાં કૃષ્ણની જ છબી દેખાતી હતી. કૃષ્ણ સિવાય ક્યાંય બીજું કશું નહોતું. શ્રીકૃષ્ણ ! કૃષ્ણ ! કરી બે હાથ પહોળા કરી તેમણે કૃષ્ણને ભેટવા સાગર ભણી દોટ મૂકી અને ઘડીકમાં તેઓ સમુદ્રની અંદર અદૃશ્ય થઈ ગયા. બીજા દિવસે દૂરના દરિયાકિનારેથી તેમનો મૃતદેહ હાથમાં આવ્યો. તે વખતે તેમની ઉંમર માત્ર ૪૮ વર્ષની હતી.

આજે આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘના સંસ્થાપક અને આચાર્ય શ્રી ભક્તિવેદાન્ત સ્વામી પ્રભુપાદે જગતભરમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુનો ઉપદેશ ફેલાવી દીધો છે ને અસંખ્ય મંદિર તથા આશ્રમની સ્થાપના કરી છે.

# સંત તુલસીદાસ

(સંવત ૧૫૫૪-૧૬૮૦)

'તારે તારી અંદર અને બહાર બંને બાજુ અજવાળું કરવું છે? તો હું તને એનો સીધોસટ રસ્તો દેખાડું, બારણાના ઉમરા પર દીવો મૂક !'

બારણું ? બારણું શું ? ઉમરો શું ? દીવો શું ? બારણું એ તારું મુખ ! ઉમરો એ તારી જીભ અને દીવો એટલે રામનામ ! એ દીવો સાધારણ દીપ નથી, મણિદીપ છે.

મહાત્મા તુલસીદાસજીના આ શબ્દો છે. તુલસીદાસજી એવા ભગવદ્ભક્ત છે કે ભગવાન વતી જામીન થઈને તેઓ આપણી સાથે કરારમાં ઊતરે છે. તેઓ કહે છે : **'સત્ય વચન અરુ દીનતા, પરસ્રી માત સમાન,**

ઈતિને સે હરિ ના મિલે તો તુલસીદાસ જમાન !

ભગવાન વતી હોડમાં ઊતરે એવા આ સમર્થ ભક્તનો જન્મ સં.૧૫૫૪ની શ્રાવણ સુદ સાતમે પ્રયાગ પાસે રાજાપુર ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ આત્મારામ દુબે અને માતાનું નામ હુલસી. એમની માતા એમને જન્મ આપીને થોડા વખતમાં મૃત્યુ પામી અને પિતાએ કોઈ કારણસર એમનો ત્યાગ કર્યો હતો. તે પછી તેમના પિતાના ઘરની દાસી ચુનિયા એ એમને ઉછેર્યા હતા અને એણે એમનું નામ 'તુલસીરામ' પાડ્યું હતું. પછી તુલસીરામનું તુલસીદાસ થયું. તુલસીદાસ પાંચેક વર્ષના થયા ત્યારે એ ચુનિયા પણ મરણ પામી. તુલસીદાસ ફરી નિરાધાર થઈ ગયા. આ વખતે એમને સાધુઓનો આશ્રય મળ્યો. હવે તેમનું નામ રામબોલા પડ્યું. રામબોલાનો કંઠ મધુર હતો, તે સુંદર ભજનો ગાતો. સાધુઓ પાસે રહી ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો, તેમાં વાલ્મીકિ કૃત રામાયણની કથાએ એમના ચિત્ત પર અદ્ભુત અસર કરી.

આ પછી તુલસીદાસ પોતાના વતન રાજાપુર પાછા આવ્યા. પિતા મૃત્યુ પામ્યા હતા. તેમના જીર્ણ ઘરમાં રહીને રામાયણની કથા કરવા લાગ્યા. પ્રાણ રેડીને એ કથા કરતા એટલે થોડા વખતમાં લોકપ્રિય પણ

થયા. હવે એમને અન્ન-વસ્ત્રની તૂટ ન રહી અને માન-પ્રતિષ્ઠા પણ મળ્યાં એટલે એક સુખી કુટુંબની કન્યા રત્નાવલીને પરણ્યા ને સંસારી થયા. આ વખતે તુલસીદાસની ઉંમર ત્રીસ વર્ષની હતી. પરણ્યા પછી તેઓ રત્નાવલીમાં ખૂબ આસક્ત થઈ ગયા. એક વખત રત્નાવલી પિયર ગયાં હતાં. તુલસીદાસને પત્નીનો વિરહ સહન નહિ થતાં સસરાના ઘેર પહોંચી ગયા. રત્નાવલી બ્રાહ્મણકન્યા હતી. બ્રાહ્મણ એટલે ત્યાગ અને ભગવદ્ભક્તિના સંસ્કાર. પોતાની પાછળ પતિ આમ પાગલ બને એ તેને ગમ્યું નહિ. એ બોલી ઊઠી, 'અરે, આ હાડમાંસના મારા શરીર પર તમને જેવો પ્રેમ છે એનો અડધો પ્રેમ પણ જો તમને રામ પર હોત તો તમારો બેડો પાર થઈ જાત !' ચોટ બરાબર લાગી. જેને પોતે પ્રાણથી પણ વધારે ચાહતા હતા તેના શબ્દોએ તુલસીદાસનો જીવનરાહ બદલી નાખ્યો. તેમની સાધના જે અટકી પડી હતી અને તેઓ મોહમાયામાં જ મગ્ન રહેતા હતા એ પડળ એકાએક ખસી ગયું અને તેમને પોતાના સાચા સ્વરૂપનું તથા પોતાના સાચા જીવનધર્મનું ભાન થયું. પલકમાં પૂંઠ ફેરવી તેમણે ચાલવા માંડ્યું. આ પરિવર્તન જોઈ રત્નાવલી ચોંકી અને પતિને પાછા તેડી લાવવાના તેના પ્રયત્નો નિષ્ફળ ગયા. આ પછી રત્નાવલી વધુ સમય જીવી નહિ.

તુલસીદાસજી સાધુવેશે તીર્થયાત્રાએ નીકળી પડ્યા. બધે સાધુ-સંતોને મળે, લોકોને મળે, કથા-કીર્તન કરે. દેશ અને સમાજની હાલત જોઈ તેમને ખૂબ દુઃખ થયું. બધે જ લોકો ધર્મ અને સંસ્કૃતિથી વિમુખ થઈ રહ્યા હતા. બધે જ અન્યાય, અત્યાચાર અને અનાચારનું જોર હતું. ધર્મ, સત્ય અને ન્યાયની ભાવના શિથિલ થઈ ગઈ હતી. કુટુંબજીવનમાં કલહ હતાં. આ સ્થિતિ સુધારવાનો એકમાત્ર ઉપાય તેમને રામ-કથામાં દેખાયો. દેશયાત્રા પૂરી કરી તેઓ કાશીમાં સ્થિર થયા અને ત્યાં રોજ રામ-કથા કરવા લાગ્યા. કહે છે કે રામ-કથા થતી હોય ત્યાં હનુમાનજી એ સાંભળવા આવે જ છે. તુલસીદાસને થયું કે હનુમાનજીને શોધવા કેવી રીતે ? તેમણે જોયું કે એક વૃદ્ધ બ્રાહ્મણ રોજ સ્થિર ચિત્તે અને અપલક નેત્રે કથાશ્રવણ કરતો હતો. તેઓ દોડીને એના પગમાં પડ્યા ને બોલ્યા, 'દાદા, મને રામનાં દર્શન કરાવો !' એ જ વખતે હનુમાનજી ત્યાં પ્રગટ થયા ને કહ્યું, 'ભક્ત, ચિત્રકૂટ જાઓ. ત્યાંના કણેકણમાં ભગવાન રામના ચરણસ્પર્શની સ્મૃતિ ભરેલી છે !

તુલસીદાસજી ચિત્રકૂટ આવ્યા. અહીં પણ તેઓ રામ-કથા કરતા હતા. એક વાર રામ-લક્ષ્મણ તેમની આગળ થઈને પસાર થઈ ગયા, પણ રામ-કથામાં મસ્ત ભક્ત એમને જોઈ શક્યા નહિ. ત્યારે ભગવાને વધારે નિકટથી પ્રત્યક્ષ થવાનું કર્યું. ચિત્રકૂટના ઘાટ પર બેસીને તુલસીદાસ ચંદન ઘસતા હતા ત્યારે બે છોકરાઓ આવીને તેમની સામે બેઠા ને કહેવા લાગ્યા, 'બાબા, અમને ચંદન આપો !' પણ બાબા તો એમના અંતરમાં રામ-લક્ષ્મણનાં દર્શન કરવામાં મસ્ત હતા. ત્યારે એ છોકરાઓએ પોતાની જાતે આંગળીએ ચંદનનો લેપ લીધો ને બેઉ જણે તુલસીદાસના કપાળમાં ચંદનનો લેપ કર્યો પછી પોતાના કપાળમાં કર્યો, ને પછી બંને અદૃશ્ય થઈ ગયા એટલે એ ભાનમાં આવ્યા. ચારે બાજુ બહાવરા બની જોવા લાગ્યા ત્યારે હનુમાનજીએ પ્રગટ થઈ કહ્યું, 'ગુંસાઈજી, તમે તમારી અંદર જે જુઓ છો તે જ બહાર છે !' તુલસીદાસજી આનંદમાં આવી બોલી ઊઠ્યાઃ

**ચિત્રકૂટ કે ઘાટપે ભઈ સંતન કી ભીર,**
**તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર !**
**સિયાવર રામચંદ્ર કી જે !**

સંવત ૧૬૩૧ ચૈત્ર સુદ નોમ 'રામનવમી'એ તુલસીદાસજીએ કાશીમાં રામાયણ લખવાની શરૂઆત કરી. તુલસીદાસજીએ શબ્દ-અર્થ, રસ અને છંદની દાત્રી ભગવતી સરસ્વતી અને મંગલના દાતા ભગવાન વિનાયકને વંદના કરી મહાકાવ્યની શરૂઆત કરી. એ મહાકાવ્ય તે 'રામચરિતમાનસ'. માનસ એટલે દર્પણ.

ગોસ્વામી તુલસીદાસજી સંસ્કૃત ભાષાના

મોટા વિદ્વાન હતા. પરંતુ તેમને લોકોનું મંગલ કરવું હતું, દેશ-ધર્મ અને સમાજની બગડેલી સ્થિતિ સુધારવી હતી. તેથી તેમણે લોક બોલીમાં ગ્રંથની રચના કરી. આથી પંડિતો ખિજાયા. તેમણે ગ્રંથ ચોરી જવાની યોજના કરી, તેમને મારી નાખવાનું કાવતરું કર્યું પણ ફાવ્યા નહિ ત્યારે છેવટે તેમણે એક અજબ વાત કરી. તેમણે કાશીમાં ભગવાન વિશ્વનાથની મૂર્તિ આગળ વેદ-પુરાણ, સ્મૃતિ વગેરે ગ્રંથોની છેક નીચે તુલસીકૃત રામાયણ ગ્રંથ મૂક્યો. પછી મંદિરને તાળું માર્યું ને કયો ગ્રંથ ઉત્તમ છે તેનો નિર્ણય કરવાનું કામ ભગવાન વિશ્વનાથને સોંપ્યું. બીજા દિવસે સવારે મંદિર ખોલીને જોયું તો તુલસીકૃત રામાયણ ગ્રંથ બધા જ ગ્રંથોની ઉપર હતો અને તેની ઉપર લખેલું હતું : સત્યમ્ શિવમ્ સુંદરમ્ ! લોકસમાજે પણ તુલસીકૃત રામાયણને ધર્મશાસ્ત્રોમાં શ્રેષ્ઠ ગણી અપનાવ્યું છે.

ગાંધીજીને 'તુલસી રામાયણ' બહુ પ્રિય હતું. તેઓ હિંદી ભાષાનો પ્રચાર કરતા હતા ત્યારે કોઈકે તેમને પૂછ્યું, 'તમે અમને હિંદી શીખવાનું કહો છો પણ હિંદીમાં વાંચવા જેવી એક ચોપડી તો દેખાડો.' ગાંધીજીએ કહ્યું, 'રામચરિતમાનસ વાંચો ! એ એવો અદ્‌ભુત ગ્રંથ છે, તમને જે જોઈએ તે મળશે.' સંત વિનોબાજી તો એટલે સુધી કહે છે કે બાઈબલ અને શેક્સપિયર બંનેની પ્રતિભા ભેગી કરો તો એક 'તુલસીરામાયણ' થાય ! તે વખતે દેશમાં શૈવ અને વૈષ્ણવના ઝઘડા ચાલતા હતા. બંને પક્ષે સંકુચિતતા અને અસહિષ્ણુતા હતી. તુલસીદાસે રામના મુખે શિવ અને શિવના મુખે રામની સ્તુતિ કરાવી છે. જે શિવ છે તે જ રામ છે, રામ છે તે જ શિવ છે.

'તુલસી-રામાયણ' ભારતીય જીવનની આચારસંહિતાનો ગ્રંથ છે, એમાં રામનું નરત્વ અને નારાયણત્વ ખૂબ સુંદર રીતે પ્રગટ કરેલું છે. તુલસીદાસને કોઈકે પૂછ્યું, 'ઈશ્વર સગુણ કે નિર્ગુણ ?' તુલસીદાસજીએ જવાબ આપ્યો, 'હિય નિર્ગુણ, નયનહિ સગુણ !' એટલે કે ઈશ્વર મારા હૃદયમાં નિર્ગુણ નિરાકાર છે પણ મારી આંખોમાં સગુણ સાકાર છે. આંખો તો પ્રભુની રૂપમાધુરી જુએ તો જ તૃપ્ત થાય. તેઓ કહે છે, 'રામનામમાં સ્નેહ થવો એ પૂર્વ જન્મનાં પુણ્યનું ફળ છે. એ બધાં વરદાનમાં ઉત્તમમાં ઉત્તમ વરદાન છે.'

તુલસીદાસજીના નામે અનેક ચમત્કારી કથાઓ પ્રચલિત છે. તુલસીદાસજીની ખ્યાતિ સાંભળી દિલ્હીના મુગલ બાદશાહ શાહજહાંએ એમને દિલ્હી બોલાવ્યા ને હુકમ કર્યો, 'ક્યાં છે તમારો રામ ? દેખાડો !' તુલસીદાસે કંઈ જવાબ ન આપ્યો એટલે બાદશાહે એમને કોટડીમાં પૂરી દીધા. તરત જ ક્યાંકથી હજારો ને લાખો વાનર ત્યાં દોડી આવ્યા અને એમણે ભાંગફોડ શરૂ કરી દીધી. કોઈ રીતે બાદશાહ આ વાનરને ખાળી શક્યો નહિ ત્યારે એણે તુલસીદાસજીને છૂટા કરી દીધા ને એમની માફી માગી.

૧૨૬ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી તુલસીદાસજીએ સંવત ૧૬૮૦માં દેહ છોડ્યો.

**સંવત સોલહસો અસી, અસી ગંગ કે તીર**
**શ્રાવણ શુકલા સપ્તમી, તુલસી તજ્યો શરીર ॥**

# મીરાંબાઈ

(ઈ.સ. ૧૪૯૮ - ૧૫૪૭)

મીરાંબાઈનો જન્મ ઈ.સ.૧૪૯૮માં જોધપુર પાસે આવેલા મેડતા નામના ગામમાં થયો હતો. તેમના પિતા રાવ રતનસિંહ મેડતાના રાજા હતા. મીરાં છ વર્ષનાં હતાં એવામાં એક વાર એમને ત્યાં એક સાધુ મહારાજ પધાર્યા. તેમની પાસે કૃષ્ણની એક સુંદર મૂર્તિ હતી. મીરાંને એ મૂર્તિ ગમી ગઈ. એમણે સાધુ મહારાજ પાસે એ મૂર્તિ માગી. સાધુએ કહ્યું. 'બેટી, આ તો મારા ઈષ્ટદેવ ગિરધર ગોપાલની મૂર્તિ છે. હું રોજ એની પૂજા

કરું છું.' મીરાંએ કહ્યું, 'હું પણ રોજ એની પૂજા કરીશ.' સાધુએ મૂર્તિ મીરાંના હાથમાં મૂકી. મીરાં રાજી-રાજી થઈ ગયાં. મૂર્તિને બંને હાથે છાતી સરસી દાબી હરખથી નાચવા લાગ્યાં!

થોડા વખત પછી મીરાંએ રસ્તા પર વરઘોડો જતો જોયો. આ જોઈ મીરાંએ માને પૂછ્યું, 'મા, મારો વર ક્યાં છે ?' નિર્દોષ બાળકીના શબ્દો સાંભળી માને હસવું આવ્યું. તેણે ગિરધર ગોપાલની મૂર્તિ બતાવી મીરાંને કહ્યું, 'આ તારો વર !' આ સાંભળી મીરાં ખુશ થઈ બોલવા લાગ્યાં, 'મારો વર ગિરધર ગોપાલ !'

અઢાર વર્ષની ઉંમરે ઈ.સ. ૧૫૧૬માં મીરાંનાં લગ્ન ચિત્તોડના રાણા સાંગાના મોટા પુત્ર ભોજરાજ સાથે થયાં. ગિરધર ગોપાલની મૂર્તિ પણ મીરાં પોતાની સાથે લઈ ગયાં. સાસરીમાં બધાં શિવભક્ત હતાં. તેથી મીરાં કૃષ્ણની ભક્તિ કરે એ કોઈને ગમ્યું નહિ. ઘણીવાર મીરાં એકલાં એકલાં ગિરધર ગોપાલની મૂર્તિ સાથે વાતો કરતાં. મીરાંની નણંદ ઉદાએ ભાઈને ફરિયાદ કરી કે ભાભીનાં લક્ષણ સારાં નથી. એ છાની છાની કોઈની સાથે વાતો કરે છે ! રાણાના ગુસ્સાનો પાર ન રહ્યો. બંધબારણે કાન માંડી એ સાંભળી રહ્યો. ખરેખર મીરાં કોઈની સાથે વાત કરતાં હતાં. એકદમ બારણું ઉઘાડી એ ઘરમાં ધસી આવ્યો ને બોલ્યો, 'તું કોની સાથે વાત કરતી હતી ? કયાં ગયો એ દુષ્ટ?' મીરાંએ મૂર્તિ તરફ હાથ કરી કહ્યું, 'હું આની સાથે વાત કરતી હતી.' રાણાને થયું કે મીરાં પાગલ થઈ ગઈ છે એટલે ગમે તેમ લવારો કરે છે પણ ઉદાના મન પર જુદી જ અસર થઈ. એને ખબર પડી ગઈ કે ભાભી કોઈ સાધારણ જીવ નથી, તેમને ભગવાન હાજરાહજૂર છે ! તેણે પોતાની ભૂલની માફી માગી. મીરાંએ ઉદાના માથે હાથ મૂક્યો ને ભજન શરૂ કર્યું:

**મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ**
**દૂસરો ન કોઈ, સાધો, સકલ લોક જોઈ !**
**માઈરી મૈં તો ગોવિંદ લીન્હો મોલ !**
**કોઈ કહે છૂપકે, કોઈ કહે ચૂપકે, મૈં તો લિયો બજાતાં ઢોલ !**

આમ, મીરાંબાઈ કહે છે, ચોરીચૂપકીથી નહિ, હું ઢોલ-નગારાં વગડાવીને કૃષ્ણને વરી છું.

દૂર-દૂરથી સાધુ-સંતો ચિત્તોડમાં આવતા. મીરાંની કીર્તિ અને ભજનો દૂર-દૂર ફેલાતાં જતાં હતાં. એવામાં ભોજરાજનું મરણ થયું. મીરાંનો દિયર વિક્રમાજિત હવે ચિત્તોડનો રાજા થયો. મેવાડની રાજવધૂ ઉઘાડેછોગ સાધુ-સંતો સાથે હળે-ભળે, ભજન-કીર્તન ગાય અને લોકોના દેખતાં પગે ઘૂઘરા બાંધી નાચે એ એને ગમતું નહોતું. એણે મીરાંને ભજન-કીર્તન છોડવાનું કહ્યું પણ મીરાં પર એની કંઈ અસર થઈ નહિ. એવામાં એક નહિ ધારેલો બનાવ બની ગયો. મોગલ બાદશાહ અકબર મીરાંબાઈની કીર્તિ સાંભળી એનાં દર્શન કરવા છૂપાવેશે ચિત્તોડ આવ્યા. બાદશાહ મીરાંબાઈની ભક્તિ જોઈ ખુશ થયા. એમણે એ જ પળે પોતાના ગળામાંથી નવલખો હાર કાઢી ગિરધર ગોપાલની મૂર્તિનાં ચરણમાં ધરી દીધો ને કોઈ કંઈ જાણે એ પહેલાં ત્યાંથી ચાલી ગયા. પણ આ હારે ચાડી ખાધી, 'આવો કીમતી હાર બાદશાહ સિવાય કોઈ પાસે હોઈ જ શકે નહિ !' રાણાના ગુસ્સાએ હવે માઝા મૂકી. એણે એક કરંડિયામાં વિષધર નાગ મૂકી કરંડિયો મીરાંબાઈ પર મોકલી કહેવડાવ્યું, 'આમાં તમારા ઠાકોરજી માટે ફૂલની માળા છે.' મીરાંબાઈએ કરંડિયો ઉઘાડ્યો, તો આખો ઓરડો દિવ્ય સુગંધથી ભરાઈ ગયો. કરંડિયામાંથી નાગ નહિ, ફૂલની માળા નીકળી. મીરાંએ એ માળા ગિરધર ગોપાલની ડોકમાં પહેરાવી ભજન ગાવા માંડ્યું: પાયોજી મૈંને રામ રતન ધન પાયો ! તો પણ રાણો સમજ્યો નહિ. એણે હવે હળાહળ વિષનો કટોરો તૈયાર કર્યો. મીરાંબાઈ કૃષ્ણની મૂર્તિ સામે બેસી મધુર સ્વરે ભજન માંડ્યા હતાં એવામાં રાજમહેલની દાસીઓએ આવી એમની સામે સુવર્ણનો કટોરો ધર્યો. ભગવાનનો પ્રસાદ સમજી મીરાંએ કટોરો મોઢે માંડ્યો ને ઝેર પીધું. મીરાં પર ઝેરની કંઈ જ અસર થઈ નહિ.

હવે મીરાંનું મન ચિત્તોડ પરથી ઊઠી ગયું.

તેમણે સંત તુલસીદાસજીને પત્ર લખ્યો, 'તમે મારાં માતા-પિતા-સમાન છો, મારે શું કરવું તે કહો !' જવાબમાં તુલસીદાસજીએ લખ્યું, 'જેને રામ-સીતા પર પ્રેમ નથી તે ગમે તેવો નિકટનો સંબંધી હોય તો પણ તેને છોડી દેવો.' મીરાંએ મેવાડ છોડ્યું. થોડો વખત તેઓ પિયર મેડતા જઈ રહ્યાં, ને પછી વૃંદાવન ગયાં. વૃંદાવનમાં તે વખતે શ્રી ચૈતન્ય મહાપ્રભુના પરમ ભક્ત જીવા ગોસાંઈ રહેતા હતા. મીરાંબાઈએ તેમનાં દર્શન કરવાની ઈચ્છા પ્રગટ કરી ત્યારે ગોસાંઈએ કહેવડાવ્યું કે હું સ્ત્રીનું મુખ જોતો નથી. જવાબમાં મીરાંબાઈએ કહ્યું,

**'આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક,**
**વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો, તે ધન્ય તમારો વિવેક !'**

આ સાંભળી ગોસાંઈને પોતાની ભૂલ સમજાઈ. તેઓ મીરાંબાઈને મળવા સામા દોડ્યા. વૃંદાવનની રજેરજ કૃષ્ણનાં પગલાંથી પાવન થયેલી. ત્યાં રહી મીરાંબાઈએ કૃષ્ણભક્તિનું પૂર વહાવ્યું. પછી તેઓ ગુજરાતમાં આવ્યાં. થોડો સમય ડાકોર રહ્યાં ને પછી દ્વારકા ગયાં. બાકીનું આયુષ્ય તેમણે દ્વારકામાં જ પૂરું કર્યું. ચિત્તોડના રાણાને હવે પોતાની ભૂલ સમજાઈ હતી. મીરાંબાઈના ગયા પછી ચિત્તોડની હાલત પણ ખરાબ થઈ ગઈ હતી. લોકો તો કહેતાં કે મીરાંબાઈને હેરાન કરી તેનું આ ફળ છે. છેવટે રાણો હાથી-ઘોડા-પાલખી લઈને મીરાંબાઈને પાછાં ચિત્તોડ લઈ આવવા દ્વારકા ગયો ને મીરાંબાઈના પગમાં પડી કરગર્યો, 'મને માફ કરો ને પાછાં ચિત્તોડ પધારો !' મીરાંબાઈએ કહ્યું, 'મારા ગિરધર ગોપાલની રજા મળે તો આવું.' ગિરધર ગોપાલની રજા લેવા મીરાંબાઈ મંદિરમાં ગયાં. આંખમાં અશ્રુ સાથે તેમણે પ્રાર્થના કરી. આજે ગિરધર ગોપાલના મુખ પર કોઈ જુદું જ સ્મિત દેખાયું. એ સ્મિત જોઈ મીરાંબાઈ ગોપીની પેઠે ભાન ભૂલી ગયાં. 'ગિરધર ગોપાલ ! મારા ગિરધર ગોપાલ !' કહી બંને હાથ પહોળા કરી તેઓ એમને ભેટવા દોડ્યાં. કૃષ્ણે પણ જાણે બે હાથ પહોળા કરી એમને પોતાના હૃદયમાં સમાવી દીધાં. મીરાં અદ્રશ્ય થઈ ગયાં. તે વખતે મીરાંબાઈની ઉંમર માંડ પચાસ વર્ષની હતી.

ભારતના ઈતિહાસમાં મીરાંબાઈનું સ્થાન અદ્વિતીય છે. હજારો વર્ષથી ચાલી આવતી જડ રૂઢિઓની સામે એ એકલી નારીએ જે હિંમત બતાવી છે તે અદ્‌ભુત છે. તેમણે હિંદી-વ્રજ અને ગુજરાતી ત્રણેય ભાષામાં કાવ્ય રચ્યાં છે.

# ભક્ત રૈદાસ

**પ્રભુજી, તુમ ચંદન, હમ પાની,**
**જાકી અંગ અંગ બાસ સમાની !**
**પ્રભુજી, તુમ દીપક, હમ બાતી,**
**જાકી જોતિ બરૈ દિન રાતી !**
**પ્રભુજી, તુમ સ્વામી, હમ દાસા,**
**ઐસી ભગતિ કરે રૈદાસા !**

પ્રભુભક્તિનું આવું સુંદર ભજન લખનાર ભક્ત કવિનું નામ રૈદાસ છે. પાંચસો વર્ષ પહેલાં તેમનો જન્મ કાશીમાં થયો હતો. તેમના બાપદાદાનો ધંધો મોચીનો હતો. રૈદાસ પણ જોડા સીવવાનો ધંધો કરતા હતા પણ નાનપણથી જ તેમને પ્રભુભક્તિનો નાદ લાગ્યો હતો. તેથી સદા સાધુ-સંતોનો સંગ શોધતા રહેતા હતા. કાશીમાં સાધુ-સંતોની ખોટ નહોતી પણ મોચીનો ગુરુ થવા કોણ તૈયાર થાય ? વળી, ગુરુ તારે એવો હોવો જોઈએ. છેવટે રૈદાસને એવા ગુરુ મળી ગયા. એ ગુરુ તે સ્વામી રામાનંદ, જેઓ કબીરજીના પણ ગુરુ હતા.

કબીરજી અને રૈદાસજી ઈશ્વરના નિરાકાર સ્વરૂપને ભજનારા નિર્ગુણવાદી સંતો છે છતાં રામ-કૃષ્ણ-હરિ વગેરે સંબોધનો વડે તેઓ પરમાત્મા પ્રત્યે પ્રેમભાવ પ્રગટ કરે છે. રૈદાસજી પોતાના ઘરમાં

ભગવાન વિષ્ણુની પ્રતિમા પણ રાખતા હતા. જોડા સીવતાં સીવતાં-ચામડાં પર ટાંકા લેતાં લેતાં તેઓ ભજન ગાતા ત્યારે તેમની આંખોમાંથી આંસુની ધાર વહી જાતી !

રૈદાસજીનું નામ લોકોમાં ભક્ત તરીકે પ્રચલિત થતું ગયું તેમ બ્રાહ્મણો તેમના પર દાઝે બળવા લાગ્યા. તેમણે કાશીના રાજાને ફરિયાદ કરી કે અસ્પૃશ્ય-મોચી-થઈને રૈદાસ ઘરમાં ભગવાનની મૂર્તિ રાખે છે ને એની પૂજા પ્રાર્થના કરે છે તે અનર્થ છે. રાજા જો આ અનર્થ નહિ અટકાવે તો એનું પાપ રાજાને લાગશે !

રાજાએ રૈદાસને બોલાવી આજ્ઞા કરી, 'તારું ઘર મંદિર નથી, માટે તારા ઘરમાંથી મૂર્તિ કાઢી નાખ અને બ્રાહ્મણોને આપી દે. બ્રાહ્મણો એની પૂજા કરશે.' રૈદાસે કહ્યું, 'મને વાંધો નથી. બ્રાહ્મણો એ મૂર્તિ લઈ જાય. હું મૂર્તિ અહીં મૂકું છું' એમ કહી એમણે ભગવાનની મૂર્તિ એક આસન પર પધરાવી. પછી બ્રાહ્મણોને કહ્યું, 'આપ સૌ તો ભગવાનના વહાલા ભક્તો છો, ભગવાનને સાદ કરશો તો તરત મૂર્તિ તમારા તરફ દોડી આવશે ને તમારા ખોળામાં બિરાજશે ! માટે મંત્રોચ્ચાર શરૂ કરો !' બ્રાહ્મણોએ વેદઘોષ આરંભ્યો. ઉપરાઉપરી મંત્રો બોલાવા માંડ્યા. એક પંડિત થાકે એટલે બીજો પંડિત બોલે, બીજો થાકે એટલે ત્રીજો બોલે ! આમ, કેટલોય વખત ગયો, પણ મૂર્તિ ત્યાંની ત્યાં રહી. રાજાએ કહ્યું, 'હવે રૈદાસનો વારો !' રૈદાસે કહ્યું, 'મને ક્યાં વેદમંત્ર આવડે છે? ભક્તિમાં પણ હું શું જાણું ? અને ભજન શરૂ કર્યું :

**પ્રભુજી, ચંચલ હૈ મતિ મેરી, કૈસે ભગતિ કરું મૈં તેરી ?**
**તૂ મોહિ દેખૈ, હૌં તોહિ દેખૂં, પ્રીતિ પરસ્પર હોઈ,**
**તૂ મોહિ દેખૈ, તોહિન દેખૂં, યહ મતિ સબ વિધિ ખોઈ !**
**મૈં તૈં તોરિ મોરિ અસમઝિ સોં કૈસે કરિં નિસ્તારા ?**
**કહ રૈદાસ કૃષ્ણ કરુણામય જૈ જૈ જગત-અધારા !**
**જૈ જૈ જગત -અધારા ! જૈ જૈ જગત અધારા !**

છેલ્લા શબ્દો બોલાતાં તો મૂર્તિ દોડીને રૈદાસના ખોળામાં આવી ગઈ. બ્રાહ્મણોનાં મોં પડી ગયાં. રાજાએ રૈદાસને માનપાન સાથે વિદાય કર્યા.

એક વાર ચિત્તોડનાં ઝાલી રાણીએ રૈદાસની કીર્તિ સાંભળી એમને ચિત્તોડ પધારવા નિમંત્રણ આપ્યું. રૈદાસ પધાર્યા એટલે એમના માનમાં રાણીએ બ્રાહ્મણોને ભોજન આપ્યું. બ્રાહ્મણોએ રૈદાસ સાથે બેસવાની ના પાડી. તેઓ જુદા બેઠા. ભોજન પીરસાયું અને જ્યાં બ્રાહ્મણો કોળિયો મોંમાં મૂકે છે ત્યાં તેમણે જોયું તો બે બ્રાહ્મણની વચ્ચે એક-એક રૈદાસ બેઠા હતા. હો હો કરી બ્રાહ્મણો ઊભા થઈ ગયા પણ બીજી જ પળે તેમણે જોયું તો રૈદાસ ત્યાં હતા નહિ, બધા બ્રાહ્મણો જ હતા ! ફરી બ્રાહ્મણો ભાણા પર બેઠા, ફરી તેમણે કોળિયો ભર્યો, ત્યાં જોયું તો ફરી બે બ્રાહ્મણોની વચ્ચે એક એક રૈદાસ દેખાયા ! હવે તેમને રૈદાસનો મહિમા સમજાયો. તેમને સમજાયું કે ભક્ત છે તે ભગવાનનું જ સ્વરૂપ છે.

મીરાંબાઈએ રૈદાસને પોતાના ગુરુ કર્યા હતા. એમનાં ઘણાં ભજનોમાં ગુરુ તરીકે રૈદાસનો ઉલ્લેખ આવે છે. જેમ કે -

**મીરાં સદ્‌ગુરુ દેવ કી કરે વંદન ખાસ,**
**ચિત્ત ચેતન આતમ કહ્યા ધન્ય ભગત રૈદાસ !**

મીરાંબાઈ જેવી રાજકન્યા, રાજવધૂ અને રાજરાણી રાજપૂતાણીનો ગુરુ એક જોડા સીવનારો મોચી ! એ મોચીમાં જ્ઞાનનું અને ભક્તિનું કેવું કૌવત હશે ! ભક્તોની સર્વત્ર એક જ નાત છે. અરે! મનુષ્યની કેવળ એક જ નાત છે, જગતમાં મનુષ્યથી ચઢિયાતું કંઈ જ નથી એવું આ ભક્તો પોતાના દાખલા પરથી આપણને સમજાવે છે.

રૈદાસે ૧૦૫ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવ્યું હતું.

# ભક્તકવિ શ્રી જયદેવ

**જયદેવ કવિ નૃપ ચક્કવઈ, ખંડ-મંડલેશ્વર આનિ કવિ,**
**પ્રચુર ભયો તિહુ લોક ગીતગોવિંદ ઉજાગર**
**કોક કાવ્ય નવ રસ સરસ શૃંગાર કૌ આગર**
**અષ્ટપદી અભ્યાસ કરઈ, તિહિ બુદ્ધિ બઢા વઈ**
**રાધા-રમણ પ્રસન્ન સુનત હાં નિશ્ચઈ આવઈ**
**સન્ત સરોરુહ ખંડ કૌ પદ્મમાવતી - સુખજનક રવિ**
**જયદેવ કવિ નૃપ - ચક્કવઈ, ખંડ-મંડલેશ્વર આનિ કવિ!**

કવિ જયદેવ કવિઓમાં ચાક્રવર્તી છે, જ્યારે બીજા કવિઓ નાની રિયાસતોના ખંડિયા રાજા જેવા છે, ત્રણેય લોક 'ગીતગોવિંદ'ના પ્રકાશથી ઝળહળી ઊઠ્યાં છે. કાવ્ય, નવ રસ અને સરસ શૃંગારનો એ સાગર છે, જે એની અષ્ટપદીઓનો અભ્યાસ કરે છે તેની બુદ્ધિ વધે છે, રાધારમણ (કૃષ્ણ) એ સાંભળીને પ્રસન્ન થાય છે અને દોડી આવે છે એ વિશે શંકા નથી. જયદેવ એ પદ્માવતીને સુખ દેનારો સૂરજ છે, સંતરૂપ કમળોનો એ રવિ છે. ખરેખર, કવિ જયદેવ કવિઓમાં ચક્રવર્તી છે.

સોળમી સદીમાં ભક્ત નાભાજીએ ભક્તમાળ નામનો ગ્રંથ લખ્યો છે તેમાં કવિ જયદેવ વિષે તેમણે આ શબ્દો લખ્યા છે. 'ગીતગોવિંદ' એવી અદ્ભુત રચના છે અને કવિ જયદેવ એવા અદ્ભુત કૃષ્ણભક્ત છે.

જયદેવ કવિનો જન્મ પશ્ચિમ બંગાળના વીરભૂમ જિલ્લામાં અજય નદીના કિનારે આવેલા કેન્દુલી (પ્રાચીન નામ કેન્દુ-બિલ્વ) નામના ગામમાં આજથી આઠસો વર્ષ પહેલાં થયો હતો. આજે પણ કેન્દુલીમાં 'જયદેવ ઠાકુરનું પુકુર' નામે મોટું તળાવ છે, જયદેવ ઠાકુરનું ખંડેર ઘર પણ છે અને આઠસો વર્ષથી દર વર્ષે ત્યાં જયદેવ ઠાકુરના નામે વૈષ્ણવનો મોટો મેળો ભરાય છે, જેમાં દૂર-દૂરથી વૈષ્ણવ સાધુ-સંતો અને ભજનિકો આવે છે.

જયદેવનાં માતા-પિતા એને નાનો મૂકીને મરણ પામ્યાં હતાં એટલે પારકાંના આશ્રયે એ ઊછર્યા હતા. કુળની પરંપરા પ્રમાણે એમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો, તેમાં ભાગવતના અધ્યાપને એમના પર ઊંડી અસર કરી. એ કૃષ્ણભક્ત બની ગયા ને રાધાકૃષ્ણના પ્રેમનાં ગીતો ગાવા લાગ્યા. એક વાર એક શાહુકારે એને કહ્યું, 'તું તો ભજનિયાં ગાતો ફરે છે, પછી તારા બાપનું આ દેવું કોણ વાળશે?' આમ કહી એણે એમને ચોપડો બતાવ્યો. જયદેવ તો ભક્ત માણસ. ભક્તો અને સંતો ખૂબ શ્રદ્ધાળુ અને વિશ્વાસુ હોય છે. તેથી તેમને છેતરવાનું સહેલું હોય છે. આ શાહુકારે પણ એવું જ કર્યું હતું. જયદેવે પિતાનું દેવું કબૂલ કર્યું અને દેવા પેટે પોતાનું ઘર શાહુકારને લખી આપ્યું. બરાબર એ વખતે બૂમ પડી કે શાહુકારના ઘરને આગ લાગી છે ! આગ તો બધાંએ ભેગાં થઈને હોલવી પણ શાહુકારના દિલમાં હવે પશ્ચાત્તાપની આગ લાગી. જયદેવના પગમાં પડી એણે માફી માગી અને કહ્યું, 'દેવું-બેવું કંઈ નથી. મેં બધી બનાવટ કરી હતી. તમારું ઘર તમારું જ છે'. પણ જયદેવે કહ્યું, 'તમારી ઈચ્છાથી કંઈ થતું નથી, બધું ભગવાનની જ ઈચ્છાથી થાય છે. ભગવાનની જ ઈચ્છા મને અહીંથી કાઢવાની છે !' આમ કહી પોતાનાં પુસ્તકોની પોટલી ખભે નાખી એમણે ચાલવા માંડ્યું.

તે સમયે નવદ્વીપ (બંગાળ)ના હિંદુ રાજા લક્ષ્મણ સેને જયદેવ કવિની કીર્તિ સાંભળી એને પોતાના દરબારમાં રાજકવિ બનાવ્યા. એના દરબારમાં બીજા પણ કવિઓ હતા. બધાં કાવ્યગાન અને કાવ્યચર્ચાનો આનંદ માણતાં.

કવિ જયદેવની કીર્તિ 'ગીતગોવિંદ'થકી છે. એ એક અદ્ભુત કાવ્ય છે, એમાં રાધા અને કૃષ્ણના દિવ્ય પ્રેમની કથા આલેખાઈ છે. એના શબ્દેશબ્દમાં દિવ્ય સંગીત સંભળાય છે. પરમાત્માની પ્રાપ્તિ માટે જીવમાં કેવી આરઝુ જોઈએ તેનું વર્ણન છે, એમાં

પ્રભુદર્શન અને પ્રભુના સ્વરૂપમાં લીન થઈ જવાની વ્યાકુળતા છે, તાલાવેલી છે. જેમ ભક્ત ભગવાનનાં દર્શન ઝંખતો હોય છે તેમ ભગવાન પણ ભક્તનાં દર્શન ઝંખે છે. ગીતગોવિંદની પહેલી લીટીમાં જ વાદળઘેરી ચોમાસાની રાતનું વર્ણન ચિત્તને જકડી લે છે. मेघै र्मेदुरमम्बरं वनभुवरश्यामास्तमाल द्रुमैः नक्तम्- આકાશ વાદળઘેરું છે, વનભુવન તમાલવૃક્ષોથી શ્યામ છે, રાત છે. 'ગીતગોવિંદ' માં ૧૨ સર્ગ છે અને ૨૪ ગીત કે પદ છે. વિષ્ણુના દશાવતારની સ્તુતિ પછી કાવ્યની શરૂઆત થાય છે.

મુગ્ધમાધવ નામે દશમા સર્ગમાં માત્ર એક જ ગીત છે અને તે પણ નાનકડું. પણ એ ખૂબ પ્રખ્યાત છે. કૃષ્ણ રાધાને મનાવે છે અને તેમ કરતાં કહે છે, 'હું તારા પગને અળતો લગાડું ! તારા પદપલ્લવનો સ્પર્શ મને પીડી રહેલા પ્રેમ-વિષનો નાશ કરશે અને મારા શિરની શોભા બની રહેશે. (स्मरगरल खण्डनम् मम शिरसि मण्डनम् देहि पदपल्लवम् उदारम् ।) આ પદ મનમાં સૂઝયું ત્યાં જયદેવ વિચારમાં પડી ગયા કે કૃષ્ણ તો વિષ્ણુનો અવતાર, પૂર્ણપુરુષોત્તમ, બ્રહ્માંડનો અધિપતિ. એ રાધાને એમ કહે ખરા કે તારા પગ મારા મસ્તક પર મૂક ? આ તો ભગવાનને હલકા પાડવા જેવું થાય. આવું લખાય જ કેમ? એટલે એમણે એ લીટી લખી નહિ. એમની મૂંઝવણનો પાર ન રહ્યો. એટલામાં એમનાં પત્ની પદ્માવતીએ આવીને કહ્યું, 'જમવાનો વખત થયો છે. નદીએ જઈ નાહી આવો.' જયદેવે એને પોતાની મુસીબતની વાત કરી. પદ્માવતીએ કહ્યું, 'નાહી-ધોઈ જમીને આરામ કરો, એટલામાં શું કરવું તે સૂઝી જશે !' થોડીવાર પછી પદ્માવતીએ જોયું તો પતિ વહેલા વહેલા નદીએથી નાહીને પાછા આવી ગયા હતા. એણે ઝટ-ઝટ ભાણું પીરસી દીધું. જયદેવ જમીને નિત્યક્રમ મુજબ કક્ષમાં ગયા ને બારણું બંધ કર્યું. હવે પદ્માવતી પતિએ છાંડેલો પ્રસાદ જમવા બેઠી ત્યાં એણે ફરી જયદેવને નદીએથી નાહીને આવતા જોયા. એની નવાઈનો પાર ન રહ્યો. તે કંઈ પૂછવા જાય એ પહેલાં એ આવનાર જયદેવે જ પૂછ્યું, 'મને જમાડ્યા વિના તમે કદી જમતાં નથી અને આજે આમ કેમ ?' પદ્માવતીએ કહ્યું, 'તમને જમાડીને જ જમું છું, તમે જમીને તમારા કક્ષમાં આરામ કરવા ગયા, પછી જ હું જમવા બેઠી છું.' હવે બંને જણે સાથે ઓરડો ઉઘાડ્યો ને જોયું તો કોઈ નહોતું. જયદેવે પોતાનાં લખવાનાં સાધનો જોયાં તો એ કંઈક આઘાંપાછાં થયેલાં હતાં ! જયદેવે ધ્યાનથી જોયું તો એના અધૂરા ગીતમાં 'સ્મરગરખંડનમ્'વાળી એક લીટી કોઈએ ઉમેરી હતી. એ વાંચી બંને હર્ષથી નાચી ઊઠ્યાં. તેઓ સમજી ગયાં કે ભગવાન પોતે જ જયદેવનું રૂપ લઈને આવ્યા હતા અને તેમણે પોતે જ આ લીટી લખી હતી. એ લખીને એમણે જયદેવની મૂંઝવણનો ઉકેલ કરી આપ્યો અને બતાવ્યું કે રાધાના પદપલ્લવ મારા મસ્તક પર પડે તેથી મારું માન લેશ પણ ઓછું થતું નથી, ઊલટું વધે છે ! પતિ-પત્ની બંનેએ સાથે એ દિવસે કૃષ્ણના છાંડેલા ભાણાનો પ્રસાદ લીધો.

ભગવાન ભક્તો પર કેવો દિવ્ય પ્રેમ રાખે છે તેનું આપણને આ કાવ્યમાં દર્શન થાય છે. જેમ ભક્ત પ્રભુને કહે છે તેમ પ્રભુ ભક્તને કહે છે, 'તું જ મારું ભૂષણ છે, તું જ મારું જીવન છે. त्वमसि मम भूषणम् त्वमसि मम जीवनम्।

જયદેવનાં પત્ની પદ્માવતી પણ જયદેવની જેમ જ ભગવદ્‌ભક્ત હતાં. એમના પિતાની ઈચ્છા એમને પુરીના જગન્નાથ મંદિરમાં દેવદાસી તરીકે ભગવાનને અર્પણ કરવાની હતી, પરંતુ એક દિવસ ભગવાન જગન્નાથે જ એમને સ્વપ્નમાં આજ્ઞા કરી કે તું એને જયદેવ સાથે પરણાવ. પિતાએ ભગવાનની આ આજ્ઞા માથે ચડાવી અને પદ્માવતી જયદેવનાં પત્ની બન્યાં. એક વાર મિથિલાના એક પ્રખ્યાત ગાયકે ગાનવાદનની હરીફાઈનો પડકાર ફેંક્યો ત્યારે જયદેવે

જ પદ્માવતીને એ પડકાર ઉપાડી લેવા કહ્યું હતું. પદ્માવતીએ એ હરીફાઈમાં પોતાનું કૌશલ બતાવી જીત મેળવી હતી. જયદેવ-પદ્માવતીનું દાંપત્યજીવન ખૂબ જ સુખી હતું. જયદેવે પોતે પોતાને 'પદ્માવતીચરણ-ચારણ ચક્રવર્તી' કહ્યો છે.

પદ્માવતી-જયદેવના પ્રેમ વિષે કેટલીક લોક-વાયકા છે તેમાં એક એવી છે કે એક વાર જયદેવ બહારગામ ગયા હતા, ત્યારે કેટલીક સખીઓએ પદ્માવતીની મશ્કરી કરતાં કહ્યું, 'પરદેશમાં કવિને કંઈ થઈ ગયું ને એ મરી ગયા.' આ સાંભળતાં જ પદ્માવતી બેભાન થઈને પડી. એના પ્રાણ નીકળી ગયા. આ ખબર કવિને મળતાં એ તરત જ દોડી આવ્યા અને પત્નીના પગ આગળ બેસી 'ગીતગોવિંદ' ગાવા લાગ્યા. છેવટે ભગવાન વહારે ધાયા અને પદ્માવતી આળસ મરડી બેઠાં થયાં.

જયદેવ વૈષ્ણવ સંત હતા, પણ સાથે સાથે તેઓ સ્માર્ત શૈવ બ્રાહ્મણ હતા. તેઓ ગણેશ, સૂર્ય, વિષ્ણુ, શિવ અને ઉમા એ પંચદેવની પૂજા કરતા. 'ગીતગોવિંદ' કાવ્યે ભક્તિમાર્ગના પ્રચારને બહુ વેગ આપ્યો છે. એના પર ચાલીસ જેટલાં તો ભાષ્ય રચાયાં છે. જગન્નાથપુરીના મંદિરમાં દેવદાસીઓને ભગવાન આગળ માત્ર 'ગીતગોવિંદ' જ ગાવું એવી રાજ-આજ્ઞા હતી. આજે વિશ્વભરનું એ એક ઉત્તમોત્તમ કાવ્ય ગણાય છે. ભક્તોને મન તો એ ઉત્તમોત્તમ ભક્તિગીત છે જ.

## એકનાથ

(સંવત ૧૫૯૦ - સંવત ૧૬૫૬)

મહાત્મા એકનાથનો જન્મ પૈઠણના એક બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ પરિવારમાં ૧૫૯૦માં થયો હતો. એકનાથ ઘણાં વરસ સુધી ગુરુની સેવા કરી જ્ઞાનના અધિકારી થયા હતા. ભાગવત એ એકનાથનું પ્રિય પુસ્તક હતું. તેઓ તેની કથા કરતા અને તેનો અર્થ સૌને સમજાવતા. તેઓ ભજનો પણ બનાવતા ને ગાતા. તેમનાં પત્ની ગિરિજાબાઈ પણ તેમના જેવાં જ ભગવદ્ભક્ત હતાં. અતિથિસેવા એ તેમનું મુખ્ય કાર્ય હતું.

એક વાર એકનાથને ત્યાં શ્રાદ્ધ નિમિત્તે બ્રાહ્મણો ભોજન કરવાના હતા. એવામાં કેટલાક હરિજન એમના ઘર આગળ થઈને નીકળ્યા. પકવાનની મીઠી સુગંધ આવતાં તેમનાથી બોલાઈ ગયું, 'કેટલાં પુણ્ય કર્યાં હોય ત્યારે આવું ખાવાનું મળે !' આ શબ્દો એકનાથના કાને પડ્યા. તેમણે તરત જ હરિજનોને કહ્યું, 'રસોઈ તૈયાર છે, સહકુટુંબ જમવા પધારો !' અને ખરેખર એમણે હરિજનોને સહકુટુંબ જમાડ્યા. તે પછી ગિરિજાબાઈ બ્રાહ્મણો માટે ફરી રસોઈ કરવા બેઠાં. પણ એક વાર બ્રાહ્મણો માટે કરેલી રસોઈ હરિજનોને ખવડાવી દીધી, તેથી બ્રાહ્મણો ગુસ્સે થયા હતા. તેમણે જમવા આવવાની ના પાડી. ત્યારે એકનાથના એક શિષ્ય શ્રીખંડે કહ્યું, 'પ્રભુ, આજે તમે એવું સત્કર્મ કર્યું છે કે પિતૃઓ પોતે આવીને ભોજન લેશે. પાતળો મુકાઈ અને ભાણાં પીરસાયાં. પછી ચમત્કાર થયો. સ્વર્ગમાંથી પિતૃઓ ઊતરી આવ્યા ને ભોજન કરવા બેસી ગયા. બ્રાહ્મણોએ છુપાઈને આ જોયું. પછી તેમને ખૂબ પસ્તાવો થયો. કહે છે કે એકનાથની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાન પોતે શ્રીખંડ નામ ધરી એમને ઘેર રહ્યા હતા ને બાર વરસ સુધી એમણે એમની સેવા કરી હતી.

એકનાથના ઘેર રોજ કથા-કીર્તન ચાલતાં. એકનાથ કહેતા, 'બધે પ્રભુનો વાસ છે. કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. બધા પરમાત્મા સ્વરૂપ છે.' રાણો હરિજન રોજ આ સાંભળે. એકનાથ મહારાજ પર એને એવી ભક્તિ કે એક દિવસ એણે મહારાજને જમવા પધારવા નિમંત્રણ આપ્યું. બીજા દિવસે એકનાથ રાણા હરિજનના ઘેર ગયા. હરિજન દંપતીએ ભક્તની પૂજા કરી. ભક્તે આનંદથી ભોજન કર્યું. આખા ગામમાં આ

વાત ફેલાઈ ગઈ. બ્રાહ્મણો એકનાથને 'ભ્રષ્ટ ચંડાળ' કહી ભાંડવા લાગ્યા. એકનાથ કહે, 'મારી નિંદા કરનારાઓ મારા પાપ ધુએ છે. તેઓ મારા ગુરુ છે. હું તેમને પ્રણામ કરું છું.'

એકનાથ કદી પણ કોઈના પર ગુસ્સે થતા નહિ. એકનાથના નિંદકોએ એક ગરીબ બ્રાહ્મણને ઉશ્કેર્યો, 'તું એકનાથને ગુસ્સે કરે તો અમે તને બસો રૂપિયા આપીશું !' બ્રાહ્મણ એકનાથના ઘરે ગયો. એકનાથ તે વખતે પૂજા કરવા બેઠેલા હતા. બ્રાહ્મણ જોડાં પહેરીને પૂજાઘરમાં ઘૂસી ગયો ને એકનાથના ખોળામાં બેસી ગયો. એકનાથ ગુસ્સે ન થયા. બ્રાહ્મણ ભોંઠો પડી ગયો. તેને બસો રૂપિયાનો લોભ હતો. તેણે કહ્યું, 'મને ભૂખ લાગી છે.' એકનાથ બ્રાહ્મણને લઈ જમવા બેઠા. ગિરિજાબાઈ પીરસવા નમ્યા ત્યાં બ્રાહ્મણ કૂદીને તેમની પીઠ પર સવાર થઇ ગયો તોયે એકનાથ ગુસ્સે થયા નહિ. બ્રાહ્મણની દશા તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ. એકનાથ અને ગિરિજાબાઈના પગમાં પડી તેણે એમની માફી માગી આંસુથી એમના પગ ધોયા. રોતાં રોતાં એણે કહ્યું, 'બસો રૂપિયાના લોભે તમને ગુસ્સે કરવા મેં આ પાપ કર્યું છે'. એ સાંભળી એકનાથે કહ્યું, 'તો પહેલાંથી એવું કહેવું હતું ને હું ગુસ્સે થાત.' બોલતાં બોલતાં એ હસી પડ્યા.

એકનાથ રોજ નદીએ નહાવા જતા. રસ્તામાં એક મુસલમાનનું ઘર આવતું. એ મુસલમાન એકનાથ નહાઈને ઘેર જતા હોય ત્યારે એમના પર થૂંકતો. એકનાથ ફરી નહાવા જાય. નહાઈને આવે એટલે ફરી એમના પર થૂંકે પણ કદી એ ગુસ્સે થતા નહિ. એક દિવસ આ મુસલમાન હઠે ચડ્યો. એ એકસો ને આઠ વાર એકનાથ ઉપર થૂંક્યો, તોયે એકનાથના મનની શાંતિ તૂટી નહિ. છેવટે મુસલમાન શરમાયો ને એકનાથના પગમાં પડી માફી માગી. ત્યારે એકનાથે તેને ધન્યવાદ આપતાં કહ્યું કે તેં મને ૧૦૮ વાર ગંગાસ્નાનનું પુણ્ય આપ્યું છે.

એકનાથના ઘરમાં અતિથિઓનું આઠે પહોર સ્વાગત થતું. એકવાર મધરાતે અતિથિ આવી ચડ્યા. એમના માટે રસોઈ કરતાં બળતણ ખૂટ્યું તો એકનાથે ઘરના છાપરામાંથી વળીઓ ખેંચી કાઢી! એ વળીઓ બાળીને રસોઈ કરી ગિરિજાબાઈએ અતિથિઓને જમાડ્યા.

એક વાર એકનાથના ઘરમાં ચોર ચોરી કરવા આવ્યા. તેમણે લેવાય તે લીધું પછી બીજા ઓરડામાં ગયા, તો ત્યાં એકનાથ ઘીનો દીવો કરી હરિસ્મરણ કરતા બેઠા હતા. તેમણે આંગળીએથી પોતાની વીંટી કાઢી આપી ચોરને કહ્યું, 'આ પણ લઈ જાઓ, કામ લાગશે.' ચોરે એકનાથની માફી માગી. એકનાથે ગિરિજાબાઈને જગાડી રસોઈ કરાવી ચોરને જમાડ્યા ને પ્રસાદ બંધાવી વિદાય કર્યા.

એકનાથે આખા ભારતની યાત્રા કરી હતી. એક વાર કેટલાક સંતો સાથે તેઓ કાશીથી કાવડમાં ગંગાજળ લઈ રામેશ્વર જતા હતા. ગંગાજળ ભગવાન રામેશ્વરને ચડાવવાનું હતું. રસ્તે જતાં એકનાથે એક ગધેડાને પાણી વિના ભોંય પર તરફડતો જોયો. એકનાથને દયા આવી. એમણે ખભેથી કાવડ ઉતારી બધું ગંગાજળ મરતા ગધેડાને પાઈ દીધું. ગધેડો બચી ગયો. એકનાથના સાથીઓએ કહ્યું, 'તમે આ શું કર્યું ? ભગવાનનું ગંગાજળ ગધેડાને પાઈ દીધું ? હવે રામેશ્વરને શું ચડાવશો ?' એકનાથે કહ્યું, 'ગંગાજળ મેં રામેશ્વરને જ ચડાવ્યું છે. ગધેડામાં પણ એ જ રામેશ્વર છે.' એકનાથ આવા દયાળુ અને સમદૃષ્ટિવાળા હતા.

એકનાથને હરિ નામે પુત્ર હતો. એ સંસ્કૃત ભાષાનો મોટો પંડિત હતો. એકનાથ મરાઠી ભાષામાં કથા કરતા ને ભજનો લખતા તે હરિ પંડિતને ગમતું નહિ. એક વાર પૈઠણની એક બાઈએ પતિની માંદગીમાં એક હજાર બ્રાહ્મણોને જમાડવાની બાધા રાખી હતી. પણ પછી પતિ ગુજરી ગયો અને ઘરની હાલત એવી ખરાબ થઈ ગઈ કે ચાર બ્રાહ્મણને પણ જમાડી શકે તેમ નહોતી. કોઈ શાસ્ત્રીજીએ એને સલાહ આપી કે તું એક જ જ્ઞાની બ્રાહ્મણને જમાડે તો પણ એક હજાર બ્રાહ્મણને

જમાડ્યા બરાબર છે. વિચાર કરીને બાઈએ એકનાથને જમાડવાનું નક્કી કર્યું. હરિ પંડિતે રસોઈ કરી અને એકનાથ જમ્યા. પિતા જમીને ઊઠ્યા એટલે પુત્રે એમની એંઠી પતરાવળી ફેંકી દેવા માટે ઉપાડી તો નીચે બીજી દેખાઈ. બીજી ઉપાડી તો ત્રીજી દેખાઈ. આમ પૂરી એક હજાર પતરાવળીઓ થઈ. હરિ પંડિતને ખાતરી થઈ ગઈ કે પિતા સંસ્કૃતના પંડિત નથી પણ એ ખરેખરા જ્ઞાની છે ! માત્ર સંસ્કૃતના પંડિત થવાથી જ્ઞાની થવાતું નથી. હરિ પંડિતનો અહંકાર ઓગળી ગયો.

એકનાથે શ્રીમદ્ ભાગવત ઉપર સુંદર ગ્રંથ લખ્યો છે. તે 'એકનાથી ભાગવત' નામે વિખ્યાત છે. તેમણે અસંખ્ય ભજન લખ્યાં છે. જ્ઞાનેશ્વર મહારાજ પ્રત્યે તેમને ખૂબ જ પૂજ્યભાવ હતો. જ્ઞાનેશ્વરી ગીતામાં લહિયાઓની બેદરકારીના લીધે જે અશુદ્ધિઓ રહી ગઈ હતી તે તેમણે દૂર કરી પોતાના હાથે તેની શુદ્ધ પ્રત તૈયાર કરી હતી.

એકનાથે જોયું કે હવે મારું જીવનકાર્ય પૂરું થઈ ગયું છે એટલે એમણે દેહત્યાગ કરવાનો નિર્ણય કર્યો અને દિવસ નક્કી કરી મહિના અગાઉથી એની જાહેરાત કરી. ગામેગામથી લોકોનાં ટોળેટોળાં એમનાં છેલ્લાં દર્શન કરવા અને એમની છેલ્લી વાણી સાંભળવા આવ્યાં. એકનાથ સૌની સાથે ભજન ગાતાં ગાતાં નદીએ ગયા. એમણે નદીમાં સ્નાન કર્યું. પછી ઊંચા આસન ઉપર પલાંઠીવાળીને બિરાજ્યા ને લોકોને ઉપદેશ આપ્યો, 'હવે હું જાઉં છું. ભાગવત ધર્મનું પાલન કરજો, હળીમળીને રહેજો, વિઠોબાના ચરણનું શરણ લેજો ને મનુષ્યજન્મ સાર્થક કરજો !' આમ કહી તેઓ આંખો મીંચી ધ્યાનમાં બેઠા. તે જ ઘડીએ એમણે દેહનો ત્યાગ કર્યો. એ હતી સંવત ૧૬૫૬ની ચૈત્ર વદ છઠ. તે વખતે તેમની ઉંમર છાસઠ વર્ષની હતી.

## સંત તુકારામ

(સંવત ૧૬૬૫ - ઈ. સ. ૧૬૪૯)

સંવત ૧૬૬૫માં સંત તુકારામનો જન્મ પૂના પાસેના દેહુ ગામમાં થયો હતો. તેઓ કણબીના પુત્ર હતા. તેઓ વેપાર-ધંધામાં સારું કમાતા હતા. પરંતુ ધંધા કરતાં ભજન-કીર્તનમાં એમનું ચિત્ત વધારે હતું. વળી, કોઈનું દુઃખ એમનાથી જોવાતું નહોતું. એક વાર તેઓ બહારગામથી ધન કમાઈને આવતા હતા ત્યાં રસ્તામાં એમણે એક બ્રાહ્મણને ભીખ માગતો જોયો. એની ડોકે લાકડાનું હળ બાંધેલું હતું અને હાથે પગે લોઢાની સાંકળ હતી. તે જમાનામાં દેવાળિયા માણસને આવા વેશે ઘેર ઘેર ભીખ માગવા ફેરવવામાં આવતો. તુકારામને એ બ્રાહ્મણની દયા આવી. એમણે પોતાની પાસેની બધી રકમ આપી દઈ એનું દેવું ચૂકતે કર્યું ને એને છોડાવ્યો. ઘરાકને માલ તોળી આપતી વખતે ઓછો તો નથી અપાઈ જતો ને એ બીકે તેને વધારે જ તોળી આપતા. પરિણામે એમનો ધંધો બેસી ગયો ને ઘરમાં ગરીબાઈ આવી.

તુકારામ પરણેલા હતા, બાળકો પણ હતાં. એક વાર તુકારામ ઘરના આંગણામાં બેસી ભજન કરતા હતા, ત્યાં એક ગરીબ બાઈ આવી. એની પાસે પહેરવા કપડું નહોતું. તુકારામનાં પત્ની તે વખતે નહાવા બેઠાં હતાં. તેનો સાડલો ખીંટીએ લટકતો હતો. તુકારામે તે પેલી બાઈને આપી દીધો. તેમનાં પત્ની પાસે આ એક જ સાડલો હતો. તેમણે કહ્યું, 'હવે હું શું પહેરીશ ?' તુકારામ કહે, 'રામકૃષ્ણ હરિ! રામકૃષ્ણ હરિ !'

તુકારામનાં ભજન સાંભળવા લોકોની ભીડ થતી હતી. તે જોઈ મંબાજી નામે એક બ્રાહ્મણ સાધુને ઈર્ષ્યા થતી હતી. એક દિવસ તેણે ખિજાઈને તુકારામને લાકડીએ-લાકડીએ ધીબી નાંખ્યા. તુકારામ કંઈ બોલ્યા નહિ. સાંજે મંબાજી મંદિરમાં દેખાયા નહિ એટલે એમણે એના ખબરઅંતર પૂછ્યા તો જાણવા મળ્યું કે ઓચિંતાનો મંબાજી માંદો પડી ગયો છે. તરત જ

તુકારામ મંબાજીના ઘેર ગયા અને એમને દંડવત્ પ્રણામ કરી એમના પગ દાબવા બેસી ગયા. તુકારામની નમ્રતા અને સાધુતા જોઈ મંબાજીનો ગર્વ ગળી ગયો, પછી તો એ એમના શિષ્ય બની ગયા.

રામેશ્વર ભટ એક વિદ્વાન બ્રાહ્મણ હતા. કવિતા તો સંસ્કૃતમાં જ લખાય એવું એ માનતા હતા. એણે તુકારામને કહ્યું, 'તું મરાઠી ભાષામાં ભજન ગાય છે તે પાપ કરે છે. જા, તારી બધી કવિતા નદીમાં નાખી દે ને કવિતા લખવાનું બંધ કર !'તુકારામે કવિતાનું પોટલું ઈન્દ્રાયણી નદીમાં પધરાવી દીધું. આ જાણીને ભક્તોને બહુ દુઃખ થયું. તેમણે કહ્યું, 'કવિતા ભક્ત તુકારામે વિઠોબાની આજ્ઞાથી લખી હતી – કણબી તુકારામને એ કવિતા નદીમાં ફેંકી દેવાનો શો અધિકાર હતો ? આ તો વિઠોબાનું અપમાન થયું.' તુકારામને એવું દુઃખ થયું કે એ ખાધાપીધા વગર મંદિરમાં તેર દિવસ પડી રહ્યા ત્યારે વિઠોબાએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું, 'દુઃખી ન થા ! જો તારી કવિતા નદીનાં પાણી પર તરે છે !' તુકારામે લોકોને પોતાના આ સ્વપ્નની વાત કરી. લોકોનાં ટોળાં નદી પર ગયાં. બધાંએ જોયું તો તુકારામની કવિતાઓની ચોપડીઓ નદીના પાણી પર તરતી હતી ! ચોપડીઓ બહાર કાઢી જોઈ તો બધી કોરીકટ ! તુકારામની આંખોમાંથી આંસુનો પ્રવાહ વહ્યો. રામેશ્વર ભટ તુકારામનો મહિમા સમજી ગયા. તેમણે તુકારામને પત્ર લખી તેમની સ્તુતિ કરી ને પોતે તેમના શિષ્ય બની ગયા.

તે વખતે શિવાજી મહારાજે મહારાષ્ટ્રમાં મરાઠા રાજ્ય સ્થાપવાની શરૂઆત કરી હતી. સાધુસંતો પર શિવાજીને આસ્થા હતી. તુકારામની કીર્તિ સાંભળી તેમણે તેમને જરજવાહરની ભેટ મોકલી. ઘરમાં એક ટંકનું ખાવાનું નથી છતાં આ અઢળક ધન તુકારામે શિવાજીને પાછું મોકલ્યું અને સાથે એક કવિતા લખી મોકલી. તેમાં લખ્યું, 'ભિક્ષાથી મારું પેટ ભરાય છે અને ચીંથરાથી અંગ ઢંકાય છે. સૂવા માટે ઓટલો છે ને ઓઢવા માટે આકાશ છે, પછી મારે બીજું શું જોઈએ ? શિવબા, તું રાજા છે, સત્યના રસ્તે ચાલ ને નીતિને વળગી રહે ! પ્રજાનું યોગ્ય પાલન કર, અનાથનું રક્ષણ કર અને પ્રભુનું સ્મરણ કર ! બસ, તારા તરફથી મારે એ જ ભેટ જોઈએ !' તુકારામનો કાગળ વાંચી શિવાજી ભક્તિભાવપૂર્વક પોતાના આઠેય પ્રધાનોને સાથે લઈને દેહુ તુકારામનાં દર્શન કરવા ગયા અને તેમનાં ભજન સાંભળ્યાં, પછી તો ઘણી વખત શિવાજી તુકારામનાં ભજન સાંભળવા આવતા. તેમનાં ભજન સાંભળી એમના દિલમાં વૈરાગ્ય જાગ્યો. રાજકાજ પરથી એમનું મન ઊઠી ગયું. એમણે તુકારામને પ્રણામ કરી પોતાનો રાજવી પોશાક ઉતારી નાખ્યો અને સીધા વનમાં ચાલ્યા ગયા. શિવાજીનાં માતા જિજાબાઈએ તુકારામને વિનંતી કરી કે રાજ્ય માટે થઈ શિવાજીને પાછા લાવો. ફરીથી શિવાજી તુકારામનાં ભજન સાંભળવા આવ્યા ત્યારે તુકારામે એમને ઉપદેશ કર્યો કે માણસ પોતાની ફરજ ચૂકે છે તો બધું જ ચૂકે છે !બ્રાહ્મણે બ્રાહ્મણની ફરજ બજાવવાની છે ને રાજાએ રાજાની ! પ્રજાને સુખી કરવી એ રાજાનો ધર્મ છે ! ઉપદેશ પૂરો થયો કે શિવાજીએ ઊભાં થઈ તુકારામને પ્રણામ કર્યાં ને ફરી પોતાનો રાજવી પોશાક પહેરી લઈ રાજકાજમાં મન પરોવ્યું.

એક વાર શિવાજીએ પરળી મુકામે બધા સંતોને નિમંત્ર્યા અને ઘણા દિવસ સુધી હરિકીર્તનની હેલી ચલાવી તેમાં શિવાજીના ગુરુ સમર્થ રામદાસ અને તુકારામ બુવા પણ હતા. આ પ્રસંગે શિવાજીએ તુકારામ બુવાને ચાર ગામ બક્ષિસ આપવાનું વિચાર્યું. એ વાતની ખબર પડતાં જ તુકારામ ત્યાંથી ઊઠીને ચાલતા થઈ ગયા. શિવાજીએ સમર્થને કહ્યું, 'કૃપા કરી એમને સમજાવો કે મારી આટલી ઈચ્છા પૂરી કરે !' સમર્થે કહ્યું, 'ત્રણ લોકના રાજ્યની જેને પડી નથી એને તું ચાર ગામડાં દઈને ફોસલાવવા માગે છે !'

લોકો માન આપે તેથી તુકારામ ખૂબ અકળાતા. પોતાની એ વ્યથા એમણે અભંગોમાં આમ

ઠાલવી છે : 'આવું માન મારે નથી જોઈતું, પરંતુ લોકો માનતા નથી. શું કરું ? આ ઉત્તમ મિષ્ટાન્ન મને ઝેર જેવાં લાગે છે. લોકો બે મોઢે મારી પ્રશંસા કરે છે, મારાથી તે સાંભળી જતી નથી. સાંભળીને જીવ તરફડે છે. હે પંઢરીનાથ, મારા પર દયા કરો, મને આ આગમાંથી બચાવો! લોકો કહે છે કે આ મશાલ છત્રી ને ઘોડો તમારા માટે છે, પણ સારા વખતમાં પણ મેં કદી એનો ઉપયોગ કર્યો નથી તો હવે હે પંઢરીનાથ, શા માટે મને વૈભવમાં ફસાવો છો? માન, દંભ અને ચેષ્ટા એ તો ભૂંડની વિષ્ટા છે, માટે વિઠ્ઠલનાથ, દોડ ને મને આમાંથી બચાવ !

શિવો નામે એક કંસારો તુકારામનો ભક્ત બની ગયો. શિવાની સ્ત્રીને તે ગમતું નહોતું. એ સ્ત્રીને શું કુબુદ્ધિ સૂઝી કે એણે તુકારામને ઘેર બોલાવી ઊકળતું પાણી એમના પર રેડી દીધું ! તુકારામનું આખું શરીર દાઝી ગયું પણ તેમના મોંમાથી આ શબ્દો નીકળ્યા, 'ઓ મા જનની ! તેં આ શું કર્યું ?' આ શબ્દો સાંભળી બાઈ ભાનમાં આવી. તેને ખૂબ પસ્તાવો થયો. પછી તો એણે તુકારામની ઘણી સેવાચાકરી કરી.

વખત જતાં તુકારામને લાગ્યું કે હવે મારું કામ પૂરું થઈ ગયું છે, હવે શરીરનો ત્યાગ કરવાનો વખત આવી ગયો છે. પરિણીતા પિયર જવા વિહ્વળ બને તેમ એ વિહ્વળ બની ગયા. ફાગણ વદ પડવાની રાતે તુકારામે ભજન કર્યાં. સવાર થતાં તેમણે નદીમાં સ્નાન કર્યું. પછી વિઠોબાના ધ્યાનમાં બેઠા અને 'વિઠોબા ! વિઠોબા !' બોલતાં તેમણે ઈ.સ. ૧૬૪૯માં દેહનો ત્યાગ કર્યો. તુકારામ મહારાષ્ટ્રના સૌથી મોટા સંત કવિ ગણાય છે. તેમણે હજારો ભજન લખ્યાં છે, જે અભંગ નામે ઓળખાય છે ને આજે પણ મહારાષ્ટ્રમાં ઘેર ઘેર ગવાય છે.

# સંત વેમન્ના

'જેણે પોતાની માતાને જાણી એણે ભગવાનને જાણ્યા.' માતા એ ઈશ્વરનું સ્વરૂપ છે એવું ઢોલ પીટીને કહેનાર આ સંત કવિનું નામ વેમન્ના. તેલુગુ ભાષાના એ મોટા કવિ ગણાય છે. ઈ.સ. ૧૬૫૨માં તેલંગણા પ્રદેશનાં શૂદ્ર કુટુંબમાં એમનો જન્મ થયો હતો. એમનો ઘરનો ધંધો ખેતી હતો. બાળક વેમન્ના તેમના પિતાને ખેતી કામમાં મદદ કરતો અને ગામના મંદિરમાં રામાયણ, મહાભારતની કથાઓ સાંભળવા જતો. એ નાનો હતો ને એની મા ગુજરી ગઈ અને પિતા ફરી પરણ્યા. નવી મા વાત-વાતમાં એનો વાંક કાઢતી, એના બાપ પાસે એને માર ખવડાવતી, રાતનું વાશી ખાવાનું આપતી તેય પેટ ભરીને નહિ ! વેમન્ના જુવાન થયો. ખરાબ મિત્રોની સોબતથી એ કુસંગે ચડી ગયો. તે એક ગાનારીના મોહમાં ફસાઈ બરબાદ થતો ગયો. પૈસાના અભાવે એને અપમાન સહેવાં પડતાં હતાં તેનાથી એની આંખ ઊઘડી ગઈ. એનામાં સંપૂર્ણ પરિવર્તન આવી ગયું. એ પછી એનાં લગ્ન થયાં પણ સ્ત્રી કંકાસણી મળી. આના લીધે કુટુંબમાં સુખ-શાંતિનો અભાવ હતો. ખેતી પર બરાબર ધ્યાન અપાતું નહોતું. તેથી દેવું વધતું જતું હતું. એને થયું કે લોઢાનું સોનું બનાવવાનો કીમિયો હાથ ધરવો જોઈએ. કીમિયાના નામે કેટલાયે એને ધૂતી ગયા. એમાંથી એક સંતે એને બચાવ્યો.

સંતે કહ્યું, 'સોનું સોનું શું કરે છે? હું તને સોના કરતાંયે કીમતી ચીજ દેખાડું ! તેમણે ગુરુનું શરણ લીધું. ગુરુએ તેમને મનુષ્યજન્મને સાર્થક કરવાનો કીમિયો દેખાડ્યો. એના પ્રતાપે નપાવટ માણસમાંથી વેમન્ના સંત અને કવિ બની ગયા. લૂંટારામાંથી વાલ્મીકી સંત અને કવિ બની ગયા હતા તેમ !

બારમી સદીમાં કર્ણાટકમાં શ્રી બસવેશ્વર થઈ ગયા. તેમણે વીરશૈવ (લિંગાયત) સંપ્રદાયની સ્થાપના

કરી હતી. એ સંપ્રદાયમાં ઊંચ-નીચ, નાત-જાત, સ્પૃશ્ય-અસ્પૃશ્ય, સ્ત્રી-પુરુષનો ભેદ નહોતો. શિવસ્વરૂપ એક જ ઈશ્વરને માનવાના હતા અને સૌને મંદિરમાં પૂજાનો અધિકાર હતો. વેમન્ના વીરશૈવ હતા પણ કાળક્રમે એ સંપ્રદાયમાં ઘણાં દૂષણ પેઠાં હતાં. એમાં નાત-જાત પેઠી, નવા વહેમ ઘૂસ્યા, અંદરના તત્ત્વના બદલે બાહ્ય આચારનું મહત્ત્વ વધ્યું, વૈષ્ણવો અને શિવધર્મીઓ સામસામા ઝગડતા હતા, નિર્દોષ પશુઓનો ભોગ લેવાતો હતો, રાજાઓ ખુશામતખોરોથી ઘેરાયેલા રહેતા, રૈયતના દુઃખનો પાર નહોતો. ઠેરઠેર ગરીબાઈ અને ભૂખમરો હતો. ધર્મગુરુઓ, રાજાઓ કે સમાજના આગેવાનોને કોઈને એની ચિંતા નહોતી.

આ બધું જોઈ વેમન્ના અકળાઈ ઊઠ્યા હતા. તેઓ ગામેગામ ને ઘેર-ઘેર ફરતા હતા અને એમના ભક્તોનું વર્તુળ મોટું થતું જતું હતું. સંત વેમન્નાનાં ચાર હજાર જેટલાં પદનો સંગ્રહ ઉપલબ્ધ થયો છે. સંત વેમન્ના ક્રાંતિકારી આર્ષદ્રષ્ટા છે. જે ન ગમ્યું તેને વખોડી કાઢવામાં તેમની હિંમતનો પાર નથી. એમણે કશાની પરવા કરી નથી.

વેમન્ના સંત હતા, કવિ હતા અને યોગી હતા. એમની યોગશક્તિની અનેક વાતો પ્રચલિત છે. યોગશક્તિ એમણે કેવી રીતે મેળવી હતી તેની એક વાર્તા 'મહાયોગી વેમન્ના' નામે ગ્રંથમાં લખી છે: રોજ મહેલમાં કેટલાક સોની ઘરેણાં ઘડવા આવતા હતા તેમાં અભિરામ નામનો સોની રોજ મોડો આવતો. રાજકુંવર વેમન્નાએ એને ઠપકો આપ્યો પણ એની એને કશી અસર થઈ નહિ. વેમન્નાને આમાં કંઈ ભેદ લાગ્યો. એણે અભિરામનો પીછો કર્યો. બીજા દિવસે સવારે એણે અભિરામને હાથમાં દૂધનો લોટો અને ફળની ટોપલી લઈને ગામની દૂર પહાડમાં એક ગુફામાં જતો જોયો. વેમન્ના સંતાઈને એની પાછળ ચાલ્યા. ગુફામાં એક યોગી ધ્યાનમાં બેઠેલા હતા. યોગીએ આંખો ઉઘાડી અભિરામને કહ્યું, 'વત્સ, હું તારા પર પ્રસન્ન છું. આવતી કાલે સવારે હું આ સ્થળ છોડી જાઉં છું. સૂરજ ઊગતા પહેલાં તું અહીં આવજે, હું તને દીક્ષા આપીશ. તું મહાસમર્થ પુરુષ બની જઈશ.' સંતાઈને વેમન્નાએ આ શબ્દો સાંભળી લીધા. એ દિવસ અને રાત અભિરામને કામમાં રોકી રાખી વેમન્ના સૂરજ ઊગતાં પહેલાં યોગી પાસે પહોંચી ગયા ને પગે લાગી બોલ્યા, 'ગુરુદેવ, અભિરામ બહુ કામમાં છે એટલે પોતાના બદલે એણે મને આપના આશીર્વાદ લેવા મોકલ્યો છે ! આ દાસ પર કૃપા કરો ! વેમન્નાના વિનય-વિવેકથી ખુશ થઈ યોગીએ પોતાનો જમણો હાથ એના માથા પર મૂક્યો ને કહ્યું, 'ધન્ય હો !' તે જ ક્ષણે યોગીની શક્તિએ વેમન્નામાં પ્રવેશ કર્યો અને તેઓ મહાયોગી બની ગયા. હવે એ સીધા અભિરામ પાસે ગયા અને એના પગમાં માથું મૂકી રડતા રડતા બોલ્યા, 'મેં તને છેતર્યો છે પણ હું તારું નામ અમર કરી દઈશ.' વેમન્નાએ આ વચન પાળ્યું. પોતાનાં કેટલાંય પદમાં અભિરામનું નામ ગૂંથી લઈ એને અમર કર્યાં છે.

મહાયોગી વેમન્નાએ અનેક ચમત્કાર કર્યા છે. એક વાર એમણે ચીભડાં પકવ્યાં ને પોતાના શિષ્યને એ ભેટ આપ્યાં. શિષ્યએ ચીભડાં ચીર્યાં તો એમાંથી સોનાનાં બી નીકળ્યાં ! સોનાની લાલચે કેટલાક લોકો બીજાં ચીભડાં ચોરી ગયા, તો એમાંથી કીડા નીકળ્યા.

પોતાનું જીવનકાર્ય પૂરું થયાની વેમન્ના સંતે અગાઉથી જાહેરાત કરી હતી. પછી રાજીખુશીથી સમાધિમાં પ્રવેશ કરી એમણે દેહત્યાગ કર્યો હતો. ક્તરપલ્લી ગામમાં એમની સમાધિ હોવાનું કહેવાય છે. સમાધિની બાજુમાં એક મંદિર છે, એ મંદિરમાં સંત વેમન્નાની લાકડાની મૂર્તિ છે. ભક્તો સંત વેમન્નાને ઈશ્વર માની એ મૂર્તિની પૂજા કરે છે, જેમણે જીવનભર મૂર્તિપૂજાનો વિરોધ કર્યો, તેમની જ મૂર્તિની પૂજા શરૂ થઈ ! સંત વેમન્ના એ કહ્યું 'ઈશ્વર છે કે નહિ એની શું કરવા ચિંતા કરો છો ? એ વાત છોડો !' ત્યારે ભક્તોએ એમને જ ઈશ્વર બનાવી દઈ એમની જ પૂજા આરંભી દીધી !

વેમન્નાની વાણી ચાબખો પડે ને સોળ ઊઠે એવી છે, કારણ કે એ વેદનાની વાણી છે. ધર્મ વિશે તેઓ કહે છે : 'ધર્મ ઘણા છે પણ કાયમનો કોઈ નથી. કાયમની ચીજ માત્ર એક જ છે - આપણાં સારાં-ખોટાં કર્મો.' 'પોથીનું જ્ઞાન નકામું છે, પરમાત્માનો સીધો અનુભવ થાય તો જ મુક્તિ મળે. ઈશ્વર દરેકના હૃદયમાં વસેલો છે, નરથી નારાયણ જુદા નથી. માણસ પોતાની અંદર ઈશ્વરની ઝાંખી કરે અને પોતે એનામાં એકરૂપ થઈ જાય, ત્યારે એ પોતે જ ઈશ્વર બની જાય છે.'

સંત વેમન્ના કહે છેઃ 'શિવ અને અલ્લાહ એક છે. ઈશ્વર એક છે એટલે ધર્મ પણ એક જ છે. શરીર જુદાં છે પણ શરીરને સક્રિય કરનાર ચૈતન્ય એક છે. ખોરાક ભિન્ન છે પણ ભૂખ એક છે. ગાય જુદા જુદા રંગની છે પણ એમનું દૂધ ધોળું છે. ઘરેણાં જુદા જુદા ઘાટનાં છે પણ સોનું એક છે. ભાષાઓ ભિન્ન છે પણ વિચાર એક છે. ફૂલો ભિન્ન છે, પણ પૂજા એક છે. પંડિતો ભિન્ન છે, પણ દિવ્યત્વ એક છે.'

'જૂઠ જેને ગમે છે તેનો ઉદ્ધાર કેમ થશે ? કાણા ઘડામાં પાણી ભરવા જેવી વાત છે.'

ગમે ન ગમે પણ વેમન્ના સંતની વાણીનો પડઘો હૈયામાં પડ્યા વિના નહિ રહે.

# નરસિંહ મહેતા

આજથી આશરે પાંચસો વર્ષ પહેલાં જૂનાગઢ પાસેના તળાજા નામના ગામમાં નાગર બ્રાહ્મણની નાતમાં નરસિંહ મહેતાનો જન્મ થયો હતો. એમની પાંચ વર્ષની વયે એમનાં માતા-પિતાનું મરણ થતાં મોટાભાઈ વણશીધરના આશ્રયે તેઓ ઊછર્યા હતા. નાનપણથી જ તેમનું મન ઈશ્વરભજન અને સાધુ-સંતોની સેવામાં લાગેલું હતું. તેથી ભણવા-ગણવા પર એમનું કંઈ લક્ષ નહોતું. તે વખતના રિવાજ પ્રમાણે નવ વર્ષની ઉંમરે સાત વર્ષની માણેકબાઈ સાથે એમનાં લગ્ન થયાં હતાં.

નરસિંહ મહેતા પંદર વર્ષના થયા. મોટાભાઈએ એમને ઘોડા સાચવવાનું કામ સોંપ્યું હતું. એક દિવસ સવારના તેઓ ઘોડા માટે ઘાસ કાપવા જંગલમાં ગયા. સાંજે માથે ઘાસનો ભારો લઈ ઘરે આવ્યા. તેમને કકડીને ભૂખ લાગી હતી તેથી નહાઈ-ધોઈ સીધા રસોડામાં પેઠા અને પાટલો માંડી બેઠા. તરત ભાભીએ છણકો કર્યો, 'ઓ હો ! આમ તો મૂરખ, પણ પેટ ભરવાની કેવી અક્કલ છે! રૂઆબ તો જાણે આખા ઘરને પોતે ધાન પૂરતા હોય એવો !' મહેતાએ ધીમેથી કહ્યું, 'ભાભી, ધાન તો બધાંને ભગવાન પૂરે છે !' આ સાંભળતાં જ ભાભીનો મિજાજ ગયો. તે બોલી ઊઠી, 'રાત-દિવસ ભગતડાં ભેગા રહીને ભગતડાંની બોલી બોલતાં ઠીક શીખી ગયા છો ! તો જઈને માગો તમારા ભગવાન પાસે ! એ આપશે ! 'ભલે ભાભી' 'એ જ આપશે !' એમ કહી નરસિંહ મહેતા પાટલા પરથી ઊભા થઈ ગયા. સીધા ઘરમાંથી બહાર નીકળી તેમણે ચાલવા માંડ્યું. તેમના મગજમાં ફરી-ફરીને અવાજ સંભળાવા લાગ્યો, 'એ જ આપશે ! એ જ આપશે !' મહેતાજી ગામ છોડી જંગલમાં પહોંચ્યા. ત્યાં ભવનાથ મહાદેવનું એક જીર્ણ મંદિર હતું. કોઈ જ ત્યાં પૂજા કરવા જતું નહોતું. મહેતાજી મહાદેવજી સામે ધરણું કરી બેઠા. સાત દિવસ થઈ ગયા. પળેપળ એમના મુખ રોમરોમમાંથી એક જ ઉચ્ચાર નીકળે છે, 'હે શંકર ! હે શંભુ ! દયા કર!' છેવટે ભોળાનાથ પ્રસન્ન થયા. કહે , 'માગ, માગ, માગે તે આપું. મહેતાજીએ કહ્યું, 'તમને જે વલ્લભ, હોય જે દુર્લભ, આપો હે પ્રભુજી, મુજને કૃપા કરી !' મહાદેવે કહ્યું, 'હું જેને કીમતીમાં કીમતી ગણું છું તે જ મારે આપવું જોઈએ. ચાલ, તને કૃષ્ણનાં દર્શન કરાવું !' મહાદેવની કૃપાએ નરસિંહ મહેતાને શ્રીકૃષ્ણની

રાસલીલાનાં દર્શન થયાં. કૃષ્ણે પોતે એમને પીતામ્બર પહેરાવ્યું અને એમના માથે મોરપીંછનો મુગટ મૂક્યો. મહેતાજી હાથમાં કરતાલ લઈ ભજન ગાતાં ગાતાં ઘેર આવ્યા ને સીધા જ ભાભીના પગમાં પડ્યા, 'ભાભી, તમારી કૃપાથી મને ભગવાનનાં દર્શન થયાં.' ભાભી તો મહેતાજીનો આ નવો વેશ જોઈ વધારે ખિજાયાં. મહેતાજી હવે પત્ની માણેકબાઈ, પુત્રી કુંવરબાઈ અને પુત્ર શામળશાને લઈ જુદા ઘરમાં રહ્યા પણ ઘરની ચિંતા ભગવાનના માથે નાખી તેઓ તો ભજન-કીર્તનમાં જ મસ્ત રહેતા. પ્રભુની કૃપાએ હવે મહેતાજીના મુખમાંથી કવિતારૂપે જ્ઞાનની સરવાણી ફૂટી નીકળી હતી.

મહેતાજીનો પુત્ર બાર વર્ષનો થયો. માણેકબાઈએ મહેતાજીને એના માટે કન્યાની તપાસ કરવાનું કહ્યું. મહેતાજી કહે, 'જેનું કામ છે એ કરશે. હું શું કરવા ચિંતા કરું ?' અને ખરેખર, થોડા વખતમાં એક નવાઈની વાત બની. વડનગરના ધનાઢ્ય શેઠ મદન મહેતાએ પોતાની દીકરી માટે સુયોગ્ય વરની શોધમાં ગોરને જૂનાગઢ મોકલ્યો. ગોરે જૂનાગઢ આવી ઘણા છોકરા જોયા, પણ એકેય પસંદ પડ્યો નહિ ત્યારે નાગરો ચિડાયા. તેમણે એને ઉલ્લુ બનાવવા નરસિંહ મહેતાનું ઘર દેખાડ્યું. મહેતાજી તો બેઠા બેઠા ભજન કરતા હતા. ગોરનું મન વસી ગયું. તેમણે શામળશા સાથે મદન મહેતાની દીકરીનું વેવિશાળ કરી નાખ્યું. નાગરોએ મદન મહેતાને ખબર આપ્યા કે નરસૈંયો તો બાવા વૈરાગીઓ ભેગો ફરનારો ભીખમંગો છે. મદન મહેતાએ કાગળ લખ્યો કે અમારા ઘરને શોભે એવી જાન લઈને આવજો ! નરસિંહ મહેતાએ કોકના બળદ-વહેલ માગી લાવી જાન જોડી. જૂનાગઢથી નીકળેલી આ જાન જ્યારે વડનગર પહોંચી ત્યારે એમાં હાથી ઘોડા ને લાવલશ્કરની શોભા હતી. મદન મહેતા ગભરાઈ ગયા કે આને હું કેમ પહોંચી વળીશ ? તેમણે મહેતાજીના પગે પડી પ્રાર્થના કરી, 'વેવાઈજી અમારી લાજ રહે એમ કરજો !' લગ્ન શાંતિથી પતી ગયાં.

એક વાર ભાદરવા મહિનામાં નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ આવ્યું. નરસિંહ મહેતા પાંચ બ્રાહ્મણને જમવાનું કહેવા ગયા પણ નાતવાળા કહે, 'ભગત, કોક દહાડો તો અમને તમારા ઘરનો પ્રસાદ જમાડો.' પ્રસાદની કેમ ના કહેવાય? મહેતાજીએ સમસ્ત નાતને જમવાનું નોતરું દઈ દીધું. શ્રાદ્ધના દિવસે માણેકબાઈએ મહેતાજીને ઘી લેવા મોકલ્યા. મહેતાજી તો ઘીવાળાના કહેવાથી ભજન ગાવા બેઠા ને ઘીની વાત ભૂલી ગયા. ભજન પર ભજન ચાલ્યા કરે. બીજી તરફ શી ખબર ક્યાંથી મહેતાજીના ઘર આગળ સીધું-સામાન અને ઘીનાં ગાડાં આવી ઊભાં. માણેકબાઈ આભાં બની જોઈ રહ્યાં. હજારો માણસોની રસોઈ બની. નાતવાળા તમાશાની આશાએ આવેલા, પણ મનભાવતાં પકવાન જમી તૃપ્ત થઈને ગયા. સાંજે ભજન પૂરાં થયાં ત્યારે મહેતાજી તપેલીમાં ઘી લઈને ઘેર આવ્યા, આવીને જુએ તો અજબ વાત !

તેમની દીકરી કુંવરબાઈનું મામેરું કરવા ભગવાન પોતે લક્ષ્મીજીને લઈને પધાર્યા હતા. દ્વારકા જતા યાત્રીઓનાં નાણાં લઈને મહેતાજીએ એમને હૂંડી લખી આપી હતી તે ભગવાને પોતે દ્વારકામાં મહેતાજીના વાણોતર બની સ્વીકારી હતી. થોડા વખત પછી માણેકબાઈનું મરણ થયું. મહેતાજી કહે, 'જેવી ભગવાનની મરજી !ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ'.

રોજ સવારે મહેતાજી ગિરનાર પર્વતની તળેટીમાં આવેલા દામોદરકુંડમાં સ્નાન કરવા જતા. એક દિવસ રસ્તામાં કેટલાક માણસો હાથ જોડી એમની સામે આવી ઊભા ને કહે, 'ભગતજી, એક વાર અમારે ત્યાં ભજન કરવા પધારો! બાપજી, અમે અસ્પૃશ્ય છીએ ! મહેતાજી કહે, 'તમે હરિના ભગત છો, હરિજન છો, વૈષ્ણવ છો, આજે જ ભજન કરીએ !' મહેતાજીએ આખી રાત હરિજનો સાથે બેસી ભજન કર્યા. આખા ગામમાં હો-હો થઈ ગઈ નાગરનો દીકરો

થઈને અસ્પૃશ્યમાં જઈને નાચ્યો ! મહેતાજીએ કહ્યું, 'તમે મને ભ્રષ્ટ કહો, ભૂંડો કહો, હું એવો જ છું. મને વૈષ્ણવો વહાલા છે - પછી તે બ્રાહ્મણ હોય કે અસ્પૃશ્ય હોય.' નાગરોએ જૂનાગઢના રાજા રા'માંડલિકને ફરિયાદ કરી. રાજાએ નરસિંહ મહેતાને એક કોટડીમાં પૂરી દીધા અને કહ્યું, 'ભગવાનની મૂર્તિની ડોકમાં પહેરાવેલો હાર સવાર પહેલાં તારી ડોકમાં આવી પડે તો હું જાણું કે તું સાચો ભગત ! નહિ તો ઢોંગી !' કોટડીમાં મહેતાજીએ ભજન આદર્યાં. આખી રાત ભજન ચાલ્યાં. સવાર થતાં ચમત્કાર થયો. મંદિરના બારણાને અને જેલની કોટડીને વાસેલાં તાળાં તડાક કરતાં તૂટી ગયાં, લોઢાની સાંકળો ભાંગી પડી ને બારણાં ઊઘડી ગયાં ! લોકો આભા બની જોઈ રહ્યા. ભગવાનની મૂર્તિની ડોકમાંથી હાર નીકળીને નરસિંહ મહેતાની ડોકમાં જઈ ચડયો ! કહે છે કે આ બનાવ સંવત ૧૫૧૨ (સને ૧૪૫૫)માં બનેલો - મહેતાજીની ભક્તિનો આ પરચો જોઈ રાજા પસ્તાયો. એણે ભક્તની માફી માગી પણ મહેતાજી તો જાણે કંઈ બન્યું નથી એમ ભજન ગાતાં ગાતાં ઘેર ગયા.

આ બનાવ પછી થોડા વખતમાં મહેતાજીએ જૂનાગઢ છોડ્યું અને દેહ પણ છોડ્યો. નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના આદિ કવિ છે. તેમણે અસંખ્ય ભજનો લખ્યાં છે, તેમાંનાં ઘણાં પ્રભાતિયાં નામે ઓળખાય છે.

# શ્રી સમર્થ રામદાસ

(ઈ.સ. ૧૬૦૮ - ઈ.સ. ૧૬૮૧)

રાતનો સમય છે. વર લગ્નમંડપમાં આવી ઊભો છે. બ્રાહ્મણોએ ઉચ્ચ સ્વરે ગર્જના કરી, 'અતિ સુમુહૂર્ત સાવધાન !' વરની ઉંમર માત્ર બાર વર્ષની છે. બ્રાહ્મણોનો ઘોષ સાંભળી એ ચમક્યો, 'અરે, મારું વ્રત તો રામની ભક્તિ કરવાનું છે. આ હું શું કરી રહ્યો છું !' એકદમ મૂઠીઓ વાળી એ નાઠો. લોકોએ ઘણી શોધાશોધ કરી પણ તેનો કંઈ પત્તો લાગ્યો નહિ. લગ્નમંડપમાં 'સાવધાન' તો દરેક જગ્યાએ બોલાય છે પણ તે સાંભળીને સાવધાન થનારો આ એક જણ નીકળ્યો. એનું નામ નારાયણ.

નારાયણનો જન્મ મહારાષ્ટ્રના જાંબ નામના ગામમાં બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમનાં માતા-પિતા ધર્મનિષ્ઠ ભાવનાવાળાં એકનાથ મહારાજનાં ભક્ત હતાં. બાળક નારાયણને પણ એકનાથી મહારાજે આશીર્વાદ આપ્યા હતા. બાળપણથી જ નારાયણનું ચિત્ત રામ અને રામભક્ત હનુમાનમાં લાગેલું હતું. એના મોટા ભાઈ ગંગાધર રામભક્ત હતા અને રામમંત્ર જપતા હતા. નારાયણ આઠ વર્ષનો થયો ત્યારે તેણે ગદાધર પાસે રામમંત્ર માગ્યો. પણ ગદાધરે તું નાનો છે એમ કહી મંત્ર આપવાની ના પાડી. નારાયણને ખોટું લાગ્યું. તે ઘર છોડીને ભાગી ગયો અને ગોદાવરી તીરે જંગલમાં એક મંદિરમાં જઈ સૂતો. ઊંઘમાં શ્રી રામે એને જગાડ્યો અને કાનોકાન મંત્ર સંભળાવ્યો.

રામના ભક્ત હોઈ નારાયણે 'રામદાસ' નામ ધારણ કર્યું અને ટાકળી નામના ગામ પાસે ગોદાવરી અને નંદિનીના સંગમ આગળ એક ગુફામાં રહી બાર વરસ ઉગ્ર તપશ્ચર્યા કરી. એણે ત્રણ ગાયત્રી પુરશ્ચરણ કર્યાં અને 'શ્રી રામ જય રામ જય જય રામ' એ તેર અક્ષરી મંત્રનો તેર કરોડ વખત જપ કરી મંત્રસિદ્ધિ મેળવી.

બાર વર્ષની તપશ્ચર્યા પૂરી થતાં રામદાસ તીર્થયાત્રાએ નીકળ્યા. પગમાં પાદુકા, હાથમાં માળા ને તુંબીપાત્ર, કાખમાં સમધિની ઘોડી, માથે ટોપી ને શરીરે કફની - આ એમનો વેશ હતો. તેમની ટહેલ હતી: 'જય જય રઘુવીર સમર્થ !' તેથી તેઓ 'સમર્થ રામદાસ' નામે ઓળખાયા. 'પગે તીર્થયાત્રા અને મુખે રામનામ' આ એમનું સૂત્ર હતું. દરેક તીર્થમાં જે દેવ હોય તેની પૂજા

કરતા. કહેતા 'બધા દેવ મારા રામચંદ્રની જ મૂર્તિઓ છે !'

પ્રવાસમાં તેમણે દેશની ભયાનક દુર્દશા જોઈ. તે જોઈ એમને એટલી બધી નિરાશા થઈ કે તેઓ દેહ પાડી નાખવા જતા હતા. ત્યાં સ્વયં શ્રી રામે આવીને એમને પકડી લીધા ને આજ્ઞા કરી : 'સ્વધર્મની સ્થાપના કર ને જગતનો ઉદ્ધાર કર !' તીર્થયાત્રા પૂરી કરી તેઓ પાછા જાંબ આવ્યા ને પોતાની વૃદ્ધ માતાને મળી તેમના પગમાં પડ્યા. ચોવીસ વર્ષે માતા-પુત્ર મળ્યાં. માએ રામદાસને ઘરમાં જ રાખ્યા. રામદાસે માને ભાગવતકથા સંભળાવી. મા પ્રસન્ન થયાં. રામદાસે જવાની રજા માગી. માએ કહ્યું, 'ભલે જા પણ મારો અંતકાળ સાચવજે.' રામદાસ ચાલી નીકળ્યા.

હવે સમર્થનું જીવનકાર્ય શરૂ થયું. ચાફળ ગામમાં તેમણે પોતાનું મુખ્ય મથક કર્યું. ત્યાં તેમણે મંદિરમાં રામ અને મારુતિની મૂર્તિઓ પધરાવી. લોકો સમર્થને મારુતિનો જ અવતાર માને છે. સમર્થ કાયમ ફરતા જ રહેતા હતા. એમનો શિષ્ય સમુદાય વધતો જતો હતો. ઠેરઠેર મંદિર ને મઠ સ્થપાયા હતા. સમર્થના શિષ્યનો એક નવો સંપ્રદાય ઊભો થઈ ગયો. તેને 'રામદાસી સંપ્રદાય' કે 'સમર્થ સંપ્રદાય' કહે છે. રામની ઉપાસના દ્વારા તેમણે લોકો આગળ 'રામરાજ્યનું ધ્યેય' રજૂ કર્યું. તે માટે એમનો ખાસ ઉપદેશ હતોઃ 'સમુદાય કરવા સંગઠન કરો, એક થાઓ !' પહેલું હરિકથા-નિરુપણ, બીજું દેવ-ધર્મ અને ગોબ્રાહ્મણના હિતાર્થે રામરાજ્યની સ્થાપના' - આ સમર્થનું લક્ષ્ય હતું. તેમની કલ્પનાનું સ્વરાજ્ય શિવાજી દ્વારા સ્થપાશે એવો એમને વિશ્વાસ હતો.

એક વાર શિવાજીએ સમર્થનાં ચરણોમાં માથું મૂકી મંત્રદીક્ષા આપવા વિનંતી કરી. સમર્થે એમને 'શ્રી રામ જય રામ જય જય રામ'નો મંત્ર આપ્યો. શિવાજીએ પોતાને બીજા શિષ્યની જેમ તેમની સેવામાં રાખવા વિનંતી કરી. સમર્થે હસીને કહ્યું, 'તારો ધર્મ ક્ષાત્રધર્મ છે. પ્રજાનું પાલન કર, વિધર્મીના હાથમાંથી દેશને મુક્ત કરી સ્વધર્મની સ્થાપના કર ! રામની તને આ આજ્ઞા છે.' શિવાજીનું રાજ્ય જેમ વધતું ગયું તેમ સમર્થ પરની તેમની ગુરુ-ભક્તિ પણ વધતી જતી હતી. એક વાર રામદાસને ઘેર-ઘેર ભિક્ષા માગતા જોઈ તેમણે તેમની ઝોળીમાં એક ચિઠ્ઠી લખીને નાખી. ચિઠ્ઠીમાં લખ્યું હતું : 'મારું સમસ્ત રાજ્ય હું આપનાં ચરણમાં સમર્પું છું. તમે માલિક, હું દાસ !' સમર્થે કહ્યું, 'તો લે, આ ઝોળી ખભે નાખ ને ચાલ મારી સાથે ભિક્ષા માગવા.'હાથમાં ભિક્ષાપાત્ર લઈ શિવાજી ગુરુ સાથે ઘેરઘેર ભિક્ષા માગવા ફર્યા. એ ભિક્ષાન્નનો પ્રસાદ લીધા પછી સમર્થે શિવાજીને કહ્યું, 'હવે આ રાજ્ય મારું છે. પણ મારા વતી એનો ભાર ઉપાડવા હું તને આજ્ઞા કરું છું, લે મારું ઉત્તરીય ! એનો તું ધ્વજ બનાવજે. શ્રી રામની કૃપાથી તું જે મન પર લઈશ તે સિદ્ધ થશે.' શિવાજીએ આજ્ઞા માથે ચડાવી. ત્યારથી એના રાજ્યમાં ભગવો ઝંડો ફરકવા લાગ્યો.

અચાનક એક દિવસ સમર્થને થયું કે મા યાદ કરે છે. માનો અંતકાળ સાચવવાનું પોતે વચન આપ્યું હતું તે યાદ આવ્યું. પોતાની ઓરડીનું બારણું બંધ કરાવી, તાળું મરાવી દઈ સોળ દિવસ પછી શિષ્યને ઉઘાડવાનું કહ્યું. સમર્થ જાંબમાં મા છેલ્લો શ્વાસ લેતાં હતાં ત્યાં પ્રગટ થયા ને માતાએ રામનામના ઉચ્ચાર સાથે શાંતિથી પુત્રના ખોળામાં દેહત્યાગ કર્યો. સોળ દિવસ પૂરા થતાં શિષ્યએ બારણું ઉઘાડી જોયું તો ગુરુજી ક્ષૌરકર્મ કરી બેઠેલા હતા.

એક વાર મઠમાં ચોર ચોરી કરવા પેઠા. બધાં જાગી ગયાં. સમર્થે શિષ્યને કહ્યું, 'ચોરી થવા દો. આ ભગવાનનું ઘર તમારું છે એમ ચોરનું પણ છે. ધન અહીં હોય કે ચોરના ઘેર હોય, ઉદરનિર્વાહમાં જ વપરાવાનું છે ને !' ચોર આ સાંભળતા હતા. તેમનો હૃદયપલટો થઈ ગયો. સમર્થે તેમને જમાડીને વિદાય કર્યા.

સમર્થ મરાઠી ભાષાના મોટા કવિ છે. એમણે શક્તિ અને પરાક્રમનું જ ગાન ગાયું છે. એમનો મુખ્ય ગ્રંથ 'દાસબોધ'છે. એમણે 'મનાચે શ્લોક' નામે ૨૦૫

કડીનું એક ભાવવાહી સ્તોત્ર લખ્યું છે. સમર્થ એમાં કહે છેઃ હે મન, તું પરમ સમર્થ અને ભક્તવત્સલ રામના શરણે જા ! રામનું ભજન કર ! રામનો મહિમા ગા ! રામ એ જ બ્રહ્મ છે; રામ એ જ આદિ અને અંત છે.' સમર્થનું બીજું આવું સુંદર સ્તોત્ર 'કરુણાષ્ટક' છે. તેમાં કહે છેઃ 'અરે! મારા ભીરુ મન, ભવસાગરથી શાને આટલું ડરે છે? માથા ઉપર રઘુપતિ રામ બેઠો છે. કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે, જે રામના દાસ ઉપર વક્રદૃષ્ટિ કરે?'

અંતકાળ પાસે આવ્યો ત્યારે સમર્થે અન્નજળનો ત્યાગ કર્યો. નવમા દિવસે પરોઢિયે તેઓ રામની મૂર્તિ સામે નીચે બેઠા. ગુરુના થનારા વિયોગથી શિષ્ય રડવા લાગ્યા ત્યારે સમર્થે કહ્યું, 'આટલાં વરસ મારી પાસે રહી તમે શું રોતાં જ શીખ્યા છો ?' તે પછી તેમણે એકવીસ વાર 'હર હર' કહી 'શ્રી રામ' શબ્દ ઉચ્ચાર્યો અને દેહ છોડી દીધો. તે વખતે તેમની ઉંમર ૭૮ વર્ષની હતી.

જય જય રઘુવીર સમર્થ !

## ત્યાગરાજ

(ઈ.સ. ૧૬૬૭ - ઈ.સ. ૧૭૪૭)

માત્ર સાત વરસનો સંગીતનો શોખીન એક છોકરો; તાંજોરના રાજાનો રાજગવૈયો પોતાના ઘેર શિષ્યને સંગીત શીખવે ત્યારે રસ્તામાં ઊભો ઊભો સાંભળ્યા કરે. આ શોખને આટલી હદે વધેલો જોઈ તેના પિતા રામબ્રહ્મે રાજગવૈયાને પોતાના દીકરાને શિષ્ય તરીકે સ્વીકારવા વિનંતી કરી. રાજગવૈયાએ એ વિનંતીનો સ્વીકાર કર્યો. છોકરાએ ભણવામાં એવો ઉત્સાહ દેખાડ્યો કે બાર મહિનામાં એણે ગુરુની બધી વિદ્યા શીખી લીધી.

આ છોકરાનું નામ ત્યાગરાજ. તેનો જન્મ તિરુવલ્લુવર ગામમાં તા.૪-૫-૧૬૬૭ના રોજ થયો હતો. તેના ભક્ત પિતાને તિરુવલ્લુવર મંદિરના ભગવાન ત્યાગરાજે સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું હતું, 'એક ભક્તકવિનો તારે ત્યાં જન્મ થશે; તું એનું નામ ત્યાગરાજ રાખજે.' ત્યાગરાજ સંસ્કૃત અને તેલુગુ ભાષાનો અભ્યાસ કરી પંડિત થયા હતા અને તે જાતે ભજન બનાવી ગાતા ને ઘરની ભીંતોને ભજન લખી ભરી દેતા ! સોળ વર્ષનો થતાં થતાંમાં તો ભજનિક કવિ તરીકે ત્યાગરાજની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ હતી. એ વખતે તાંજોરનો રાજા કે જે સાહિત્ય-કલા અને સંગીતના પ્રેમી હતા, જેના દરબારમાં ત્રણસો સાઠ ગાયક હતા તેમાં ત્યાગરાજે ધાર્યું હોત તો બધા ગાયકોનો શિરમોર અને દરબારની શોભા બની રહેત પણ એને કીર્તિ કે ધનની સ્પૃહા નહોતી. એણે એકમાત્ર આશ્રય લીધો ત્રિભુવનપતિ ભગવાન શ્રી રામનો !

ત્યાગરાજની નિસ્પૃહતા અને રાત-દિવસ ભગવદ્ભક્તિમાં જ લીન રહેવાનો સ્વભાવ જોઈ મોટાભાઈએ એમને જુદા કાઢ્યા. કંઈ પણ લીધા વગર ત્યાગરાજ ઘરમાંથી નીકળી ગયા અને એક ઝૂંપડી બાંધીને રહ્યા. અઠવાડિયામાં એક દિવસ ભજન ગાતાં ગાતાં ભિક્ષા માગી લાવતા. લોકો પ્રેમથી એમને ભિક્ષા આપતા.

ત્યાગરાજ અઢાર વર્ષના હતા ત્યારે એક દિવસ સ્વામી હરિદાસ નામે એક સંત પધાર્યા. ત્યાગરાજ પર પ્રસન્ન થઈ એમણે રામનામનો મંત્ર આપ્યો ને એના ૯૬ કરોડ જપ કરવા કહ્યું. ત્યાગરાજે ગુરુની આજ્ઞા માથે ચડાવી. ૨૧ વર્ષે આ જપયજ્ઞ પૂરો થયો. આ સમયગાળા દરમ્યાન ત્યાગરાજને કેટલીય વખત ભગવાન રામનાં દર્શન થયાં હતાં. તેમનાં ભજનોમાં તેમણે એ સાક્ષાત્કારનું ગાન ગાયું છે.

એક વાર રાજાએ ત્યાગરાજને તેમનાં ગાયન સાંભળવા દરબારમાં પધારવા નિમંત્રણ મોકલ્યું અને

પચાસ એકર જમીન અને સોનામહોર ભરેલો ઘડો આપવાની તૈયારી બતાવી, પરંતુ ત્યાગરાજે આ નિમંત્રણનો અસ્વીકાર કર્યો. આ વાત જ્યારે એમના ભાઈએ જાણી તો બહુ ગુસ્સે થયા અને ત્યાગરાજને કહ્યું, 'રાજાની આગળ ગાવામાં તારું શું જાય છે ? તારા ભેગો અમારો પણ ઉદ્ધાર થઈ જાત !' જવાબમાં ત્યાગરાજે એક ભજન ગાયું : 'હે મારા મન ! સાચું કહે જોઉં, રામની ઝાંખીનું વધારે મૂલ્ય કે રાજાના ધનનું ? અહંકાર અને ગર્વના બનેલા માણસના ગુણ ગાવાથી મને પરમાનંદની પ્રાપ્તિ થશે કે રામના ગુણ ગાવાથી ? હે મારા મન, મને સાચું કહે : તને શું ગમશે ? રામ કે દામ ?'

મોટાભાઈને વધારે ગુસ્સો આવ્યો. ત્યાગરાજના ઘરમાં રામની મૂર્તિ હતી તેની સમક્ષ તેઓ ભજન ગાતા હતા તે મૂર્તિ છાનામાના ચોરી કાવેરી નદીમાં નાખી દીધી. મૂર્તિ ગુમ થયેલી જોઈ ત્યાગરાજના દુઃખનો પાર ન રહ્યો. એ વિહ્વળ બની ગયા. આ વખતનાં એમનાં ભજન વિરહવેદનાથી ભરપૂર છે. આમ બે મહિના વીત્યા. પછી એક દિવસ ભગવાને પોતે એમને સ્વપ્નમાં આવીને કહ્યું કે હું નદીમાં અમુક જગ્યાએ છું. સવાર થતા ભક્ત મંડળી સાથે ત્યાગરાજ ગાતાં ગાતાં નદી પર ગયા ને સ્વપ્નમાં જોયેલી જગ્યાએથી જ એમને મૂર્તિ મળી !

રાજાને ત્યાગરાજ માટે સાચી લાગણી હતી. તેમને ગરીબાઈનું દુઃખ વેઠવું પડતું હતું તે એમને ગમતું નહોતું. તેથી કોઈ રીતે ત્યાગરાજને મદદ કરવાની એમની ઈચ્છા હતી. તે માટે એક યુક્તિ વિચારી તેમણે કેટલાક માણસોને સોનામહોરો આપી ત્યાગરાજની ભિક્ષાની ઝોળીમાં નાખવા કહ્યું. ત્યાગરાજને ખબર પડી કે રસ્તામાં જ આખી ઝોળી ઠાલવી નાખી અને ખાલી ઝોળી લઈને ચાલવા માંડ્યું. ત્યાગરાજ ખરેખરા ત્યાગ-રાજ છે એની રાજાને ખાતરી થઈ ગઈ. કોઈ પણ જાતના રાજઠાઠ વગર એ ત્યાગરાજના ઘરે દર્શન કરવા ગયા. તે વખતે ત્યાગરાજ ભગવાનની મૂર્તિ સામે બેસી ભજન ગાતા હતા. રાજાએ એ સાંભળ્યાં. ગાયનનો આવો આનંદ એણે કદી માણ્યો નહોતો, કારણ આમાં કેવળ ગાન નહોતું, પ્રભુનાં ચરણમાં ઓળઘોળ થઈ જતા પ્રાણ હતા !

એક દિવસ એક અજાણ્યા સંન્યાસી ત્યાગરાજના અતિથિ થયા. પછી નદીએ નહાવા જાઉં છું તેમ કહીને એ ગયા તે જમવાનો વખત થયો તો પણ આવ્યા નહિ. ત્યાગરાજ આખો દિવસ ભૂખ્યા રહ્યા ને ભૂખ્યા જ સૂઈ ગયા. રાતે ત્યાગરાજને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એમને પેલા સંન્યાસીનાં દર્શન થયાં. સંન્યાસીનું રૂપ બદલાઈ ગયું. તેઓ મહર્ષિ નારદ હતા. નારદે એમના મસ્તક પર હાથ મૂકી કહ્યું: 'વત્સ, હું તને દિવ્ય સંગીતનો ગ્રંથ ભેટ ધરવા આવ્યો હતો. હું એક પોટલી તારા ત્યાં મૂકી ગયો છું તેમાં એ છે. એ તારા માટે છે.' ત્યાગરાજના આનંદનો પાર રહ્યો નહિ.

એક વાર ત્યાગરાજે સાંભળ્યું કે સ્વામીનાથ આયર નામના એક ગાયક આનંદ ભૈરવી રાગ ગાવામાં ઉસ્તાદ છે. ત્યાગરાજ એને સાંભળવા ગયા ને ટોળામાં છુપાઈને બેઠા. ગાન સાંભળી ખુશ થઈને એમણે ગાયકનો ખભો થાબડ્યો. ત્યાગરાજ તરફથી આવું અણધાર્યું સન્માન મળતાં ગાયક અડધો અડધો થઈ ગયો. તેણે કહ્યું, 'આટલી કૃપા કરી છે, તો થોડી વધારે કરો ! હવે પછી તમારે આનંદ ભૈરવી રાગમાં કોઈ ગીત લખવું નહિ !' ત્યાગરાજે એ વિનંતીનો સ્વીકાર કર્યો.

એક વાર શિષ્ય સાથે ત્યાગરાજ તિરુપતિ ભગવાન વ્યંકટેશ્વરનાં દર્શન કરવા ગયા પણ દર્શન કરે એ પહેલાં ટેરો આવી ગયો. તેઓ ત્યાં જ બેસી ગયા અને દર્દભરી વાણીમાં ભજન રચી ગાવા લાગ્યા. ભજન પૂરું થતાંમાં પડદો ચિરાઈને નીચે પડ્યો. ત્યાગરાજે ધરાઈને ભગવાનનાં દર્શન કર્યાં.

ત્યાગરાજ તિરુપતિથી આગળ જતા હતા, ત્યાં રસ્તામાં ખબર પડી કે એક યાત્રાળુ નહાવા જતાં ડૂબીને મરી ગયો હતો અને એનાં પત્ની-બાળકો રોકકળ કરતાં હતાં. ભક્તને દયા આવી. તેમણે વિલહરી રાગમાં 'હે જીવાધાર' ગાયું ને મૃતશરીર પર તુલસીજળનો છંટકાવ

કર્યો. તે જ ઘડીએ મરનાર જાણે ઊંઘમાંથી જાગતો હોય એમ જાગ્યો.

અનેક વાર સંકટ સમયે રામ-લક્ષ્મણે દોડી આવી એમને ઉગાર્યા હતા. રામ એ એમનું જીવન હતું. તેઓ કહેતા, 'રામની ભક્તિ જ માણસને શાશ્વત સુખ તરફ લઈ જશે. આ રાજમાર્ગને છોડી બીજી ગલીકૂંચીઓમાં પડવાનું શું કામ છે?

ત્યાગરાજ ૮૦ વર્ષના થયા ત્યારે એક દિવસ ભક્તોને કહ્યું, 'આવતી કાલે પુષ્ય બહુલ પંચમીએ બપોરે ભગવાને મને લઈ જવાનું કહ્યું છે.' બીજા દિવસે તેમણે બે સુંદર ભજન લખ્યાં. પછી યોગસમાધિમાં બેઠા અને દેહનો ત્યાગ કર્યો. ત્યાગરાજ કર્ણાટકી સંગીતના સૌથી મોટા પુરસ્કર્તા ગણાય છે. ૨૭૦ જેટલા રાગોમાં તેમણે ત્રણ હજારથી વધુ ભક્તિગીતો લખેલાં છે. તેઓ કહેતા કે 'વિદ્યામાત્ર પ્રભુપ્રીત્યર્થે' છે.

તેમના જીવનનું મુખ્ય દર્શન એટલે તેમનો જીવનમંત્ર "તવદાસોઽહમ્ તવદાસોઽહમ્ તવદાસોઽહમ્ દાશરથે." હે દશરથના પુત્ર ! પ્રભુ શ્રીરામ ! હું આપનો દાસ છું. 'ભૃત્યસ્ય ભૃત્યસ્ય ભૃત્ય' હે પ્રભુ! હું આપના દાસના દાસનો દાસ છું.

# જલારામ બાપા

(ઈ.સ. ૧૭૯૯ - ૧૮૮૧)

દીકરાનું મન સાધુ-સંતો તરફ વળેલું જોઈ પિતાને બીક લાગી કે છોકરો સાધુ તો નહિ થઈ જાય ને? એટલે એમણે એને ઝટઝટ પરણાવી દેવાનું નક્કી કર્યું. છોકરાએ વિવેકપૂર્વક કહ્યું, 'પિતાજી, શા માટે મને સંસારની ઘટમાળમાં જોડો છો ? મારે તો ભગવાનની ભક્તિ કરવી છે.' પિતાએ કહ્યું, 'ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવાનની ભક્તિ ક્યાં થતી નથી ? ઘર બાંધીને બેઠા હોઈએ તો કોઈક દિવસ કોઈને પાણી પાઈએ, કોઈને રોટલો ખવડાવીએ; અરે! ચકલાં-કબૂતર, કીડી-મંકોડા કણ ખાય તેનું પણ પુણ્ય ઓછું નથી.' ખવડાવવાની આ વાત છોકરાને ગમી ગઈ. તેણે લગ્નની હા પાડી.

આ છોકરો તે ભક્ત જલારામ. સં.૧૮૫૬નો કારતક સુદ સાતમને સોમવારે તા.૪.૧૧.૧૭૯૯ના રોજ રાજકોટ પાસે વીરપુર ગામમાં એમનો જન્મ થયો હતો. બાળપણથી જ એમને સાધુ-સંતોનું ઘણું આકર્ષણ હતું. કોઈ સાધુ-સંતને જુએ તો તેમને ઘેર લઈ આવે ને જમાડે. સોળ વરસની ઉંમરે એમનાં લગ્ન થયાં. એમનાં પત્નીનું નામ વીરબાઈ.

પિતાએ ધારેલું કે પરણ્યા પછી માથે જવાબદારી આવતાં પુત્રની સાધુભક્તિમાં ઓટ આવશે, પણ ઓટના બદલે ભરતી આવી. એક વાર જલારામ કાકાની દુકાને બેઠા હતા ત્યાં કેટલાક સાધુઓ આવ્યા. જલારામે એમને સીધું આપ્યું ને લોટો ભરી ઘી આપ્યું. પોતે જ એ બધું લઈને એમની સાથે ચાલ્યા. રસ્તામાં કાકા મળ્યા. કાકાને ફાળ પડી કે જલિયો મને ભીખ મંગાવશે. તેથી તેમણે તેને ધમકાવતાં કહ્યું, 'શું બળ્યું છે આ પોટલામાં ?' જલારામે કહ્યું, 'છાણાં સિવાય બીજું શું બળે ?' આમ કહી એણે પોટલું છોડ્યું તો એમાંથી સીધાંના બદલે છાણાં નીકળ્યાં ! પછી કાકાએ કહ્યું, 'આ લોટામાં શું છે ?' જલારામે કહ્યું, 'લોટામાં શું હોય ? પાણી !' આમ કહી એમણે લોટો નમાવ્યો તો એમાંથી પાણીની ધાર થઈ. સાધુઓ પણ આ ચમત્કાર જોઈ આભા બની ગયા. સાધુભક્તિ એ જ પ્રભુભક્તિ છે એવો જલારામનો નિશ્ચય દૃઢ થયો.

ત્યારબાદ તેઓ તીર્થયાત્રા કરવા નીકળી પડ્યા. બદરીનારાયણથી રામેશ્વર સુધીની યાત્રા પૂરી કરી તેઓ પાછા આવ્યા ત્યારે આખા ગામે તેમનું સામૈયું કર્યું. જલારામને થયું કે હવે મારે ગુરુ કરવા જોઈએ. તેમણે અમરેલી પાસેના ફતેપુર ગામના ભોજા ભગતને પોતાના ગુરુ કર્યા. ગુરુએ તેમને રામ મંત્ર આપ્યો.

જલારામનો સંકલ્પ હતો કે જાત મહેનતનો જ રોટલો ખાવો અને ખવડાવવો. તેથી તેઓ અને વીરબાઈ ખેતરોમાં મજૂરીએ જતાં. બંને પતિ-પત્ની રામ નામ લેતાં કાયાતૂટ મજૂરી કરે. એમ કરતાં ભગતની પાસે થોડો દાણો ભેગો થયો. ભગત કહે, 'દાણો ભેગો કરીને શું કરીશું ?' વીરબાઈ કહે, 'રામનું નામ લઈ ભૂખ્યાંને ટુકડો આપવાનું શરૂ કરો ! જે દે ટુકડો તેને પ્રભુ ઢૂકડો !' ભગતે ગુરુની આજ્ઞા માગી. ગુરુએ કહ્યું, 'દેનાર ભગવાન છે અને લેનાર પણ ભગવાન છે તેમ સમજીને આપ્યા જ કરો !' ભગતની પ્રસન્નતાનો પાર ન રહ્યો. તેમણે સદાવ્રતની શરૂઆત કરી. વીસ વર્ષની નાની ઉંમરે આ સંકલ્પ કર્યો.

થોડા દિવસ પછી એક સાધુએ ભગતને લાલજીની એક મૂર્તિ ભેટ આપી. ભગતે ઘરમાં જ મંદિર કરી પૂજા શરૂ કરી. દિવસે દિવસે સાધુ-સંત અને યાત્રાળુઓની સંખ્યા વધતી જતી હતી અને અન્ન વસ્ત્રની તાણ પડતી હતી. વીરબાઈએ એક પછી એક પિયરના દાગીના ઉતારી આપ્યા ને અતિથિ સેવા ચાલુ રાખવામાં પતિને મદદ કરી.

વીરપુરમાં હરજી નામે એક દરજીને પેટમાં દર્દ હતું. દવા કરીને કંટાળ્યો ત્યારે અચાનક એને ભગતની માનતા માનવાનું સૂઝ્યું અને એ સારો થઈ ગયો. તેણે ભગતને પગે લાગી કહ્યું, 'બાપા, તમે મને સાજો કર્યો.' ભગતે કહ્યું, 'ભાઈ, હું તો આમાં કંઈ જાણતો નથી. હું તો મૂંડિયાને રોટલા આપું છું ને ઠાકરનું નામ લઉં છું.' આ પછીથી ભગત જલારામ બાપાના નામે ઓળખાયા.

હરજીએ આ વાત જમાલ ઘાંચીને કરી. જમાલનો દશ વર્ષનો દીકરો બીમાર હતો. હરજીએ કહ્યું, 'જમાલ, ગોફણનો ગોળો ત્રણસો હાથ પહોંચે, બંદૂકની ગોળી હજાર હાથ પહોંચે, તોપનો ગોળો દશ હજાર હાથ પહોંચે પણ જલાબાપાએ ભૂખ્યાંને ખવડાવેલો અન્નનો ગોળો છેક સ્વર્ગના બારણા લગી પહોંચે છે. માટે જલાબાપાની માનતા માન, તારો દીકરો સાજો થઈ જશે!' બન્યું એવું કે જમાલનો દીકરો સાજો થઈ ગયો. એણે જલાબાપાને 'જલા સો અલ્લાહ !' કહ્યા. બાપાની ઉંમર ત્યારે માત્ર બાવીસ વર્ષની હતી.

એક વાર ધ્રાંગધ્રાના રાજા જલારામબાપા પર ખુશ થઈ ગયા. કહે, 'ભગત માગો તે આપું!' બાપા કહે, 'શું માગું ? રામજીનો ટહેલિયો છું ને ટહેલ રામજી પૂરી કરે છે.' રાજાએ ફરી આગ્રહ કર્યો ત્યારે બાપાએ દળવાની ઘંટી માટે બે મોટા પથરા માગ્યા. એ પથરાની બનેલી ઘંટી આજે પણ બાપાના આશ્રમમાં મોજૂદ છે. આવી રીતે જૂનાગઢ અને ગોંડલના રાજાઓએ બાપાને ગામગરાસ આપવા કહ્યું હતું, પણ બાપાએ ના પાડી દીધી. તેમણે કહ્યું, 'મારો ઠાકર એ જ મારો ગરાસ છે, બીજો ગરાસ લઈને હું શું કરું ?'

ગોપાલ જોષી એક બ્રાહ્મણ ગોર બીમાર રહેતા હતા. તે જલારામ બાપાના આશ્રમમાં રહી સાજા થયા ત્યારે જલાબાપાની મહિમાનું ભજન જોડી કાઢી ગાવા લાગ્યા. બાપાએ એ સાંભળતાં જ કહ્યું, 'બસ, ગોરબાપા, ઠાકરના ગુણ ગાઓ, મારા નહિ !' આ પછી કોઈએ બાપાની હયાતીમાં બાપાની સ્તુતિનું ભજન ગાયું નથી.

સંવત ૧૮૮૧ની સાલ હતી. એક દિવસે એક વૃદ્ધ સાધુ બાપાની જગ્યામાં આવી ઊભા રહ્યા. આખું શરીર જર્જરિત. બાપાને કહે, 'વૃદ્ધાવસ્થા વેઠાતી નથી; કોઈ ચાકરી કરે એવું જોઈએ છે.' બાપા કહે, 'તો આપની હું સેવા કરું!' સાધુ કહે, 'ના, તારી સ્ત્રીને મારી સાથે મારી સેવા કાજે મોકલ ! એ રાજીખુશીથી આવે તો!' બાપાએ વીરબાઈને વાત કરી. વીરબાઈમા સાધુની સાથે જવા તૈયાર થઈ ગયાં. બાપાએ ગળગળા સ્વરે કહ્યું, 'વીરબાઈ, આપણા માવતરની સેવા કરજો.'

ઠાકરને પગે લાગી વીરભાઈમા સાધુની પાછળ પાછળ ચાલ્યાં. ગાઉ બે ગાઉ ગયાં હશે ત્યાં નદી આવી. સાધુની પાસે ઝોળી ને ધોકો હતાં, તે વીરબાઈમાને આપી સાધુ દિશા જંગલ ગયા તે પાછા આવ્યા જ નહિ. રાત પડી ને અંધારું થયું. વીરબાઈમા 'સાધુબાપા!

સાધુબાપા!' કરીને બૂમો પાડે, પણ મહારાજ તો અદશ્ય થઈ ગયા હતા. કહે છે કે ભગવાન પોતે સાધુના વેશે આ ભક્ત દંપતીની કસોટી કરવા આવ્યા હતા. આખા ગામે વીરબાઈમાનું સામૈયું કર્યું. ભગત વીરબાઈમાને પગે લાગ્યા - શ્રીહરિને અર્પણ થયેલાં વીરબાઈમા હવે બાપાને મન પૂજ્ય બની ગયાં હતાં. બાપાએ સાધુનાં ઝોળી ને ધોકો મંદિરમાં પધરાવ્યાં, આજે પણ મંદિરમાં એની પૂજા થાય છે.

એકવાર બે અલમસ્ત જોગી જગ્યામાં પધાર્યા. બાપાએ રોટલા પાણીથી એમની સેવા કરી. સાધુઓના ગયા પછી કોઈકે ટીકા કરી, 'બાપા, આવા તગડાઓને મફત ખાવાનું આપી તમે એમની આળસને પોષો છો! તમારું આ અપાત્રે દાન છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે પાત્રને જ દાન આપવું.' બાપાએ કહ્યું, 'શાસ્ત્રમાં તો હું શું સમજું, ભાઈ? પાત્ર અપાત્રમાં પણ હું શું સમજું? બાકી મારે મન તો બધાં મારા રામજીના રૂપ છે ને રામજીને અપાત્ર કેમ કહેવાય ?' આમ સર્વત્ર સર્વમાં પ્રભુનાં દર્શન કરનારા જલારામ બાપાને સાધુઓ અને યોગીઓ પણ પગે લાગતા.

સંવત ૧૯૩૫ના કારતક વદ નોમને સોમવારે વીરભાઈ માએ દેહત્યાગ કર્યો. બાપાએ સાત દિવસ સુધી જગ્યામાં રામધૂન કરી. સંતાનમાં બાપાને એક દીકરી હતી. એ દીકરીના દીકરા હરિરામને એમણે પોતાના વારસ નીમ્યા હતા. બાપા કહેતા, 'હરિરામને માથે હરિ સમર્થ છે. એ બધું સંભાળશે!' હરિ સમર્થે બધું સંભાળ્યું. આજે પણ સંભાળે છે. બાપાએ સંવત ૧૯૩૭ મહાવદ દશમે બુધવારે (તા-૨૩-૨-૧૮૮૧)ના રોજ ભજન કરતાં કરતાં દેહ છોડ્યો.

## મહાસિદ્ધ આણદા બાવા

(ઈ.સ. ૧૬૭૩-ઈ.સ. ૧૭૭૨)

સૌરાષ્ટ્રનું ધોરાજી ગામ. એ ગામના શ્રીમાળી સોનીનો એક દીકરો. સંવત ૧૭૨૯માં એનો જન્મ. નામ એનું આણંદજી. બધા એને આણંદો કહેતા. આણંદાને પિતાએ ખાનગી પાઠશાળામાં ભણવા મૂક્યો. થોડું ભણ્યો ન ભણ્યો ને ઉઠાડી લઈને એને ધંધામાં પરોવ્યો. બે વર્ષમાં આણંદો મીનાકારીનું કામ શીખી ગયો પણ ધંધામાં એનું ચિત્ત ઓછું હતું, ગામમાં કોઈ સાધુસંત આવ્યાનું સાંભળે તો તરત એમની પાસે એ પહોંચી જાય અને ઘેર જમવા લઈ આવે.

આણંદાનાં માતા ધર્મભાવનાવાળાં હતાં, પણ આણંદાના બે મોટા ભાઈઓ અને એમની વહુઓને આણંદો સાધુસંતોને ઘેર તેડી લાવે એ ગમે નહિ. આથી ઘરમાં કજિયા થતા. છેવટે પિતાએ વિચાર કર્યો કે આણંદાને પરણાવી દઉં તો માથે જવાબદારી પડતાં એ ડાહ્યો થઈ જશે. તેથી તેમણે તેને પરણાવવાની તૈયારી કરવા માંડી. એ હકીકત જાણવામાં આવતાં આણંદો એક મધરાતે ઘર છોડીને ભાગી ગયા. ફરતાં ફરતાં આણંદો દ્વારકા ગયા. ત્યાં દરિયાકિનારે એક કુટીર બનાવી એમણે કઠોર તપસ્યા આદરી. એકલા પાણી પર એ દિવસો કાઢતા. મુખમાંથી આખો વખત ભગવાનના નામનો જપ ચાલ્યા કરે. કેટલીક વાર તો આખી રાતની રાત એમનો જપ ચાલતો.

એવામાં એક દિવસ એમના અંતરમાંથી અવાજ આવ્યોઃ 'સાધુસંતોની સેવા કર ! દીનદુઃખીની સેવા કર ! સૌમાં મને જો !' આણંદો ધ્યાનમાંથી જાગ્યા. એમને અપૂર્વ શાંતિનો અનુભવ થયો. તેમણે પ્રતિજ્ઞા કરી કે આજથી સાધુસંતોની સેવા એ મારું જીવનવ્રત. સંવત ૧૭૪૭, માત્ર અઢાર વર્ષની ઉંમરે તેમણે આ સંકલ્પ કર્યો. એ જામનગર આવ્યા. દ્વારકાના યાત્રાળુઓ જામનગરથી જ પસાર થાય એટલે એમણે એ સ્થળ પસંદ કર્યું. કારીગર તો હતા જ. ગામના સોનીઓનું કામ કરીને રોજ મજૂરીમાં ચાર કોરી કમાય,

તેમાંથી અડધી કોરી પોતાના માટે રાખી બાકીની સાડા ત્રણ કોરી સાધુસંતોને દાળિયા આપવામાં વાપરે. કોઈ વાર જરૂર પડે તો પોતે ભૂખ્યા રહીને પણ પોતાની અડધી કોરી સાધુસંતોની સેવામાં વાપરી નાખતા.

આમ, પાંત્રીસ વર્ષ વીતી ગયાં. સંવત ૧૭૮૨ની સાલ આવી. એક દિવસ મોડી સાંજે એક સાધુ આણંદાની પાસે દાળિયા લેવા આવ્યા. આણંદા મુંઝાયા – દાળિયાના ટોપલા ખાલી હતા, કરવું શું ? સાધુએ કહ્યું, 'ટોપલા તો આ ભરેલા પડ્યા !' આણંદા તો ચમક્યા. ખરેખર ટોપલા ભરેલા હતા. તે સમજી ગયા કે અતિથિ સંતનો જ આ પ્રતાપ ! એ એમના પગમાં પડ્યા : 'મહારાજ, કૃપા કરો!' સંત વહાલથી એને ભેટ્યા. પછી કહે : 'બચ્ચા, હું તને દીક્ષા દેવા આવ્યો છું. તારી સેવાથી હું પ્રસન્ન છું.' આમ કહી એમણે એમને 'શ્રી રામ જય રામ જય જય રામ'નો તેર અક્ષરી તારક મહામંત્ર આપ્યો અને એક તુલસીની માળા આપી કહ્યું : 'સદાવ્રત ચાલુ રાખજે ! એકલા દાળિયા નહિ, અન્ન પણ આપજે !' આણંદજી જાણે કોઈ સમાધિમાં પડી ગયા હોય એમ સ્થિર થઈ ગયા હતા. સાધુએ એમના મસ્તક પર હાથ મૂક્યો. પછી એ હસતાં હસતાં ચાલી ગયા.

બીજા જ દિવસથી આણંદજીએ સાધુ-સંતો માટે અન્નક્ષેત્ર શરૂ કરી દીધું. હવે બધું જ તેમણે ભગવાન પર છોડી દીધું ને રાત-દિવસ આ એક જ કામ કરવા માંડ્યું. બન્યું કંઈક અલૌકિક. ચારે તરફથી વણમાગી મદદ આવવા માંડી. ગામેગામથી ખેડૂતો અનાજનાં અને ઘી ગોળનાં ગાડાં ભરીને આણંદજીના ઘર આગળ ઠાલવવા લાગ્યા. હવે આણંદજી આણદા બાવા અર્થાત્ અન્નદ (અન્ન દેનાર) બાવા તરીકે ઓળખાયા. દંભ તો એમનામાં સહેજ પણ નહોતો. ચીપી-ચીપીને બોલતાં એમને આવડે નહિ. શહેરની શેરીઓમાં ફરે કે ગામડાંની ગલીઓમાં ફરે ત્યારે શાંત સ્વરે ટહેલ બોલે : 'એક ધન ને બીજું જળ ! એને બાંધી રાખશો તો એના પર શેવાળ ચડશે ને ગંધાશે ! વહેતાં રાખો તો બંને ચોખ્ખાં રહેશે ! માટે દાન કરો, દાન કરો !' લોકોના કાને એમની ટહેલ પહોંચી. અન્નદાનનું કામ પુરજોશથી ચાલવા લાગ્યું. બાવા નવાણું વર્ષના થયા. તેમણે સેવાનો ભાર શિષ્યને સોંપતાં કહ્યું : 'સેવામાં કદી પ્રમાદ ન સેવતા ! સંત અતિથિ અભ્યાગતની સેવામાં પ્રભુની સેવા માનજો. પ્રભુનું જ એ વિરાટ સ્વરૂપ છે. એ જ આપણું મંદિર છે.'

સંવત ૧૮૨૮ (ઈ.સ.૧૭૭૨)માં મહાસિદ્ધ આણદા બાવાએ મહાસમાધિ લીધી. આજે જામનગરમાં 'આણંદા બાવાનો ચોરો' નામે ઓળખાતી જગ્યા છે. ત્યાં બાવાનું સમાધિસ્થાન છે, તેમાં બાવાની આરસની પ્રતિમા અને પાવડીઓ પધરાવેલી છે તથા અખંડ દીપ જલે છે. ગુરુપૂર્ણિમા (અષાઢ સુદ પૂનમ)એ આણદા બાવાનો જન્મદિન અને નિર્વાણદિન મનાય છે. તે દિવસે આ પ્રતિમાનું વિશેષ ભાવે પૂજન થાય છે.

આણદા બાવા પછી મૂળરાજજી મહારાજ, રાણા બાવાજી, રામપ્રસાદજી મહારાજ, માયાપ્રસાદજી મહારાજ અને શાંતિપ્રસાદજી મહારાજે આણદા બાવાની સમાજસેવાની અને દીનદરિદ્રની સેવાની પરંપરાને ખૂબ આગળ વધારી અને શોભાવી છે. તેમાં પણ શ્રી રામપ્રસાદજી અને શાંતિપ્રસાદજીની સેવાઓ ચિરંજીવ છે. દુકાળ, રોગચાળો જેવા કુદરતી પ્રકોપમાં તેમણે નાતજાત - ધર્મના ભેદભાવ વિના અપૂર્વ સેવા બજાવી છે. આજે આ સંસ્થા શ્રી દેવપ્રસાદજી મહારાજની રાહબરી હેઠળ લોક સેવાનાં કાર્યોમાં ઉત્તરોત્તર વધારે ને વધારે સક્રિય થતી રહી છે. સદાવ્રત સેવા તો ચાલુ જ છે, ઉપરાંત વેદાંત પાઠશાળા, અનાથ બાલાશ્રમ, મહિલા વૃદ્ધાશ્રમ, ગૌશાળા, બહેરા-મૂંગાની શાળા, રામ રોટી સેવા, નેત્ર ચિકિત્સા તથા ડાયાલિસિસ અને જનરલ રોગો માટે દવાખાનું, બીજી શાળાઓ તથા મંદિરો વગેરે ચાલે છે, સાથે સાથે અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, રોગચાળો જેવી કુદરતી આફતો વખતે સંસ્થા પોતાની બધી શક્તિ હોડમાં મૂકી દે છે, નેત્રયજ્ઞ તો એની સતત ચાલુ રહેતી કાયમી યોજના છે.

આ સંસ્થાના વર્તમાન અધ્યક્ષ શ્રી દેવપ્રસાદ મહારાજ છે.

જામનગરની સૌથી મોટી સમસ્યા પીવા માટેના પાણીની સમસ્યા છે. આદરણીય શ્રી દેવપ્રસાદ બાપુ એ શહેરની વચ્ચેનું રણમલ તળાવ કે જે ૩૫૦ વર્ષ જૂનું તળાવ છે, તેમાં ભરાયેલાં માટી-પુરાણનું ખોદકામ કરાવીને સરકારની કોઈ પણ પ્રકારની સહાય વગર છીછરા બનેલા તળાવને ૩૦ થી ૪૦ જેટલું ઊંડું ખોદકામ કરાવ્યું; જેથી શહેરનાં ઘરે ઘરે આવેલી ડંકી - Hand Pump માં પાણીનાં તળ ઊંચા આવ્યાં.

આવું જ શહેરથી આશરે પાંચેક કિલોમીટર દૂર રણજિતસાગર જામનગરની જનતા માટે પાણી પીવાનો એક જ આશરો છે, તેના ખોદકામ -પુરાણમાં ભરાયેલી માટી તેઓ જાતે ઊભા રહીને દર વર્ષે કઢાવે છે.

આણદા બાવા સંસ્થાના વર્તમાન અધ્યક્ષ શ્રી દેવપ્રસાદ મહારાજની વાણી :

- બીજાના સુખે સુખી ને દુઃખે દુઃખી થવાની ટેવ પાડો !
- સૌમાં ભગવાનને જોતાં શીખો.
- જીવનની જરૂરિયાતો ઓછી કરો.
- જે નાનો ને નમ્ર તે ઈશ્વરને વહાલો.
- ક્ષમા વિના શૌર્ય શા ખપનું ? તેમ દીન, દુઃખી, રોગીને સહાયરૂપ ન થાય તો ધનની સાર્થકતા શી?
- પ્રભુ કેવળ તમારો પ્રેમ એટલે કે તમારું મન માગે છે.
- એવું જીવો કે તમે સુખી થાઓ ને બીજા પણ સુખી થાય.
- દાનવીર કેવળ પૈસા દેવાથી નથી થવાતું.
- સુખ- દુઃખનો દેનારો કોઈ બીજો છે એમ કહેવું એ કુબુદ્ધિ છે. કારણ બધા જ પોતાના કર્મરૂપી ધાગાથી બંધાયેલા છે.
- દરેક પરિસ્થિતિમાં ઈશ્વરમાં આસ્થા અવિચળ રહે એનું નામ ભક્તિ.
- બહુ માન મળે તે મુસીબત ઊભી કરે છે. માનની ઈચ્છા ધરાવનારને અપમાન તરત લાગી જાય છે અને તેનો આઘાત એ સહન કરી શકતો નથી.
- કર્મ એ જ કામધેનુ અને પ્રાર્થના એ જ પારસમણિ.

## સંતરામ મહારાજ

બારડોલી પાસેના વરાડ ગામમાં ભજન-કીર્તન ચાલતાં હતાં. ગિરનાર પહાડની કંદરામાંથી ઊતરી આવેલા એક અજાણ્યા સાધુ વચમાં બેઠા હતા. આસપાસ સ્ત્રી-પુરુષોની ભીડ હતી. લક્ષ્મણદાસ નામે એક યુવાન ભજનમાં મસ્ત હતો. એકાએક પેલા સાધુ મહારાજ પર એની નજર પડી. આ શું ? સાધુની જગ્યાએ એને શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે. એના કાનમાં મધુર બંસીરવ સંભળાય છે. બીજી ક્ષણે એણે જોયું તો ત્યાં કોઈ નહોતું. એણે આસપાસ સૌને પૂછ્યું, 'સાધુ ક્યાં ગયા?' સૌએ કહ્યું, 'સાધુ નથી ! એ ક્યારે ઊઠીને ચાલ્યા ગયા એની અમને ખબર નથી !' લક્ષ્મણદાસ વિહ્વળ બની ગયો. સાધુની શોધમાં એ ચાલી નીકળ્યો.

આ સાધુ મહારાજ તે નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મહારાજ. ગિરનારની ગુફામાં વર્ષો સુધી તપસ્યા કરી તેઓ અવધૂત દશામાં ગુજરાતની ધરતી પર વિચરણ કરતા હતા. ફરતાં ફરતાં તેઓ નડિયાદ આવ્યા. ગામથી દૂર એક ખેતરમાં રાયણનું મોટું ઝાડ હતું. ઝાડમાં બખોલ હતી. અવધૂતને બખોલનું એકાંત ગમી ગયું. તેમણે બખોલમાં પોતાનો વાસ કર્યો અને રાત દિન બ્રહ્મભાવમાં મસ્ત રહેવા માંડ્યું.

એક વાર ખેતરના કૂવે એક મજૂર રાશ અને ડોલ લઈને પાણી ભરવા આવ્યો. પાણી ભરીને એ પાછો ફરતો હતો ત્યાં અવધૂતે કહ્યું, 'ભાઈ, રાશ મૂકતો જજે, મારે નહાવું છે.' મજૂરે ગણકાર્યું નહિ. એ ચાલી ગયો. થોડા વખત પછી એને ફરી પાણી ભરવા આવવાનું થયું ત્યારે તેણે જોયું તો અવધૂત હાથ લાંબો કરી વગર દોરડે તુંબડા વડે કૂવામાંથી પાણી કાઢી નહાતા હતા ! યોગબળે કૂવાના પાણીને તેમણે ઊંચે લાવ્યું હતું. થોડી જ વારમાં આ અદ્ભૂત ચમત્કારની વાત બધે પ્રસરી ગઈ.

વળી, એક બીજો ચમત્કાર થયો. એક ખેડૂત મનમાં વિચાર કરતો હતો કે આ મહારાજને મારે એક વાર જમાડવા છે. ત્યાં તો મહારાજે જ સામેથી એને કહ્યું, 'આજે હું તમારા ઘરનું દૂધ ગ્રહણ કરીશ.' આ સાંભળી ખેડૂત રાજી થવાના બદલે ઉદાસ થઈ ગયો. તેણે કહ્યું, 'મહારાજ, લાપશી જમાડું, પણ દૂધ ક્યાંથી લાવું ? ભેંશ દૂધ આપતી નથી !' મહારાજે કહ્યું, 'આપશે ! લો મારું આ તુંબીપાત્ર, તેમાં દોહજો!' મહારાજનું તુંબીપાત્ર લઈને ખેડૂત ઘેર આવ્યો અને ભેંશના આંચળ નીચે જ્યાં તુંબીપાત્ર ધર્યું ત્યાં દૂધની ધાર થઈ ! તુંબીપાત્ર ભરાઈ ગયું, પછી ધાર બંધ !

નડિયાદમાં અત્યારે જ્યાં સંતરામ મંદિર છે ત્યાં તે વખતે ખુલ્લી જગ્યા હતી. ગામની નજીક પણ ખરું અને છતાં એકાંત એટલે મહારાજે ખેતર છોડી ત્યાં બેસવાનું રાખ્યું. એમના દર્શનાર્થે લોકોની ભીડ વધતી જતી હતી એટલે એક દિવસ એકાએક મહારાજ એ સ્થળ છોડી ચાલી નીકળ્યા. ત્યાં એમના એક અનન્ય ભક્ત પૂંજાભાઈએ પંચોતેરિયા વડ આગળ એમને રોક્યા ને કહ્યું, 'મહારાજ, તમે કાયમ અહીં જ રહો ! તમે તો આ ભૂમિનું સૌભાગ્ય છો !' મહારાજે ભક્તનો આગ્રહ માન્ય રાખ્યો. આ વખતે ભક્તે ચરણરજ લઈ માગી લીધું કે આ સેવકને ખબર આપ્યા સિવાય હવે પછી મહારાજે આ જગ્યા છોડવી નહિ! મહારાજે હસીને ભક્તનો આ આગ્રહ પણ માન્ય રાખ્યો.

મહારાજ સતત રામનામનો જપ કર્યા કરતા. લોકો પૂછે, 'સંતજી, તમારું નામ શું ?' તો મહારાજ કહે, 'રામ !' લોકોએ એમને સંતરામ કહ્યા, અને એ નામે તેઓ ઓળખાયા.

મહારાજ નડિયાદમાં સ્થિર થયા. તેવામાં એક દિવસ એમને શોધતાં શોધતાં લક્ષ્મણદાસ ત્યાં આવી પહોંચ્યા. એ મહારાજનાં ચરણોમાં પડ્યા અને મહારાજે તેમને શિષ્ય તરીકે સ્વીકાર્યા. ગુરુએ તેને સંપૂર્ણ યોગવિદ્યા શીખવી. આતમના અનુભવે લક્ષ્મણદાસની જબાન ખૂલી. તેમને કવિતાઓ સ્ફૂરવા લાગી. ગુરુના મહિમાનું ગાન ગાતાં લક્ષ્મણદાસ કહે છે.

**'તમે સાત દીપ નવખંડ કર્યા, તમે કંઈ જડને ચેતન કર્યા !**
**તમે આવ્યા'તા જુગમાં ફરવા, લોહ-લક્ષ્મણ ને પારસ કરવા !'**

ગુરુ પારસમણિના સ્પર્શથી લક્ષ્મણદાસ સ્વયં પારસમણિ બની ગયા હતા, જેના શિષ્ય આવું દૈવત બતાવી ગયા છે એ ગુરુ સંતરામ મહારાજનું દૈવત કેવું પ્રચંડ હશે ! શિષ્ય તેમને ભગવાન દત્તાત્રેયનો અવતાર માને છે. તેઓ અવધૂત હતા. મહાયોગી હતા. રાત-દિન સહજ સમાધિની અવસ્થામાં બ્રહ્મસુખના સાગરમાં રહેતા હતા. તેમણે પોતે અનેક પદમાં પોતાને **'સુખસાગર' કહ્યા છે અને અદ્વૈતાનુભવનું વર્ણન કર્યું છે :**

**'પોતે પોતાનામાં ભળી ગયા, પોતે જોયું પોતાનું આપ રે,**
**પોતે મુન્ય (મૌન) ને પોતે શૂન્ય ચરાચરમાં એ જ રે,**
**પોતે દીઠા ને પોતે દેખાડ્યાં બ્રહ્માસન ભરપૂર રે,**
**પોતે કહેતા, પોતે સૂણતા પોતે પોતાનો બોલ રે,**
**વાણી શમી ને વિચાર ગયા, આપે સુખસાગર થયા !'**

ગહનમાં ગહન વાત પણ મહારાજ સહેલી ઉપમાઓ દ્વારા લોકોને સમજાવતા. તેઓ કહેતાઃ

**'પુણ્ય પાપ બે બળદિયા ને ઘર-ધંધાની ઘાણી રે !'**

પાપ-પુણ્યરૂપી આ બળદિયાઓની આંખે કરમધરમના પાટા બાંધેલા છે ને 'હું-તું'ના જોતરાં જોડ્યાં છે. ઘાણીમાં સુખદુ:ખના તલ ઓર્યા છે, મમતારૂપી ઘાંચણ છોકરાછૈયાંરૂપી લાકડી વડે એ બળદિયાઓને હાંકે છે ને બળદિયાઓ મોહફેરામાં ગોળ-ગોળ ફર્યા જ કરે છે !

ભક્તો પૂછે છે : 'મહારાજ, આ નવરાત્રિ શું ને દશેરા શું?'

મહારાજ કહે છે : 'દેહનાં નવ દ્વાર તે નવ નોરતાં અને દશમું દ્વાર તે બ્રહ્મરંધ્ર. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેને જીતી આત્મા-પ્રાપ્તિ કરે ત્યારે સાધક દશેરાનું મોં ભાળે.'

પ્રશ્ન : 'મહારાજ, માણેકઠારી શું ને દિવાળી શું ?'

મહારાજ કહે છેઃ 'મન ઠરે તે માણેકઠારી! મનરૂપી માણેક પરમાત્મામાં સ્થિર થાય એ માણેકઠારી પૂનમ ! અને આ આધ્યાત્મિક રહસ્ય સમજી હરિનું ભજન કરવું તે દિવાળી.'

પ્રશ્ન : 'મહારાજ, સીતા શું ને રાવણ શું ?'

મહારાજ કહે : 'સીતા એ બ્રહ્મવિદ્યા. રાવણરૂપી અહંકારનો નાશ કરો તો બ્રહ્મવિદ્યાનું દર્શન થાય !'

મહારાજ કહે : 'એ જાણીએ જ્યારે બે અક્ષર એક થાય

ત્યારે ! એટલે કે જ્યારે 'ર' અને 'મ' (રામ) એ બે આદ્ય અક્ષરો એકાકાર થાય અને માત્ર બ્રહ્માકારવૃત્તિ જ અવશિષ્ટ રહે ત્યારે જાણવું કે લક્ષ્ય સિદ્ધ થયું ! આદ્ય અક્ષર એ નામ છે.'

પ્રશ્ન : 'મહારાજ, ભવ પાર ઊતર્યા એ કેમ કરી જાણીએ ?'

મહારાજ કહે : 'પાર પડ્યા તે જાણીએ જ્યારે મનમાં મન સમાય રે ! મનમાં મન સમાઈ જાય ને કોઈ સ્પંદન કે સ્ફૂરણ ઊઠે જ નહિ ત્યારે સમજવું કે ભવસાગર તરી ગયા !'

સંતરામ ગુરુએ 'યોગકળાની ચાવી' શિષ્યને કેવી હસ્તગત કરી આપી હશે તે તેમના એક શિષ્ય બાલકદાસનાં પદ પરથી સમજાય છે. એ પદો ગૂઢ રહસ્યથી ભરેલાં છે.

એવાં એક પદમાં તેઓ કહે છે :

**'ત્રિકુટી કેરી લટારીમાં, આગે વંકનાલકી બારીમાં,**
**ચડે ગગનગોખ અટારીમાં, જ્યાં ગાજત હૈ ગગનાગટી,**
**જ્યાં બાગ લગાયો છે માલી, ત્યાં પંચસખી જોવા ચાલી,**
**ત્યાં સુગંધ લેત હૈ મન - આલી !**
**જેને ગગન નાદની ખબર પડી, ત્યાં બાજત ગેબ કી ઝાલરી,**
**અતિ બાલકદાસ પર મહેર કરી !**

ત્રિકુટી (આજ્ઞાચક)થી, બંકનાલની બારીમાં થઈને બ્રહ્મરંધ્રના ચિદાકાશમાં એણે આરોહણ કર્યું છે, ત્યાં બ્રહ્માકાશનો બ્રહ્મમેઘ ગર્જી રહ્યો છે. પરમાત્માએ માળી બની એ વિશ્વનો બાગ રચ્યો છે. એ બાગમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધની પાંચ વૃત્તિઓ સખીઓ બની ફરવા નીકળી છે અને મન રૂપી ભમરો એ બાગની સુગંધ લે છે. ભક્ત બાલકદાસ કહે છે કે જ્યાં ગેબની ઝાલરી બજી રહી છે એવા બ્રહ્મગગનના નાદની જેને ખબર પડી છે એવા યોગીરાજ શ્રી સંતરામ મહારાજે મારા પર કૃપા કરી છે.

આમ, સંતરામ મહારાજે અનેકનો ઉદ્ધાર કર્યો છે. એક ભક્તે પ્રેમના ઉપાલંભરૂપે મહારાજ વિષે લખ્યું છે:

**'ઠગ બડે હો સંતરામ, ઐસા ઠગ નહિ કોઈ,**
**ફાંસી ડાલી પ્રેમ કી મન મસ્તક માહીં !'**

'હે સંતરામ મહારાજ, તમારા જેવો ઠગ મેં કોઈ ન જોયો ! બીજા તો જડ માલ-મિલકત ઠગે પણ તમે તો પ્રેમનો ગાળિયો નાખી મારું મન તમારા કબજે કરી લીધું!'

પોતાનું કામ પૂરું થઈ ગયું છે એમ લાગવાથી સંતરામ મહારાજે સં.૧૮૮૭ના પોષ સુદ પૂનમના દિવસે સમાધિ લેવાનો વિચાર કર્યો. ભક્ત બાપુભાઈ બહારગામ હોવાથી મહારાજને વિનંતી કરી કે થોડું રોકાઈ જાઓ તો સારું ! મહારાજે કહ્યું, 'ભલે, તો મહા સુદ પૂનમનો દિવસ હું નક્કી કરું છું.' બાપુભાઈ સમયસર આવી ગયા. મહારાજે તેમને કંઈ માગવા કહ્યું. બાપુભાઈએ કહ્યું, 'આ સ્થાનનો યશ ચિરકાળ રહે એટલું માગું છું.' મહારાજે પ્રસન્ન થઈ એમના મસ્તક પર હાથ મૂક્યો. સાંજે છ વાગ્યે મહારાજે સમાધિમાં પ્રવેશ કર્યો અને પદ્માસનવાળીને બેઠા. તેમના બ્રહ્મરંધ્રમાંથી એક જ્યોત પ્રગટ થઈ, એ જ્યોતથી પહેલાંથી તૈયાર રાખેલો ઘીનો દીવો પ્રગટ્યો. ! આજે પણ એ દીપ સંતરામ મંદિરમાં અખંડ જલે છે, મહારાજનું એ પ્રગટ સ્વરૂપ છે. મહારાજના સમાધિસ્થાન ઉપર મહારાજની પાદુકાઓ અને આ અખંડ દીપનાં સૌ દર્શન કરે છે.

સંતરામ મંદિરનું સ્થાન આજે ખૂબ વિકસ્યું છે. આ સંસ્થા જનહિતની ઘણી પ્રવૃત્તિઓ કરે છે. મંદિરમાં શ્રમનું ઘણું મહત્ત્વ છે.

# રણછોડદાસજી મહારાજ

(દેહત્યાગ ઈ.સ. ૧૯૭૦)

'અંતિમ શ્વાસ સુધી દેશની સેવા કરું એ જ એક ઈચ્છા છે.એ સિવાય કોઈ વિચાર મને આવતો નથી, મોક્ષનો પણ નહિ. હું તો ઈચ્છું કે ફરી ફરી જન્મ લઉં ને લોક-નારાયણની સેવા કરતો રહું !'

માણસમાં વસી રહેલા ભગવાનની સેવા કરવાનું કહેનારા આ સંતનું નામ રણછોડદાસ મહારાજ. તેમનો જન્મ મધ્યપ્રદેશના બાયફળ ગામમાં કારતક સુદ ચોથે થયો હતો. એમનું બાળપણનું નામ રામરાવ હતું. અગિયાર વર્ષની વયે તેમણે ગૃહત્યાગ કર્યો હતો અને અયોધ્યામાં સરયૂતટે પતિતપાવન નામે સંત પાસે દીક્ષા લઈ રણછોડદાસ નામ ધારણ કર્યું હતું ને 'શ્રી રામ જય રામ જય જય રામ' નો મંત્ર રટતાં સમગ્ર ભારત વર્ષની

યાત્રા કરી હતી. તિબેટમાં લામાઓએ તેમને ચમત્કારી તંત્રવિદ્યા શીખવવાની લાલચ ધરી હતી પણ રામ સિવાય બીજી વિદ્યાનું એમને કામ નહોતું. એમને મન રામ નામ પાકું, બીજું બધું કાચું હતું.

બાબા રણછોડદાસ બાવીશ વર્ષના હતા. શરીરે હૃષ્ટપુષ્ટ અને સાધુપણાની ખુમારી. ટાઢ, તાપ, વરસાદ કશાની એમને પરવા નહિ. પોષ મહિનાની ભયાનક ટાઢમાં વિલાસપુર પાસે તખતપુર ગામમાં ઝાડ નીચે એમનો મુકામ હતો. એમના અંગ પર લંગોટી સિવાય બીજું કંઈ વસ્ત્ર નહોતું. રાતે ટાઢ ખૂબ વધી ત્યારે બાબાએ કોઈ ઘરના આંગણામાં સ્ત્રીનો ઘાઘરો સૂકવેલો હતો તે ઓઢી લીધો ને રામ-સ્મરણમાં રાત પૂરી. સવારે બાઈને ખબર પડી એટલે તે બોલી, 'બાબા, તમે તો મને પાપમાં નાખી ! સાધુ થઈને ઘાઘરો ઓઢ્યો ?' બાબા કહે, 'બાઈ, સાધુને ઘાઘરો શું ને કાંઈ શું ? સાધુને તો કોઈ વાર વાઘંબર, કોઈવાર ટાટંબર તો કોઈ વાર ઘાઘંબર !' બાબા પોતે આ પ્રસંગ સંભળાવી કહેતા, 'સાધુપણાનો પણ અહંકાર ખોટો !'

એક વાર બર્દવાનના મહારાજાએ બાબાને ચાંદીનું આસન ભેટ ધર્યું. રાજાએ કહ્યું, 'રાજાઓના ગુરુ બની માલમસ્ત ખાલમસ્ત રહો !' બાબાએ કહ્યું, 'હું તો ખયાલમસ્ત, રામમસ્ત છું. તમે મને ગુરુ કહી મને જ તમારો ચેલો મૂંડવા માગો છો, એ હું સમજી ગયો છું. તમે મારા ત્યાગનું અનુકરણ કરવાના બદલે મને ચાંદીનું આસન ભેટ ધરી તમારા વૈભવનું અનુકરણ કરવા લલચાવો છો, એ મને તમારો ચેલો મૂંડવાની જ વાત થઈને ?' આમ કહી ત્યાંથી કશું જ લીધા વિના તેઓ પગે ચાલતા નીકળી ગયા.

બાબા ફરતા ફરતા વીરપુર આવ્યા. જલારામબાપાએ ઝોળીમાંથી રોટલી કાઢી કહ્યું, 'જમો, રામજીનો પ્રસાદ છે.' બાબાએ પ્રેમથી એ ખાધી. એ દિવસથી જલારામબાપાની ગાદી સાથે બાબાનો સંબંધ બંધાયો તે છેવટ સુધી રહ્યો.

બાબા કહેતા, 'સાધુ બીજાનો લાભ લેવા માટે નથી, પણ બીજાને લાભ દેવા માટે છે. સૌનું શુભ ઈચ્છે તે જ સાધુ ! સાધુનું કામ લોકોના અજ્ઞાન અને વહેમને પોષવાનું નહિ પણ દૂર કરવાનું છે. એક ગામમાં લોકો કહે, 'બાબા, કોઈ કોઈ વાર પેલા પીપળા હેઠળ રાતે ભૂતની જાન નીકળે છે ! ભૂતડાં ભેગાં થઈ નાચે છે !' બાબા ત્યાં રોકાઈ ગયા અને રોજ રાતે પેલા પીપળા તરફ નજર રાખવા લાગ્યા. એક મધરાતે એમણે પીપળા નીચે અજવાળું જોયું. અજવાળું દોડદોડ કરતું હતું. બાબા ભૂતનો નાચ જોવા પીપળા નીચે જઈ ઊભા રહ્યા. ભૂતડાં એમનાથી ડરીને ભાગ્યાં. બાબાએ બૂમ પાડી, 'ખડે રહો !' ભૂતડાં ઊભાં રહી ગયાં ! જોયું તો તેઓ માણસો હતા. હાથમાં ફાનસ લઈ સસલાં પકડવા આવ્યા હતા. હાથમાં ફાનસ લઈ તેઓ દોડાદોડ કરતા તેને લોકો ભૂતનો નાચ કહેતા હતા. સૌનો વહેમ દૂર થયો.

માઈલકૂટા ગામમાં પ્લેગ થયો ને માણસો ટપોટપ મરવા લાગ્યાં. બાબાને ખબર પડતાં ત્યાં પહોંચી ગયા. તેમણે દરદીઓની સેવાચાકરીનો ભાર ઉપાડી લીધો. મરેલાંને ખભા પર ઉપાડી સ્મશાને લઈ જાય. આવી રીતે એક જ દિવસમાં બાવીસ શબ એમણે ઊંચકવાં પડેલાં. બધાંનો ભેગો અગ્નિસંસ્કાર કરતા. ઘણા દિવસ સુધી એમણે આ સેવા કરી.

રાજકોટમાં બાબાએ પોતાનો મુખ્ય આશ્રમ કર્યો હતો. એક વાર તેમણે ત્યાં શ્રીરામમહાયજ્ઞ કર્યો હતો. ભારતભરમાંથી પંડિતો આવ્યા હતા. આખો વખત ધર્મોપદેશ, પારાયણ, નામ-સંકીર્તન ચાલ્યા કરતું. રોજ હજારો માણસ પ્રસાદ ગ્રહણ કરતા હતા.

એક વાર એક બ્રાહ્મણે બાબાને કહ્યું, 'તમે શૂદ્રને શાસ્ત્ર ભણાવો છો એ ખોટું કરો છો !' બાબાએ કહ્યું, 'શૂદ્ર ભગવાનના ચરણમાંથી પેદા થયો છે અને ભગવાનનાં ચરણ સદા સેવ્ય છે, માટે શૂદ્રની તો આપણે સેવા કરવી જોઈએ. વેદમાં પણ **ચર્મકારેભ્યો નમઃ કુલાલેભ્યો નમઃ** કહી ચર્મકારને અને કુંભારને વંદન કરવા કહ્યું છે. હવે તમે જ કહો કે જે વંદન કરવા યોગ્ય છે તેને શાસ્ત્ર ભણવાનો હક કેમ નહિ! સ્ત્રીઓને પણ એ અધિકાર છે જ. વેદની ઋચાઓના દ્રષ્ટાઓ તરીકે શૂદ્ર પણ છે અને સ્ત્રીઓ પણ છે.'

કાનમાં તોપ ફૂટે તો પણ ધ્યાન ન છૂટે એવી બાબાની એકાગ્રતા હતી. એક વાર તેઓ ધ્યાનમાં બેઠા હતાં ત્યારે તેમની આંગળીએ વીંછી કરડી ગયો. ધ્યાનમાંથી

જાગ્યા ત્યારે કેટલી વાર પછી તેમને એની ખબર પડી !

બાબાએ ભારતમાં જુદા જુદા સ્થળે અસંખ્ય નેત્રયજ્ઞ કરાવ્યા છે ને હજારો નેત્રરોગ-પીડિતોને રાહત પહોંચાડી છે. આજે પણ એમની પ્રેરણાથી સ્થપાયેલો શ્રી સદ્‌ગુરુ સેવા સંઘ આ પ્રવૃત્તિ તથા રેલ, ધરતીકંપ, દુકાળ જેવી આસમાની સુલતાની વખતે પીડિતોને રાહત આપવાની પ્રવૃત્તિ ચાલુ રાખી રહ્યો છે. બાબાની આ પ્રવૃત્તિ એ એમના સાધુજીવનની શિરટોચ છે.

બાબા જામનગરમાં રહેતા હતા ત્યારે એમને કાષ્ઠ મૌનમાં બેસવાની પ્રેરણા થઈ. એમણે ૭૨૦ દિવસનું કાષ્ઠ મૌન રાખ્યું. એ પૂરું કરી બાબા એકાંત કુટીરમાંથી બહાર આવ્યા ત્યારે એમનું શરીર ઉંદરોએ ફોલી ખાધું હતું. ઉંદરોની કરડનું એ નિશાન બાબા જીવ્યા ત્યાં સુધી એમના શરીર પર રહ્યું હતું.

એક વાર કર્મ અને પુરુષાર્થની વાત નીકળતાં બાબાએ કહ્યું, 'ઈશ્વરે હાથ-પગ અને બુદ્ધિ આપ્યાં છે- પુરુષાર્થ કરવા ! પ્રમાદ વિના પુરુષાર્થ કરો અને સાથે ઈશ્વરનું શરણું લો!' એક વાર કોઈકે પૂછ્યું, 'બાબા, ઈશ્વર છે ખરો ?' બાબાએ કહ્યું, 'ઈશ્વર નથી એવો વિચાર આવે છે એ જ ઈશ્વર છે એનું પ્રમાણ છે. જલેબી કેવી ? રબડી કેવી ? એમ પૂછવાથી એના સ્વાદની ખબર નહિ પડે. એ તો ખાય તે જાણે ! એવું ઈશ્વરનું છે, બ્રહ્મનું છે !'

ગામડાંમાં બાબાનું નામ પડતાં લોકો દોડી આવતા અને બાબાને પગે લાગી ચરણમાં રૂપિયો ધરે ! બાબા હસીને કહેતા, 'આ એક રૂપિયો નથી, લાખ રૂપિયા છે ! ઉત્તમોત્તમ દાન છે.' સંતપુરુષોનું ગણિત જ અનોખું ! જે એ ગણિત સમજે તેને પછી બીજું ગણિત સમજવાની જરૂર ન રહે. ગોવધબંધીની વાતો થતી ત્યારે બાબા કહેતા, 'ખરેખર જો તમારે ગૌવધબંધી જોઈતી હોય તો ગાય પાળો અને ગોપાલનમાં મદદ કરો ! તમારી કમાણીમાં ગૌમાતાનો પણ હક છે એમ માનો અને તેના હકનું તેને આપો ! તેમ ન થાય ત્યાં સુધી ઘી-દૂધ-દહીં ખાવાનું બંધ કરો !' બાબાના આવા વિચારોના લીધે કેટલાક સાધુઓ એમને ઊંધી ખોપરીના કહેતા. બાબા કહેતા, 'હું ઊંધી ખોપરીનો જ છું.' બાબા વિનોદી હતા. એમના વિનોદમાં ચાબખા હતા પણ ડંખ નહોતા. એક વાર કેટલાક માણસો 'ચાલો સત્સંગ કરીએ' કહી બાબા પાસે આવીને બેઠા. બાબાએ કહ્યું, 'સત્સંગ કરાતો નથી, આપોઆપ થાય છે. આજે સિનેમામાં નથી ગયા તો ચાલો મહારાજનું મોઢું જોવા જઈએ! એ સત્સંગ નથી, મનને રમાડવાની લત છે, લતસંગ છે! બાકી સત્સંગ એટલો સહેલો નથી.' બાબા કહેતા, 'સેવા કરવી સહેલી નથી. સેવા તો કઠિન કાર્ય છે.'

૧૯૬૬ની સાલ હતી. ઓરિસામાં ભયાનક દુકાળ પડ્યો. બાબા તે વખતે પથારીવશ હતા, છતાં ત્યાં પહોંચી ગયા. ઊંડાણનાં આદિવાસી ગામડાંઓમાં પણ તેમણે રાહતની છાવણીઓ નખાવી અને સેવકોને કહ્યું, 'સેવા કરું છું, ઉપકાર કરું છું એવું માનતા નહિ. માનજો કે કર્મબંધનને તોડવાનો આ અવસર છે. કુટુંબી માનીને સેવા કરજો!' બિહાર, ભરતપુર, મહારાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, રાજસ્થાન, જ્યાં જ્યાં કુદરતી આફત આવી, બાબાએ ગામડે ગામડે રાહત પહોંચાડી. ૧૯૭૦ની સાલમાં પુષ્કરમાં જઈ તેમણે જનોઈ-કમંડળનો ત્યાગ કર્યો ને જાહેર કર્યું, 'જી ચાહતા હૈ કિ અબ મૈં શરીર છોડ દૂં !' છેવટે ચૈત્ર સુદ તેરસે તા.૧૯.૪.૧૯૭૦ના રોજ 'મૈં જાતા હૂં રામ!' કહી મુંબઈમાં વોર્ડનરોડ ઉપર બ્રીચ કેન્ડી હોસ્પિટલ સામે શ્રી રામભાઈ ગોકાણીના નિવાસસ્થાન 'સૂર્યસદન'માં તેમણે દેહ છોડ્યો. મનુષ્યની સેવા દ્વારા પરમાત્માની સેવાના મહાન સંદેશવાહક સંત ભૂતલ પરથી અદશ્ય થયા.

## સ્વામી રામતીર્થ

(ઈ.સ. ૧૮૭૩ - ઈ.સ.૧૯૦૪)

અમેરિકામાં એક હિંદુ સંન્યાસીને પ્રશ્ન પૂછવામાં આવ્યો, 'તમે ઈશ્વરમાં માનો છો ?' સંન્યાસીએ તરત જ જવાબ આપ્યો, 'ના, હું ઈશ્વરમાં માનતો નથી પણ હું ઈશ્વરને જાણું છું. હું સ્વયં ઈશ્વર છું.' વળી, પ્રશ્ન થયો, 'શું તમે આત્મા છો ?' સંન્યાસીએ કહ્યું, 'ના, હું આત્મા નથી, આત્માનો આત્મા પરમાત્મા છું.' હૈયાસોસરાં

ઊતરી જાય એવા આ જવાબોથી અમેરિકાનું દિલ હરી લેનાર એ યુવાન સંન્યાસી સ્વામી રામતીર્થ હતા - જેમને મહાત્મા ગાંધીજીએ કેવળ ભારતના જ નહિ, સમસ્ત વિશ્વના એક મહાન સંત કહ્યા છે.

સ્વામી રામતીર્થનો જન્મ પંજાબના ગુજરાનવાલા જિલ્લાના મુરલીવાલા ગામમાં તા.૨૨.૧૦.૧૮૭૩ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ હીરાનંદ ગોસ્વામી. સ્વામી રામતીર્થનું બાળપણનું નામ હતું તીર્થરામ. તીર્થરામ દશ વર્ષના થયા એટલે તે વખતના રિવાજ પ્રમાણે પિતાએ એમને પરણાવી દીધા. તેઓ ઈ.સ.૧૮૮૮માં મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. ગુજરાનવાલામાં એમને ધન્નારામ ભગત ગુરુરૂપે પ્રાપ્ત થયા. મેટ્રિક થયા પછી તીર્થરામને આગળ ભણવા માટે ઘરની આર્થિક પરિસ્થિતિ સારી નહિ હોવાના કારણે પિતાએ ભણવાની ના પાડી, પરંતુ ધન્ના ભગતે તેમને ઉત્સાહ આપ્યો. સને ૧૮૯૩માં બી.એ.ની પરીક્ષામાં તેઓ પ્રથમ આવ્યા. એમ.એ. થયા પછી તીર્થરામ પોતે જ્યાં ભણતા હતા તે જ કૉલેજમાં ગણિતના પ્રોફેસર થયા. ગણિતની ભાષામાં તેઓ વેદાંત સમજતા અને સમજાવતા. તેમનાં પત્ની અને સંતાનો પણ તેમની સાથે રહેતાં હતાં, પરંતુ ધીરે ધીરે સંસાર પરથી તેમનું ચિત્ત ઊઠતું જતું હતું. તા.૫-૬-૧૮૯૬ના રોજ ગુરુ ધન્નારામ ભગતને તેમણે લખ્યું, 'ધન કમાવામાં મને આનંદ નથી. મારે મન તો ઝાડની છાયા એ મારું ઘર, ઉઘાડી ધરતી એ મારી પથારી, ભસ્મ એ મારું વસ્ત્ર અને ભિક્ષા એ મારું પકવાન ! આ મળે તો મારા જેવું સુખી કોઈ નથી.'

શરૂઆતમાં તીર્થરામ ભગવાન શ્રી ચૈતન્યના ભક્ત હતા. પ્રવાસમાં પણ તેઓ પોતાની સાથે શ્રીકૃષ્ણની નાની મૂર્તિ રાખતા. શ્રીકૃષ્ણનું નામ કાને પડતાં તેમને સમાધિ થઈ જતી. એવામાં સ્વામી વિવેકાનંદ લાહોર આવ્યા. તે પછી દ્વારકાના શંકરાચાર્ય આવ્યા. તીર્થરામ ઉપનિષદોના અદ્વૈત તરફ વળ્યા. વેદમંત્રોના શ્રવણ માત્રથી એમને સમાધિ થઈ જતી, તેમને અપૂર્વ આનંદની અનુભૂતિ થતી. તેઓ હરિદ્વારમાં ગંગાતટે જઈને રહ્યા. તેઓ કહેતા, 'અંદર અનાહત નાદ સાંભળું છું ને બહાર ગંગામાં એનો પડઘો સાંભળું છું. રાજાઓ અને દેવોને પણ દુર્લભ એવું આ સ્વર્ગ છે.'

હિમાલયના એકાંતમાં તીર્થરામે ધર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. એમને ખાતરી થઈ ગઈ હતી કે મારે કંઈક મહાન કાર્ય કરવાનું છે. ઉત્તર કાશીમાં સ્વામી રામાશ્રમજી પાસે જઈ તેમણે સંન્યાસ-દીક્ષાની માગણી કરી. રામાશ્રમજીએ કહ્યું કે હું કોઈને શિષ્ય કરતો નથી એટલે તીર્થરામે પોતે પોતાનું માથું મૂંડી નાખ્યું અને કોઈ પણ વિધિ વગર સંન્યાસી બની ગયા ને રામતીર્થ નામ ધારણ કર્યું.

ટેહરીના મહારાજ સ્વામી રામતીર્થના ભક્ત બની ગયા હતા. તેમણે સ્વામીજીને જાપાનમાં વિશ્વના ધર્મોની પરિષદમાં હાજરી આપી હિંદુ ધર્મ અને તત્ત્વજ્ઞાનનો ધ્વજ ફરકાવવા પ્રવાસની વ્યવસ્થા કરી આપી. સ્વામી રામતીર્થ જાપાન ગયા પણ ત્યાં એવી કોઈ પરિષદ હતી નહિ, તેથી એક હિંદી સર્કસની સાથે તેઓ અમેરિકા પહોંચી ગયા. રામતીર્થ કહેતા, 'રામતીર્થને હિમાલયના એકાંતમાંથી કાઢવાની ભગવાનની આ યુક્તિ હતી.' અમેરિકામાં અનેક સ્થળે સ્વામીજીએ ભાષણ આપ્યાં. તેમણે કહ્યું, 'ઈશ્વર નથી હિંદુ, નથી મુસલમાન, નથી ખ્રિસ્તી ! ફૂલમાં ખ્રિસ્તી ફૂલ કે મુસલમાન ફૂલ હોતાં નથી તેમ હું પણ મનુષ્યમાં વર્ગ, વર્ણ કે ધર્મનો ભેદ કરતો નથી.' એમની વાણીની અમેરિકામાં એટલી બધી અસર થઈ કે કેટલાક લોકોને એ ઈસુ ખ્રિસ્ત લાગ્યા તો કેટલાકને સાક્ષાત્ ઈશ્વર લાગ્યા. તેમની વાણીમાં આત્મસાક્ષાત્કારનું તેજ હતું. કારણકે તેમનો દૃઢ સંકલ્પ હતો કે જે સત્યનો મેં સાક્ષાત્કાર કર્યો છે તેની જ હું વાત કરીશ.

અમેરિકામાં સ્વામીજીની લોકપ્રિયતાનું બીજું પણ કારણ હતું. ૧૪૪૪૪ ફૂટ ઊંચા પર્વત પર ચઢવાની હરીફાઈમાં એમણે ભાગ લીધો હતો અને ઈનામ જીત્યું હતું. પણ ઈનામ લેવાની એમણે ના પાડી હતી. ત્રીસ માઈલ દોડવાની હરીફાઈમાં પણ એમણે ભાગ લીધો હતો અને પહેલા આવ્યા હતા.

૧૯૦૪ના ઑક્ટોબરમાં સ્વામી રામતીર્થે અમેરિકા છોડ્યું. રસ્તામાં તેઓ કેરો ઊતર્યા. ત્યાંની મસ્જિદમાં એમણે ફારસીમાં સુંદર પ્રવચન કર્યું. તે પછી પોર્ટ સૈયદ આગળ તેમને જે સ્ટીમરમાં બેસવાનું હતું

તેમાં ભારતના વાઈસરોય લોર્ડ કર્ઝન મુસાફરી કરતા હતા. સ્વામી રામતીર્થ મસ્ત પુરુષ હતા. તેમણે એ જાણ્યું એટલે કહ્યું, 'એક સ્ટીમરમાં બે બાદશાહ નહિ જઈ શકે !' તેમણે એ સ્ટીમર જવા દીધી. સ્વામી રામતીર્થનાં રૂંવે રૂંવે દેશપ્રેમ ભરેલો હતો. તેઓ કહેતા : 'હું ભારત છું, હું સમગ્ર ભારત છું. પૂર્વ ને પશ્ચિમ મારા બે બાહુ છે. એ બંને બાહુ પહોળા કરી હું સમગ્ર માનવજાતને ભેટું છું. હું જયારે ચાલું છું ત્યારે ભારત ચાલે છે એવું અનુભવું છું. હું શ્વાસ લઉં છું ત્યારે ભારત શ્વાસ લે છે, હું બોલું છું ત્યારે ભારત બોલે છે એવું હું અનુભવું છું. હું ભારત છું, હું શંકર છું, હું શિવ છું. દેશભક્તિનો આ ઊંચામાં ઊંચો આવિષ્કાર છે અને આ જ વ્યવહારુ વેદાંત છે.'

એક વર્ષ અમેરિકા રહી સ્વામીજી ભારત આવ્યા. અહીં તેમને પુષ્કળ માન મળ્યું પણ તેઓ ક્યાં માનના ઈચ્છુક હતા ? તેમનું પ્રિય સ્થળ હિમાલય હતું. તેઓ હિમાલયની વસિષ્ઠ ગુફામાં રહ્યા. અને એક દિવસ ગંગામાં સ્નાન કરવા જતાં મહાસમાધિ લઈ લીધી. તે પછી તેમની કુટીરના કાગળિયામાંથી તેમણે લખેલી એક ઉર્દૂ કવિતા હાથ લાગી. તેમાં તેમણે લખ્યું હતું : 'હે મૃત્યુ ભરખી જા આ શરીરને ! મને શરીરની ખોટ નથી - ચંદ્રકિરણો, પહાડી ઝરણાં, સાગરનાં મોજાં, સૂસવાતા પવન વગેરે મારાં શરીર છે.'

સ્વામી રામતીર્થ પોતાનાં પ્રવચનમાં દૃષ્ટાંતનો સચોટ ઉપયોગ કરતા. તેમનાં બે દૃષ્ટાંત જોઈએ:

'એક મંદિરમાં સુંદર વાજિંત્ર હતું. વાજિંત્રનો માલિક કોણ છે તેની કોઈને ખબર નહોતી. એક વાર એક ચીંથરેહાલ ગરીબ માણસે એ વાજિંત્ર વગાડવાની રજા માગી પણ પૂજારીએ ના પાડી અને બીજા રૂઆબદાર માણસને વગાડવા આપ્યું. કામકાજ પૂરું થયા પછી બધા વિખરાવાની તૈયારીમાં હતા ત્યાં પેલા ગરીબ માણસનો હાથ વાજિંત્ર પર પડ્યો અને વાજિંત્રમાંથી અદ્‌ભુત સંગીત વહેવા માંડ્યું. વિખરાવા માંડેલા માણસો પાછા આવ્યા અને સૂરસમાધિમાં બેસી ગયા ! હવે સૌને ખબર પડી કે એ વગાડનારો જ વાજિંત્રનો અસલ માલિક હતો !' દૃષ્ટાંત પૂરું કરી સ્વામી રામતીર્થ કહેતા, 'આપણે ઈશ્વરનું વાજિંત્ર છીએ. ઈશ્વરને આ વાજિંત્ર સોંપી દઈએ તો જ એમાંથી સાચો સૂર પ્રગટ થશે.'

બીજું દૃષ્ટાંત : 'ભીંત પર ને છતમાં બધે કાચ જડેલા છે તેવા શિશમહલમાં એક કૂતરો આવી ચડ્યો. ચારે બાજુ એને કૂતરાં જ કૂતરાં દેખાયાં એટલે ડરીને એણે ભસવા માંડ્યું તો પેલા કૂતરાં પણ ભસતાં દેખાયાં. દીવાલોમાં કૂતરાંના ભસવાના પડઘા પર પડઘા પડવા લાગ્યા. કૂતરાએ કૂદાકૂદ કરી મૂકી અને એમ ભસી-ભસીને એ ત્યાં જ મરી ગયો'. દૃષ્ટાંત પૂરું કરી સ્વામીજી કહેતાઃ 'આ જગત છે તે શિશમહલ છે. આ બધાં શરીર એ ભીંતે જડેલા કાચ છે; તેમાં તમારા સાચા સ્વરૂપનાં, અવિનાશી આત્માનાં પ્રતિબિંબ પડે છે – એકનાં જ એ અનેક સ્વરૂપ છે. બધાં જ શરીરમાં એક જ અવિનાશી રામ છે પણ અજ્ઞાની લોકો પેલા કૂતરાની જેમ જગતમાં આવે છે ને કહે છેઃ 'પેલો મને ખાઈ જશે! પેલો મને મારી નાખશે.' દુનિયામાં ચારે બાજુ જે ભય અને દ્વેષ દેખાય છે તે આ કૂતરાના જેવા અજ્ઞાનના લીધે છે.'

સ્વામીજી કહેતાઃ 'આત્મહત્યાથી જીવનનો પ્રશ્ન ઊકલતો નથી, એ તો ન આવડતો દાખલો છોકરો સ્લેટમાંથી ભૂંસી નાખે એના જેવું છે. દાખલો ભૂંસી નાખવાથી છોકરો અભ્યાસમાં આગળ વધી શકે ખરો ?' 'વેદાંત ધર્મની વ્યાખ્યા છે – ગમે તે સંજોગોમાં સ્વસ્થ રહો, અખંડ આનંદમાં રહો!'

## પરમહંસ સ્વામી યોગાનંદ

(ઈ.સ. ૧૮૯૩ - ૧૯૫૨)

આગ્રામાં મોટાભાઈ અનંતે નાનાભાઈ મુકુન્દને ઠપકો આપતાં કહ્યું, 'તું સાધુસંતો પાછળ ભટકે છે પણ તારે જાણવું જોઈએ કે જગતમાં પહેલો પૈસો, પછી પરમેશ્વર!' મુકુન્દે કહ્યું, 'હું તો ઈશ્વરને જ મારો એકમાત્ર આધાર સમજું છું.' મોટાભાઈએ કહ્યું, 'તો એમ કર કે તું ખિસ્સામાં એક પૈસો પણ લીધા વગર વૃંદાવન જા ! ત્યાં તારે કોઈની પાસે કંઈ માગવાનું નહિ, છતાં ખાધા વિના રહેવું નહિ અને મધરાત સુધીમાં આગ્રા પાછા આવવું !

સાક્ષી તરીકે તારા મિત્ર જિતેન્દ્રને હું તારી સાથે મોકલું છું.' આમ કહી મોટાભાઈએ વૃંદાવનની બે ટિકિટો કઢાવી બંનેને ટ્રેનમાં બેસાડી દીધા. બપોર પડી. જિતેન્દ્ર ભૂખની બૂમો પાડવા લાગ્યો પણ મુકુન્દ શાંત હતો. જેવો તેમણે વૃંદાવનની ધરતી પર પગ મૂક્યો કે કોઈ બે અજાણ્યા માણસો એમને ઘોડાગાડીમાં બેસાડી લઈ ચાલ્યા અને બંનેને ધરાઈને ભોજન કરાવ્યું. પછી વિદાય લઈ તેઓ વૃક્ષ નીચે બેઠા, ત્યાં બીજો જ કોઈ અજાણ્યો માણસ સામે આવી ઊભો રહ્યો અને કહેવા લાગ્યો, 'હમણાં જ મને તંદ્રામાંથી જગાડી ભગવાને કહ્યું કે ઝાડ નીચે બે જણ બેઠા છે તેમને મંદિરોનાં દર્શન કરવા લઈ જા, માટે હું આવ્યો છું.' ઘોડાગાડી કરી એણે બંનેને મંદિરોમાં ફેરવ્યાં, મીઠાઈ બંધાવી આપી અને આગ્રાની બે ટિકિટ પણ કઢાવી આપી! બંને મિત્રો મધરાત પહેલાં ઘરે આવી પહોંચ્યા. મોટાભાઈએ કબૂલ કરવું પડ્યું કે, 'ઈશ્વર આપણે ધારીએ છીએ તે કરતાં વધારે દયાળુ છે.'

મુકુન્દનો જન્મ તા.૫-૧-૧૮૯૩ના રોજ ગોરખપુર ગામમાં બંગાળી ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. એનાં માતા-પિતા બંને ધાર્મિક વૃત્તિનાં હતાં. એક વાર બાળક મુકુન્દને લઈને એના માતા કાશીમાં સંત લાહિરી મહાશયનાં દર્શન કરવા ગયા હતા. લાહિરી મહાશયે બાળકને ખોળામાં લઈ એના માથે હાથ ફેરવી કહ્યું હતું, 'મા, આ તારો દીકરો યોગી થશે.' નાનાપણથી જ મુકુન્દને પોતાના પૂર્વજન્મનાં સ્મરણો થતાં હતાં અને હિમાલય જવાની તીવ્ર ઉત્કંઠા થતી હતી.

એક વાર મુકુન્દ એના પિતા સાથે બરેલીમાં હતા અને માતા કલકત્તામાં હતાં. અચાનક એક મધરાતે એણે પોતાની સામે માતાની આકૃતિ જોઈ. એ આકૃતિએ કહ્યું, 'તારા પિતાને કહે કે મને જીવતી જોવી હોય તો પહેલી જ ગાડીમાં કલકત્તા આવો!' મુકુન્દે રોતાં-રોતાં પિતાને જગાડી આ વાત કરી, પણ પિતાએ માન્યું નહિ. સવાર થતાં કલકત્તાથી માતાની ગંભીર માંદગીનો તાર આવ્યો. પિતા-પુત્ર કલકત્તા આવ્યા. પણ તેમને માતાનું નિર્જીવ શરીર જ જોવા મળ્યું. મુકુન્દના પિતાની હવે કલકત્તા બદલી થઈ હતી. જ્યાં મુકુન્દને ભણાવવા લાહિરી મહાશયના ખાસ શિષ્ય અને આધ્યાત્મિક માર્ગે ખૂબ આગળ વધેલા સ્વામી કેવળાનંદ આવતા. એમણે મુકુન્દને સંસ્કૃત શીખવ્યું, સાથે-સાથે લાહિરી મહાશયની ચમત્કારી શક્તિઓની વાત કરી એમણે એની આધ્યાત્મિક વિચારધારાને વેગ આપ્યો. શ્રી રામકૃષ્ણ પરમહંસના ખાસ શિષ્ય શ્રી માસ્તર મહાશયનો પણ એમને સત્સંગ હતો. થોડા વખત પછી મુકુન્દ કાશી ગયા. ત્યાં એક સંન્યાસી મળ્યા - જાણે ઈસુ ખ્રિસ્તનો અવતાર ! મુકુન્દને થયું કે હું જેમને શોધું છું તે જ આ - મારા ગુરુદેવ!

'ગુરુદેવ !' કહી એ એમને પગે લાગ્યો. એ હતા સ્વામી યુક્તેશ્વરગિરિ. - લાહિરી મહાશયના પટ્ટશિષ્ય. મુકુન્દને જોતાં જ એમણે કહ્યું, 'ઓહ! તું આવી ગયો! ઠીક થયું !' કલકત્તાથી બાર માઈલ દૂર સિરામપોરમાં એમનો આશ્રમ હતો. તેમણે મુકુન્દને કહ્યું, 'ત્રીસ દિવસમાં તું કલકત્તા આવી મને મળજે !' મુકુન્દે કહ્યું, 'કદાચ હું નહિ આવી શકું!' ગુરુએ કહ્યું, 'તું આવવાનો જ છે!' આમ કહી ગુરુ છૂટા પડ્યા. અઠ્ઠાવીસ દિવસ વહી ગયા. ત્રીસમે દિવસે મુકુન્દ કલકત્તા આવ્યા અને સીધા ગુરુના આશ્રમમાં પહોંચી ગયા. ગુરુચરણમાં માથું મૂકી એમણે કહ્યું, 'મને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવો!' ગુરુએ હસીને કહ્યું, 'તું ઘણો લોભી છે. ભલે, તારી ઈચ્છા એ જ મારી ઈચ્છા!' ગુરુની આજ્ઞાથી એ કોલેજમાં દાખલ થયા. મુકુન્દના પિતાને એ ગમ્યું.

યુક્તેશ્વરજીને મહાવતાર બાબાજીએ કહ્યું હતું કે ક્રિયાયોગનો વિશ્વમાં પ્રચાર કરવા માટે તારે એક શિષ્યને તૈયાર કરવાનો છે. હું તેને તારી પાસે મોકલીશ.' એ જ શિષ્ય આ મુકુન્દ હતા. હવે એ શિષ્યને એના ભવિષ્યના મહાન કાર્ય માટે તૈયાર કરવાનું આરંભાયું. યુક્તેશ્વરજીની શિસ્ત બહુ કડક હતી, શિષ્ય પણ એવો જ આસ્થાવાળો હતો. ગુરુના આશીર્વાદથી મુકુન્દ જૂન ૧૯૧૪માં બી.એ. થઈ ગયા. પિતાની ઈચ્છા મુકુન્દને નોકરીએ લગાડવાની હતી પણ મુકુન્દે ગુરુને કહ્યું, 'મને સંન્યાસ-દીક્ષા આપો !' મુકુન્દ સંન્યાસી બન્યા. એમનું નામ સ્વામી યોગાનંદ પડ્યું. ગુરુએ આશીર્વાદ આપ્યા, 'વિશ્વ વિજય કરો!'

ક્રિયાયોગ એ ભારતની અતિપ્રાચીન વિદ્યા છે. ક્રિયા એટલે કર્મ. કર્મ દ્વારા ઈશ્વરની સાથે યોગ સાધવો એનું નામ ક્રિયાયોગ. પાતંજલ યોગસૂત્રોમાં સાધનપાદનું પ્રથમ સૂત્ર જ '**તપઃ સ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ ક્રિયાયોગઃ**' કહેવામાં આવ્યું છે. ક્રિયાયોગનું જ્ઞાન ઘેર-ઘેર પહોંચે એ હેતુથી એમણે 'યોગદા સત્સંગ સંઘ' સંસ્થાની સ્થાપના કરી. ભારતમાં એનું મુખ્ય મથક રાંચીમાં છે.

એક વાર યોગાનંદ રાંચીમાં ધ્યાનમાં બેઠા હતા ત્યાં તેમને વિદેશી ભૂમિની અને એ ભૂમિના લોકોની ઝાંખી થઈ. એ બોલી ઊઠ્યાઃ 'આ અમેરિકા છે અને ભગવાન મને અમેરિકા જવા કહે છે ! પણ અમેરિકા જઈ પોતે શું કરશે તેની મનમાં અવઢવ હતી. તેથી ઈશ્વરની સ્પષ્ટ આજ્ઞા ન સંભળાય ત્યાં સુધી એ સ્થાનથી ઊઠવું નથી એવી પ્રતિજ્ઞા કરી. સવારની બપોર થઈ. અંતરની વેદના વધતી જતી હતી. ત્યાં બારણામાં એક વિનમ્ર યુવાન સાધુ ઊભેલા દેખાયા. એ સાધુએ મધુર અવાજમાં કહ્યું, 'હું બાબાજી છું. ભગવાનની આજ્ઞાથી હું તને કહું છું કે નિર્ભય ચિત્તે અમેરિકા જા ! પશ્ચિમમાં ક્રિયાયોગના પ્રચાર માટે તને પસંદ કરવામાં આવ્યો છે. મેં જ તને યુક્તેશ્વર પાસે તાલીમ માટે મોકલ્યો હતો !' આટલું કહી એ અદશ્ય થઈ ગયા. મહાવતાર બાબાજીનાં આશીર્વાદ મળ્યા એટલે યોગાનંદના ઉત્સાહનો પાર ન રહ્યો. જૂન-૧૯૨૦માં એમણે ભારત છોડ્યું.

સ્ટીમરના પ્રવાસીઓને ભગવાં કપડાંવાળા આ સાધુનું ભારે કુતૂહલ હતું. તેમણે સ્ટીમરમાં એમનું પ્રવચન ગોઠવ્યું. યોગાનંદે અંગ્રેજીમાં કદી ભાષણ આપેલું નહિ. થોડી મિનિટ તો એ શાંતિથી ઊભા જ રહ્યા. તેમણે ગુરુને યાદ કર્યા અને બોલવા માંડ્યું. અંગ્રેજી ભાષાનો જાણે ધોધ વહ્યો. બધા સ્તબ્ધ થઈને સાંભળી રહ્યા. આવો જ ચમત્કાર અમેરિકામાં થયો. પ્રવચનો માટે એમને હવે જુદી જુદી જગ્યાએથી નિમંત્રણ મળવા લાગ્યાં. વરસો વીતી ગયાં. ભારત પાછા આવવાનો વિચાર જ આવતો નહોતો. સને ૧૯૨૫માં કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં એમણે આશ્રમ સ્થાપ્યો.

એક દિવસ યોગાનંદ પોતાના આશ્રમમાં ધ્યાનમાં બેઠા હતા ત્યાં એકદમ એમના અંતરમાં ગુરુ યુક્તેશ્વરનો અવાજ સંભળાયો, 'હવે થોડા જ વખતમાં હું દેહ છોડી દેવા માગું છું. તું એક વાર પાછો આવ!' એ ૧૯૩૫ની સાલ હતી. તેઓ ભારત આવ્યા. કલકત્તાએ તેમને બાદશાહી માન આપ્યું. યોગાનંદ સ્ટેશનેથી સીધા જ ગુરુના આશ્રમમાં ગયા. એમણે ગુરુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. ગુરુએ તેમને 'પરમહંસ'ની પદવી આપીને કહ્યું, 'હવે આ જગતનું મારું કામ પૂરું થયું!'

યોગાનંદ મુંબઈ આવ્યા. ત્યાં એક સાંજે તેમને ભગવાન કૃષ્ણનો સાક્ષાત્કાર થયો. તા.૧૯-૬-૧૯૩૬ના રોજ બપોરે ત્રણ વાગે તેઓ તેમના કમરામાં ધ્યાનમાં બેઠા હતા ત્યાં અચાનક આખો ઓરડો દિવ્ય પ્રકાશથી ઝળહળી ઊઠ્યો. એમણે જોયું તો સામે ગુરુ યુક્તેશ્વર ઊભા હતા. આનંદના આવેશમાં તેઓ ગુરુને ભેટી પડ્યા. ગુરુએ કહ્યું, 'હું પુનરુત્થાન પામ્યો છું!' ગુરુએ શિષ્ય સાથે સૂક્ષ્મ લોક અને હિરણ્યલોકની ઘણી વાતો કરી! ગુરુશિષ્યનો આ વાર્તાલાપ બે કલાક ચાલ્યો જેમાં ગુરુએ ભવિષ્યની કેટલીક આગાહીઓ પણ કરી હતી.

આ પછી યોગાનંદ વર્ધામાં મહાત્મા ગાંધીજીને મળ્યા. શ્રી શ્રી આનંદમયી માને મળ્યા. સવા વર્ષે અમેરિકાના પોતાના આશ્રમમાં પાછા આવ્યા. એમની ગેરહાજરીમાં એમના અમેરિકન શિષ્યોએ લાખોના ખર્ચે એક નવો જ આશ્રમ દરિયાકાંઠે બાંધી તૈયાર રાખ્યો હતો. તેમના સત્કારમાં એ આશ્રમ એમને ભેટ કર્યો.

સને ૧૯૫૨ના માર્ચની સાતમી તારીખે પરમહંસ સ્વામી યોગાનંદે મહાસમાધિ લીધી. સમાધિના એક કલાક પહેલાં એમણે એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપી હતી અને પ્રવચન પણ કર્યું હતું. એમના પાર્થિવદેહને લોસ એન્જલસમાં ભક્તોના દર્શન માટે રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ભૂમિમાં પધરાવવામાં આવ્યો હતો. સમાધિ બાદ વીસ દિવસ પછી પણ એ શરીરમાં કોઈ પણ જાતની વિકૃતિ જોવામાં આવી નહોતી. અમેરિકાના સરકારી અધિકારીઓએ જાતતપાસ પછી આ હકીકતનું પ્રમાણપત્ર આપેલું છે.

# શિરડીના સાંઈબાબા

વીસ વર્ષની વયનો એક ફકીર હાથમાં પતરાનું ડબલું લઈને રોજ શિરડી ગામના બજારમાં તેલ માગવા નીકળતો. વેપારીઓ રાજીખુશીથી એને તેલ આપતા પણ એક દિવસ બધાંએ સંપ કરી કહ્યું, 'બાબા, તેલ નથી!' બાબા તરત પાછા ફરી ગયા. એમનો મુકામ એક જૂની મસ્જિદમાં હતો. મસ્જિદમાં આખી રાત દીવા પ્રગટેલા રાખવાનો એમનો નિયમ હતો. રોજનો વખત થયો એટલે એમણે કોડિયાં સાફ કર્યાં, એમાં દીવેટ મૂકી અને તેલ નહોતું તો તેલના બદલે પાણી પૂર્યું ને દીવા કર્યા ! એ દીવા આખી રાત ચાલ્યા. એ જોઈને પેલા વેપારીઓ ચકિત થઈ ગયા, તેમણે બાબાના પગમાં પડી માફી માગી. આ બાબા તે સાંઈબાબા.

સાંઈબાબાનો જન્મ ક્યાં થયો, ક્યારે થયો અને એમનાં માતા-પિતા કોણ એ વિષે કોઈ જ કંઈ નિશ્ચયપૂર્વક કહી શક્તું નથી પરંતુ બાબા કોઈ વાર પોતાના વિષે કંઈ બોલતા એ ઉપરથી ખ્યાલ આવે છે કે આંધ્રના પાટડી ગામમાં બ્રાહ્મણ માતા-પિતાને ત્યાં ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં એમનો  જન્મ થયો હતો, અને નાની વયે માતાપિતાના મૃત્યુના કારણે કોઈ મુસલમાન ફકીરે એમને ઉછેર્યા હતા. તે પછી સૂફીનું મરણ થયું અને બાબા ગોપાલ રાવ નામે એક સરકારી અધિકારી સાથે રહ્યા. ગોપાલ રાવ વિદ્વાન હતા અને ધર્મભાવનાવાળા હતા. એમની પાસે બાબાને સારી તાલીમ મળી. ગોપાલ રાવે પોતાનો સમય પૂરો થઈ ગયો છે એવું વિચારી યોગવિદ્યાના બળે તત્ક્ષણ શરીરનો ત્યાગ કર્યો હતો.

ત્યારબાદ ઈ.સ. ૧૮૭૨માં બાબા શિરડી આવ્યા. એમનો વેશ જોઈ કોઈ બોલી ઊઠ્યું, 'આવો, સાંઈ!' ત્યારથી એમનું નામ 'સાંઈબાબા' પડી ગયું. સાંઈબાબાએ ગામની જૂની ભાંગેલી મસ્જિદમાં મુકામ કર્યો અને જીવનપર્યંત આ એક જ જગ્યાએ રહ્યા. તેમણે હિંદુ યોગીની જેમ મસ્જિદમાં રાત ને દિવસ ધૂણી પ્રજ્જવલિત રાખી હતી. એમની મસ્જિદનું નામ પાડ્યું 'દ્વારકામાઈ'. દ્વારકામાઈમાં હિંદુ મંદિરની જેમ ઘંટ વાગે, ઝાલર વાગે, શંખ ફૂંકાય, આરતી થાય, ભજન-કીર્તન થાય, વિધિપૂર્વક મંત્રોચ્ચાર સાથે બાબાનું પાદપૂજન થાય અને પ્રસાદ વહેંચાય! કોઈ વાર સ્નાન પહેલાં તો કોઈ વાર સ્નાન પછી તેઓ ધ્યાનમાં પણ બેસતા.

બાબાની યોગસિદ્ધિઓ વિષે અસંખ્ય વાતો પ્રચલિત છે. કહે છે કે તેઓ પોતાના પેટમાંથી આંતરડાં કાઢી ધોઈને ઝાડ પર સૂકવવા મૂકતા ! તો કોઈ કહે છે, તેઓ શરીરનાં અંગોને છૂટાં કરી દેતા ને ફરી બેસાડતા! એક વાર એમણે એક ભક્તને કહ્યું, 'હું અલ્લાહ પાસે જાઉં છું; ત્રણ દિવસમાં પાછો આવીશ પણ કદાચ ન આવું તો મારા શરીરને પેલા લીમડા નીચે દાટજો.' આમ કહી તેઓ શરીરનો ત્યાગ કરી ગયા. ડૉક્ટરોએ તેમના શરીરને મૃત જાહેર કર્યું ને તેમની અંતિમ વિધિ કરવાનો હુકમ કર્યો પણ ભક્તોએ શરીર સાચવ્યું. ત્રણ દિવસ પૂરા થતાં ફરી સાંઈબાબા શરીરમાં આવી ગયા ને ત્યાર પછી બત્રીસ વર્ષ એ શરીરમાં રહ્યા.

ભાગોજી નામના એમના એક ભક્તને રક્તપિત્ત થયો હતો. એના હાથ-પગનાં આંગળાં સડી ગયાં હતાં ને પરું વહેતું હતું. તે બાબાની ચરણસેવા કરતો. લોકો કહે, 'બાબા તમને આનો ચેપ લાગશે!' બાબા કહે, 'જોઈએ, કોને કોનો ચેપ લાગે છે !' ભાગોજીને બાબાનો ચેપ લાગ્યો એ સાજો થઈ ગયો. બાબાએ સમાધિ લીધી ત્યાં સુધી ભાગોજીએ બાબાની સેવા કરી. બાબા બહાર નીકળતા ત્યારે ભાગોજી એમના માથે છત્રી ધરી એમની સાથે-સાથે ચાલતા !

સને ૧૮૯૭ની રામનવમી (ચૈત્ર સુદ નોમ)

ઉત્સવની બાબા ખૂબ ધામધૂમથી ઊજવણી કરતા. તે જ દિવસે મુસલમાનોનો સંદેલનો ઉત્સવ પણ ઊજવાતો. સાંઈધામનો આ મોટામાં મોટો ઉત્સવ છે. બાબા સૌને પોતાપોતાના ઈષ્ટ દેવની ઉપાસના કરવાનું કહેતા. કોઈ ધર્મ કે પંથ તરફ એમને પક્ષપાત નહોતો. તેઓ હંમેશાં સદાચાર ઉપર ભાર મૂકતા. એક વાર એક વકીલ કહે, 'બાબા, સાચું-જૂઠું કરવું પડે છે, એટલે ધંધો છોડી દેવાનું મન થાય છે.' બાબા કહે, 'શા માટે ? જૂઠું કર્યા વિના થાય એટલો જ ધંધો કરવો.'

'અલ્લાહ માલિક!' આ શબ્દો બાબાની જીભે સદા રમતા રહેતા. જે કંઈ થાય છે તે ઈશ્વરનું ધાર્યું જ થાય છે, માટે સર્વ વાતે ઈશ્વરને જ પૂરા સમર્પિત થઈ જવું એ એમનો ઉપદેશ હતો. સાંઈબાબા ગામમાં ભિક્ષા માગવા નીકળતા ત્યારે બોલતા, 'માઈ! એક રોટીનો ટુકડો દે!' ભિક્ષામાં જે મળે તે બધું એક માટીની કુલડીમાં ઠાલવતા ને પ્રેમથી જમતા. કૂતરાં, બિલાડાં ને કાગડાં પણ તેમાં ભાગ પડાવતાં. બાબા તે સૌને પ્રેમથી નિમંત્રતા.

બાબા કહેતા, 'હિંદુના રામ અને મુસલમાનના રહીમ બંને એક જ છે. માટે હિંદુ-મુસલમાન બંને ડાહ્યા થઈ સંપીને રહો, દલીલબાજી છોડી, કજિયા છોડો ને ભેગા મળી સર્જનહારના ગુણ ગાઓ!' કોઈ વાર કોઈની પાસે બાબા દક્ષિણા માગતા. એનું રહસ્ય સમજાવતાં બાબા કહેતા, 'હું તો તેમને ઋણમુક્ત કરવા આમ કરું છું.' દક્ષિણારૂપે એમની પાસે જે કંઈ ભેગું થાય તે બધું જ તેઓ સાંજે ખેરાત કરી દેતા-પોતાની પાસે કંઈ જ રાખતા નહિ! બાબાની વાણી અર્થગર્ભ રહેતી. એક વાર એક બાઈ પાસે બાબાએ છ રૂપિયા માગ્યા. બાઈ પાસે કંઈ હતું જ નહિ. એ ચિંતામાં પડી ગઈ. પાછળથી એને સમજાયું કે છ રૂપિયા એટલે છ દુર્ગુણ ! બાબા એની પાસે છ દુર્ગુણનો ત્યાગ માગતા હતા.

બાબા ભક્તોને જ્ઞાનેશ્વરી, એકનાથી ભાગવત, ભાવાર્થ રામાયણ, ગુરુચરિત્ર, વિષ્ણુસહસ્રનામ, ભગવદ્ગીતા કે ઉપનિષદનું અધ્યયન કરવાનું કહેતા; કોઈને એકાંતમાં બેસવાનું કહેતા તો કોઈને સંત-મહાત્મા પાસે પણ મોકલતા. કોઈને સ્વપ્નમાં એની શંકાઓનું સમાધાન બતાવતા, તો કોઈને સામે બેસાડીને ગીતા વગેરે ગ્રંથના ગૂઢ અર્થ સમજાવતા. એક વાર એક ભક્તે બીજા ભક્તની ગેરહાજરીમાં એ ભક્તની નિંદા કરી. તે વખતે તો બાબા કંઈ બોલ્યા નહિ; પણ સાંજે બાબા પેલા નિંદા કરનાર ભક્તની સાથે બહાર નીકળ્યા. તેમણે એક ભૂંડને વિષ્ટા ખાતું જોયું. બાબાએ એ ભક્તને ભૂંડ બતાવી કહ્યું, 'જોયું, કેવું આનંદથી એ વિષ્ટા ખાઈ રહ્યું છે! બીજાની નિંદા કરનારા આવી રીતે બીજાનો મળ પોતાની જીભ વડે સાફ કરે છે ! કેટલાં પુણ્યે આ મનુષ્યદેહ મળ્યો છે પણ જે આવું ભૂંડ જેવું વર્તન કરે તો સાંઈબાબા પણ શું કરી શકે ?'

એક વાર બાબાના એક ભક્તને હાથ પર સાપ કરડ્યો ને ઝેર ચડવા લાગ્યું. એ બાબાની મદદ માગવા આવ્યો. મસ્જિદના પગથિયા પર એણે પગ દીધો કે બાબાએ ક્રોધ કરી કહ્યું, 'દુષ્ટ, ઉપર ચડતો નહિ, નીચે ઊતર!' ભક્ત ગભરાઈ ગયો કે અજાણે મારાથી કોઈ અપરાધ થઈ ગયો છે એટલે બાબા મને કાઢી મૂકે છે! હવે મારું કોણ? ત્યાં બાબાએ કહ્યું, 'ગભરાઈશ નહિ! હું તને નહિ, સાપને કહું છું.' ભક્તે જોયું તો સાપનું ઝેર ચઢતું અટકી ગયું હતું. બાબા સાપ-વીંછીને પણ મારવાની ના કહેતા. તેઓ કહેતા, 'સર્વ પ્રાણીમાં ઈશ્વરનો વાસ છે - પછી તે સાપ હોય કે વીંછી ! પ્રભુની ઈચ્છા વિના તેઓ કોઈને ઈજા કરી શકતા નથી. માટે પ્રાણીમાત્ર પર દયા રાખવી.'

બાબા ધૂણીની રાખને ઉદી કહેતા. ભક્તોને છૂટથી ઉદી આપતા. કોઈ વાર ભક્તના કપાળમાં ઉદી લગાડતા અને મસ્તીમાં આવી ગાતા, 'રમતે રામ આયોજી આયોજી, ઉદિયાં કી ગોનિયાં લાયોજી લાયોજી!' ભૌતિક અને દૈવી બંને વસ્તુની પ્રાપ્તિમાં ઉદી સહાય કરે છે તેવું ભક્તો માનતા. ઉદી સમજાવે છે કે દુન્યવી જીવન આ રાખ જેવું જ ક્ષણિક છે, દુન્યવી

જીવનની છેવટે રાખ જ થવાની છે.

એક વાર બાબાએ કહ્યું, 'મને બહુ ભૂખ લાગી છે.' આ સાંભળી એક બાઈ દોડતી ઘેર જઈને રોટલા-શાક લઈ આવી. બાબાએ તે જ ઘડીએ ખાવાનું એક કૂતરાને ધરી દીધું. બાબાએ કહ્યું, 'કૂતરાની ભૂખ ભાંગી એટલે મારી ભાગી ! પ્રાણીમાત્રનો અંતર્યામી હું જ છું. સર્વ ઠેકાણે હું જ છું. જીવજંતુ, કીડી, જળચર, ખેચર, શ્વાન, શૂકર બધામાં હું જ નિરંતર ભર્યો પડ્યો છું. મને અન્ય ન ધારશો. મને દૂર ન ધારશો. હું તમારી સાથે જ છું. મારું શરીર ભલે અહીં હોય ને તમે સાત સમુદ્રની પેલે પાર હો પણ તમે જે કંઈ કરશો તેની મને ખબર પડશે, કારણ, હું તમારો અંતર્યામી છું.'

એક વાર કોઈ દરિદ્રની બાબતમાં કોઈકે કહ્યું, 'બાબા, સૌ સૌનાં કર્મ ભોગવે છે.' બાબાએ કહ્યું, 'હું પણ એ જ કહું છું. એનાં કર્મ એ ભોગવે છે પણ તું જો અત્યારે એનું આતિથ્ય નહિ કરે, એની સેવા નહિ કરે તો સેવા નહિ કર્યાનું તારું જે કર્મ એ તારી સાથે રહેશે ને તને ડુબાડશે. એટલા માટે હું તને દયા કરવાનું નથી કહેતો, સેવા કરવાનું કહું છું.'

મસ્જિદમાં એક જૂની ઈંટ હતી. એ ઈંટ બાબાનું ઓશીકું, ટેકો કે આસન પણ બનતી. એક વાર ઝાડુ કાઢનારા છોકરાના હાથમાંથી એ ઈંટ પડી ગઈ ને તૂટી ગઈ. બાબા કહે, 'એ ઈંટ નહોતી, મારું ભાગ્ય હતું. મારા જીવ જેટલી જ મને વહાલી હતી.' બધાં સમજી ગયાં કે બાબા, હવે દેહ છોડવાનું વિચારે છે. તેથી એક ભક્તે કહ્યું, 'બાબા, તમે જશો પછી અમારું કોણ ?' બાબાએ કહ્યું, 'જ્યારે પણ કોઈ ભક્ત મારું ચિંતન કરશે ત્યારે હું ત્યાં હાજર થઈશ. શ્રદ્ધા રાખજો. મારો દેહ પડ્યા પછી મારી સમાધિ બોલશે. મારાં હાડકાં તમારા કલ્યાણની વાત કરશે અને તમે તે સાંભળશો.' આ પછી બાબાની તબિયત લથડી. તેમણે એક ભક્તને 'રામજય' ગ્રંથ વાંચવા કહ્યું. વાચન પૂરું થયું. બાબાએ સૌની વિદાય લીધી. પછી બોલ્યા, 'મને બુટીના દગડી વાડામાં લઈ જાઓ !' આ શબ્દો સાથે તેમણે દેહ તજી દીધો.

બાબાના પાર્થિવ શરીરને ભક્તોનાં દર્શન માટે છત્રીસ કલાક રાખવામાં આવ્યો. પછી વૈદિકપૂર્વક પૂજા-આરતી કરી બુટીના વાડામાં તેમને સમાધિ આપવામાં આવી. શ્રી બાપુસાહેબ બુટી શ્રીમંત ગૃહસ્થ બાબાના ભક્ત હતા. તેમણે શિરડીમાં બગીચા સાથેનું એક મંદિર બનાવ્યું હતું. એ મંદિરમાં મુરલીધરની મૂર્તિ પધરાવવાની હતી પણ બાબાએ કહેલું કે, 'હું જ ત્યાં રહેવા જઈશ!' એવું જ થયું. એ મૂર્તિની જગ્યાએ આજે ત્યાં બાબાની સુંદર મૂર્તિ બિરાજે છે ને મૂર્તિની સામે જ બાબાની સમાધિ છે. રોજ વિધિપૂર્વક બ્રાહ્મણો એની પૂજા કરે છે. સાંઈબાબાનું આ સમાધિ મંદિર ભારતનું એક વિખ્યાત તીર્થ ગણાય છે.

# શ્રી મોટા
## (ઈ.સ. ૧૮૯૮ - ૧૯૭૬)

પચીસેક વર્ષનો એક યુવાન એક બાજુ ગરીબી અને બીજી બાજુ દેશ સેવાની લગનીમાં એવો પિસાતો હતો કે એના શરીર પર એની અસર થઈ. એને ફેફરુંનો રોગ લાગુ પડ્યો. છેવટે એ એવો કંટાળ્યો કે જીવનનો અંત લાવવા એક ઊંચી ભેખડ પરથી એણે નર્મદામાં પડતું મૂક્યું, પણ ત્યાં એક અજબ વાત બની.નર્મદાના પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રકટ્યો અને એ વંટોળે એના શરીરને ઉછાળી પાછું કિનારા પર ફેંકી દીધું! એ બચી ગયો. એને ખાતરી થઇ ગઈ કે ભગવાન મને જીવાડવા માગે છે. પ્રભુ સમર્પિત જીવન જીવવાનો એનો સંકલ્પ દૃઢ થયો.

આ યુવાન તે ગુજરાતના મહાન યોગી અને ભક્ત પૂજ્ય શ્રી મોટા. તેમનું બાળપણનું નામ ચૂનીલાલ. તેમનો જન્મ તા.૪-૯-૧૮૯૮ (ભાદરવા

વદ-૪)ના રોજ સંધ્યાકાળે મંદિરોમાં આરતીના વખતે વડોદરા પાસેના સાવલી ગામમાં થયો હતો. તે પછી તેમનું કુટુંબ કલોલ ગામે આવી વસ્યું હતું. ઘરમાં ગરીબાઈ ઘણી એટલે બાળક ચૂનીલાલ શાળામાં અભ્યાસ કરતાં કરતાં પણ મજૂરી કરવા જાય, વાસણ માંજે ને પાણી સુદ્ધાં ભરે. નિશાળની ફી કાઢવા આખી નિશાળની સાફસૂફી કરે ને પટાવાળાનું કામ પણ કરે ! સને ૧૯૧૯માં મોટા ૭૦ ટકા ગુણ મેળવી મેટ્રિક પાસ થયા ને વડોદરાની કૉલેજમાં ભણવા દાખલ થયા. થોડા વખત પછી ગાંધીજીએ સ્વરાજ્યની લડત ઉપાડી એટલે મોટાએ સરકારી કૉલેજ છોડી હાથમાં ગંગાજળ લઈ દેશ સેવાની પ્રતિજ્ઞા કરી અને એ અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા. ત્યાં એક દિવસ ગાંધીજીનું પ્રવચન સાંભળ્યું, દેશ ભડકે બળે છે ત્યારે ઠંડે કલેજે ભણવાનું કેમ બને?' સ્નાતક થવાને થોડા મહિનાની વાર હતી ત્યાં અભ્યાસ છોડી મોટા હરિજનસેવામાં લાગી ગયા. ફરી એમને ફેફરાનું દર્દ લાગુ પડ્યું. એક સાધુ મહાત્માએ કહ્યું, 'બચ્ચા, ભગવાનનું નામ રટ!' મોટાએ નામ રટણ શરૂ કર્યું અને નવાઈની વાત એ બની કે ત્રણ મહિનામાં એમનો રોગ મટી ગયો.

મોટાના મનમાં ઈશ્વરદર્શનની જોરદાર જિજ્ઞાસા જાગી. ત્યાં એક મિત્રે આવીને કહ્યું, 'અમદાવાદમાં સાબરમતી તીરે એક સાધુ રહે છે એ તને બોલાવે છે.' મોટાએ કંઈ ગણકાર્યું નહિ, પણ થોડા દિવસમાં એ ખેંચાઈને અમદાવાદ આવ્યા. એ સાધુ બાળયોગી નામે જાણીતા હતા. બાળયોગીએ કહ્યું, 'તને દીક્ષા આપવા તારા ગુરુએ મને અહીં મોકલ્યો છે.' તે પછી બાળયોગી નડિયાદ આવ્યા. એક મુસલમાને તેમને પોતાનો મોટો બંગલો વાપરવા આપ્યો. જગ્યા તળાવકાંઠે એકાંતમાં હતી. બાળયોગીએ અહીં મોટાને સાધનામાં દીક્ષિત કર્યા પછી કહ્યું, 'સાંઈખેડામાં કેશવાનંદજી મહારાજ 'ધૂણીવાળા દાદા' તરીકે ઓળખાય છે એ તારા ગુરુ છે. તું એમની પાસે જા !' મોટા સાંઈખેડા ગયા ને દાદાના ચરણમાં માથું મૂકી દીધું. દશ-બાર દિવસ પછી દાદાએ મોટાના કપાળમાં છૂટું નાળિયેર માર્યું ને કહ્યું, 'જા, ઘેર જા ! ત્યાં રહી સાધના કર, પ્રાર્થના કર અને જે કર્મ મળ્યું છે તે કર!'

મોટા પાછા નડિયાદ આવ્યા ને હરિજન સેવામાં લાગી ગયા. સેવા તે કેવી? અસ્પૃશ્યનું મેલું સુદ્ધાં તે સાફ કરતા. તેઓ સતત પ્રાર્થના રત રહેતા. તેમના દ્વારા નવી નવી પ્રાર્થનાઓ લખાયે જ જતી હતી. તેઓ સ્મશાનમાં સૂઈ જતા. એક વાર મોટાને ખબર પડી કે કોઈ ઓલિયો નગ્નાવસ્થામાં મોચીઓના કુંડ પાછળ ખેતરમાં પડ્યો છે. તેઓ ત્યાં પહોંચી ગયા ને એમની ખૂબ સેવા કરી. એમનાં મળમૂત્ર પણ સાફ કર્યાં. દશ દિવસ પછી એ ઓલિયા ચાલી ગયા. એ હતા સાકોરીના ઉપાસની મહારાજ ! કેટલાક વખત પછી મોટાને ઓચિંતાનાં સૂક્ષ્મમાં ઉપાસની મહારાજનાં દર્શન થયાં. મોટા સાકોરી જવા નીકળ્યા. સાકોરી પહોંચી નાહી-ધોઈ તેઓ ઉપાસની મહારાજને પગે લાગ્યા. મહારાજ તે વખતે લાકડાના પિંજરામાં પુરાઈ રહેલા હતા. તેમણે આજ્ઞા કરી, 'બેસો !' મોટા તેમની સામે પિંજરાની બહાર બેઠા. તે વખતે ઉપાસની મહારાજના શરીરમાં મોટાને એમના જ સદ્ગુરુનાં પ્રત્યક્ષ દર્શન થયાં. મોટા બેઠા તે બેઠા, ઊઠવાનો પ્રયત્ન કરે પણ ઊઠાય જ નહિ. સમજાઈ ગયું કે આ બધી બાબાની જ કરામત છે. તેમને મળમૂત્ર પણ ત્યાં જ થવા લાગ્યાં. એમનાં કપડાં લથપથ થઈ ગયાં. આમ, પાંચ દિવસ વહી ગયા. કશું જ ખાધું-પીધું નહોતું તો પણ મળમૂત્ર ચાલ્યા કરતાં હતાં. આમ, અગિયાર દિવસ વીત્યા. હવે એ ઊભા થઈ શક્યા. પહેલાં કપડાં ને શરીર સાફ કર્યું, પછી બધી જગ્યા સાફ કરી. મહારાજે ઘેર જવાની રજા આપીને કહ્યું, 'તારી આ સ્થિતિ હવે કાયમ રહેશે.' પછી મોટાની સાધનાને પ્રચંડ વેગ મળ્યો.

બોરસદ પાસેના એક ગામમાં હરિજન આશ્રમ ખુલ્લો મૂકવાનો હતો. રાતે થાક્યા-પાક્યા મોટા એક

ખેતરમાં સૂતા હતા. ત્યાં મધરાતે એમને સાથળમાં સાપે દંશ દીધો. સાપનું ઝેર ચડતું હતું પણ મોટાએ સતત નામ-સ્મરણ ચાલુ રાખ્યું. અખંડ નામ-સ્મરણનો એમને મહાવરો હતો જ, પરંતુ અત્યારે નામ-સ્મરણ વડે એમણે મૃત્યુનો સામનો કર્યો. હવે એમને હૃદયમાં અજપાજપ સિદ્ધ થયો.

શ્રી મોટા અમદાવાદના હરિજન આશ્રમમાં હતા. તેવામાં એક દિવસ ટપાલી એમને કાગળ આપી ગયો. કાગળ ખોલ્યો તો એમાં ૬૦૫ રૂપિયાની નોટો હતી અને ઉર્દૂમાં લખેલું હતું કે 'તેરી પેદાઈશ કે દિન હવાઈ જહાજમાં કરાચી જા !' તે દિવસોમાં ચાર જ સીટનું નાનકડું વિમાન કરાચી જતું, તેમાં ટિકિટ મળવી મુશ્કેલ હતી પણ મોટાને મળી ગઈ અને એ કરાચી પહોંચી ગયા. કરાચીમાં તેમણે રોજા કર્યા હતા. ઈદના દિવસે ઈદગાહના મેદાનમાં હજારો મુસલમાનો સાથે તેમણે ધોતિયું-પહેરણ ને ખાદીની ટોપીમાં નમાજ પઢી. બધાં વિખરાયાં ત્યાં તેમને સદ્‌ગુરુનાં દર્શન થયાં. અચાનક હૃદયમાં સદ્‌ગુરુની આજ્ઞા થઈ, 'દરિયામાં ચાલી જા !' તરત જ મોટાએ દરિયામાં ચાલવા માંડ્યું. છેક મોઢા સુધી પાણી આવ્યું ત્યાં સુધી એકમાત્ર સદ્‌ગુરુનાં ચરણકમળમાં પ્રાર્થનાનો ભાવ જાગૃત હતો. પછી શું થયું તે તેમને ખબર નથી પણ ક્યાંય દૂર, દરિયાના પાણીથી દૂર ફેંકાઈ જઈને એમનું શરીર પડેલું હતું. થોડી વારમાં એ ભાનમાં આવી ગયા ને પોતાના સ્થળે પહોંચી ગયા.

આ સદ્‌ગુરુ તે શિરડીના સાંઈબાબા હતા. મોટા કહેતા, 'મારી સાધનાને છેલ્લો સ્પર્શ સાંઈબાબાએ આપ્યો. સને ૧૯૩૦માં મોટાના મનને નીરવતા પ્રાપ્ત થઈ. ઊંઘ નહિ જેવી આવતી. રાતની રાત તેઓ જાગતા અને એમ વર્ષોનાં વર્ષ પસાર થયાં તે પછી સને ૧૯૩૪માં મોટાને દ્વૈતનો સાક્ષાત્કાર થયો. સગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં તેમને કૃષ્ણનાં દર્શન થયાં. કરાચીમાં સાંઈબાબાએ મોટાને ચરમ સાધનાનો પ્રયોગ બતાવેલો હતો. તે પછી મોટાને કાશી આવવાનું થયું. કાશીમાં તેઓ બાબાએ બતાવેલો પ્રયોગ કરવા બેઠા. થોડી વાર થઈ ત્યાં માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એવું લાગ્યું. આખા શરીરમાં અસહ્ય બળતરા થઈ. બે દિવસ આની અસર રહી. સને ૧૯૩૯ની ૨૯ માર્ચે રામનવમીની રાતે કાશીમાં શ્રી મોટાને અદ્વૈતનો અનુભવ થયો. શ્રી મોટા કહે છે, 'રામનવમીએ હનુમાન કૂદકો માર્યો ! જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ શરીરમાં પ્રવેશ્યો. મહાસમાધિમાં ઊતરી જવાયું. તે પળથી મુક્ત દશાની શરૂઆત થઈ ચૂકી હતી. હું સર્વત્ર વિદ્યમાન છું એવી ચેતનાત્મક ભાવના રહી.'

સત્યાગ્રહની લડતમાં ભાગ લઈને મોટાએ જેલ પણ ભોગવી હતી. પછી એક વાર તેમના ગુરુ મહારાજે કહ્યું, 'તે દેશ સેવા ઘણી કરી હવે માનવમાં ગુણભાવ વિકસે એવી સેવા કર!' શ્રી મોટાએ હરિ ૐ આશ્રમ સ્થાપ્યા અને મૌન મંદિરની સ્થાપના કરી. આવા આશ્રમ નડિયાદ, સુરત, અમદાવાદ અને કુંભકોણમ્‌માં છે. સાત, પંદર, એકવીસ કે ત્રીસ એમ દિવસ નક્કી કરીને સાધક આ મંદિરમાં પુરાઈ જાય છે – બહારનો સંપર્ક બંધ! એને નિયત સમયે ખોરાક-પાણી મળે તેવી વ્યવસ્થા કરાય છે અને એના આધ્યાત્મિક વિકાસ પર સતત નજર રખાય છે. અધ્યાત્મપથે ઉત્થાન ઈચ્છતા મુમુક્ષો માટે પૂજ્ય શ્રી મોટાની આ સૌથી મોટી દેણગી છે.

**શિવમહિમ્નઃ સ્તોત્ર શ્રાવણ કથા**

પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસપીઠે તા. ૧૬-૮-૨૦૧૮ થી તા. ૩૦-૮-૨૦૧૮ સુધી સાંજે ૬.૦૦થી ૭.૩૦ વાગ્યા સુધી શિવમહિમ્નઃ સ્તોત્ર શ્રાવણ કથા થશે. સૌને લાભ લેવા વિનંતી.

# સિદ્ધયોગી નિત્યાનંદ

મુંબઈ પાસેના ગણેશપુરી નામના ગામમાં એક મસ્ત સાધુ આવી વસ્યા હતા. તેમના શરીર પર લંગોટી સિવાય બીજું કંઈ વસ્ત્ર નહોતું. ટાઢ-તડકો કે વરસાદ કશાની એમને ચિંતા નહોતી. ભાગ્યે જ એ કશું બોલતા પણ એમની પ્રતિભા એવી હતી કે જે એમનાં દર્શન કરે તેનું મસ્તક એમનાં ચરણોમાં ઝૂક્યા વિના રહે નહિ. મહારાજનાં દર્શનાર્થે હિંદુ, મુસલમાન, પારસી, શીખ, ખ્રિસ્તી, યહૂદી, જૈન વગેરે બધા ધર્મના લોકો આવતા. ઈશ્વરને માનનારા તો એમની પાસે આવે જ, પણ નહિ માનનારા પણ આવતા, કારણ મહારાજનું વ્યક્તિત્વ એમને આકર્ષતું હતું. એ મહારાજ તે સ્વામી નિત્યાનંદ.

એમનો જન્મ ક્યાં થયો, એમણે ક્યાં યોગસાધના કરી એ કોઈ જ જાણતું નથી. તેઓ પહેલવહેલા દક્ષિણ ભારતના અરબી સમુદ્રના કિનારે આવેલા કાનનગઢ ગામ પાસેના ઘોર જંગલમાં દેખાયા. ત્યાં એક ગુફામાં તેઓ રહેતા હતા. તે વખતે તે યુવાન હતા. તેમની તપસ્યાથી એ સ્થાન આજે તપોભૂમિ બની ગયું છે અને હજારો ભક્તો તેની જાત્રાએ જાય છે. સ્વામીજીએ પોતે સ્વહસ્તે વાવેલાં આંબા-નાળિયેરી , ફણસ-સોપારી વગેરેનાં ઝાડ આજે પણ ત્યાં ઊભાં છે.

દક્ષિણ ભારતના આ પશ્ચિમાંચલમાં સ્વામીજી ખૂબ ફર્યા છે. તેઓ બધે પગવાળા ફરતા અને ક્યાંય વધારે રોકાતા નહિ. કોઈ અન્નજળ આપે તો સ્વીકારતા પણ કોઈ પાસે માગતા નહિ. તેઓ આઠે પહોર બ્રહ્માનંદમાં મસ્ત રહેતા હતા. બાળકના જેવી એમની અવસ્થા હતી પણ લોકો સમજી ગયા હતા કે આ સિદ્ધપુરુષ છે એટલે લોકોનાં ટોળાં એમની પાછળ -પાછળ ફરતાં. કોઈ ભૂતપિશાચ કાઢવાનું કહે તો કોઈ રોગ કાઢવાનું કહે. આ યુવાન યોગી ઝાડ પર ચઢી જાય ને જે પાંદડું હાથમાં આવે તે તોડીને આપે અને એ પાંદડું ચમત્કારિક રીતે રોગીની દવા બની જતું અને રોગી સાજો થઇ જતો ! ભૂતપિશાચ તો ભાગી જ જતાં.

જેમ કેટલાક એમને સિદ્ધ કહેતા તેમ કેટલાક એમને પાગલ પણ કહેતા. નગ્ન પાગલ સમજીને એક વાર તો પોલીસે એમને જેલમાં પણ પૂર્યા હતા ! લોકો એમની નિંદા કરે, ગાળો દે, એમના ઉઘાડા શરીર પર કાદવ-કીચડ નાખે, છાણ નાખે પણ એનું એમને કંઈ દુઃખ નહોતું. એક વાર તો એક દુષ્ટે તેમને તમાકુમાં ઝેર આપ્યું હતું, તો વળી એક જણે એમના હાથ પર કપડું બાંધી તેના ઉપર કેરોસીન છાંટી એ હાથને મશાલની પેઠે સળગાવ્યો હતો!

સ્વામીજી આઠે પહોર બ્રહ્મભાવમાં જ લીન રહેતા હતા. તેઓ બ્રહ્મરૂપ જ બની ગયા હતા. બધે બ્રહ્મને જ જોતા હતા. બ્રહ્મમાં જ વિચરણ કરતા હતા. સિદ્ધિઓ આપમેળે એમની સેવામાં પ્રસ્તુત થઈ ગઈ હતી. સ્વામી નિત્યાનંદજીએ હિમાલયની ગિરિકંદરાઓમાં ઘોર તપસ્યા કરી હતી. છ વર્ષ તો તેઓ એક વૃક્ષ ઉપર રહ્યા હતા એમ કહે છે. તે પછી ફરતાં ફરતાં તેઓ મહારાષ્ટ્રમાં આવ્યા અને મુંબઈ પાસે તેજસા નદીના કિનારે, ગણેશપુરી ગામમાં આવી વસ્યા. તે વખતે ત્યાં એક પુરાણું શિવમંદિર અને ગરમ પાણીના કુંડ સિવાય બીજું કોઈ જ મકાન નહોતું. આસપાસ બધે જંગલ હતું અને જંગલી પ્રાણીઓ તથા સાપ-વીંછીનો ઉપદ્રવ હતો. આજે તો નિત્યાનંદજીના પ્રતાપે ત્યાં એક સુંદર સુશોભિત નગરી વસી ગઈ છે.

નિત્યાનંદજી મહારાજના પટ્ટશિષ્ય સ્વામી મુક્તાનંદજી મહારાજ કહે છે : 'શ્રીકૃષ્ણ જેમ ચક્ર લઈને આવેલા, રામ ધનુષ્ય લઈને આવેલા, પરશુરામ પરશુ લઈને આવેલા અને બલરામ હળ લઈને આવેલા તેમ ગુરુદેવ (સ્વામી નિત્યાનંદજી મહારાજ) ગણેશપુરીમાં

કેવળ એક લંગોટી લઈને આવેલા અને એ સ્થિતિમાં જ એમણે અવતાર પૂરો કર્યો.

સ્વામી નિત્યાનંદજી મહારાજને ઘણી ભાષાઓનું જ્ઞાન હતું. તેઓ પરમાનંદમય તુરીયાતીત દશામાં હતા. તેઓ રાત્રે પણ સૂતા નહોતા. જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ પરની અવસ્થા તે તુરીયાવસ્થા; સ્વામીજી એ તુરીયાવસ્થાથી પણ પરની અવસ્થામાં હતા. માણસ સ્થૂળ શરીરમાં જાગૃતિનો, સૂક્ષ્મ શરીરમાં સ્વપ્નનો અને કારણ શરીરમાં સુષુપ્તિનો અનુભવ કરે છે. યોગીજન તેથી આગળ વધી મહાકારણ શરીરમાં તુરીયાતીત અવસ્થાનો અનુભવ કરે છે. તે સિદ્ધોની સ્થિતિ છે, અવધૂતની સ્થિતિ છે. સ્વામી નિત્યાનંદજી આવા અવધૂત યોગેશ્વર હતા. તેઓ સદા નિજાનંદમાં મસ્ત રહેતા હતા. બધાં રૂપ તેમનાં હતાં. તેઓ બધાંમાં મસ્ત રહેતા હતા. તેઓ કહેતાઃ 'સર્વમાં હું છું. આ સકળ વિશ્વ મારો જ વિલાસ છે.'

ભક્તો મહારાજને 'બાબા' કહી સંબોધતા. બાબાનાં દર્શન માટે તેઓ તાપમાં કે વરસાદમાં કલાકો સુધી ઊભા રહેતા. બાબાનો એક દૃષ્ટિપાત મળે તો તેઓ પોતાને ધન્ય સમજતા. બાબાનું દર્શન જ દુઃખનાશક મહાપ્રસાદરૂપ બની જતું. બાબાને બાળકો બહુ ગમતાં. બાબાએ બાળકો માટે રમકડાંનો ભંડાર રાખેલો. રોજ દોઢ હજાર બાળકોને તેઓ જમાડતા ને વખતોવખત કપડાં પણ વહેંચતા. બાબા કહેતાઃ 'અન્નને બ્રહ્મ જાણો.' કોઈ વાર કોઈ કહે: 'ભગવાન, હું આપને નમસ્કાર કરું છું' તો બાબા કહેતાઃ 'ભગવાન સ્વયં ભગવાનને નમસ્કાર કરે છે. ભગવાન પોતે પોતાની ભાવમય પૂજા કરે છે!'

બાબાનો એક સંદેશ હતોઃ 'સર્વની સાથે આત્મભાવ કેળવો ! જાતિ-સંપ્રદાય, મત-પંથ બધા દ્વારા એક જ સ્થાને પહોંચાય છે. એક જ પૃથ્વી બધાંને ધારણ કરે છે, બધાંના પ્રાણમાં એક જ વાયુ વહે છે, એક જ જળ બધાંને જીવન અર્પે છે. રામ અને શ્યામ બધાંને માટે એક જ છે. માનવીએ જ બધા સંપ્રદાય, પંથ, શાસ્ત્ર અને સિદ્ધાંતનું નિર્માણ કર્યું છે, માટે માનવી એ બધા પંથ ને શાસ્ત્ર કરતાં મોટો છે.'

'પરમાત્મા બધાં રૂપમાં એક છે. બધાંને મળનારું સમાધાન એક છે, તૃપ્તિ એક છે, આનંદ એક છે, મસ્તી એક છે, ઉપલબ્ધિ પણ એક છે; ભેદ માત્ર ઉપાસના અને વ્યક્તિમાં છે. ભગવાનમાં કે ભગવાનની પ્રાપ્તિમાં નહિ!' બાબાનાં દર્શન કરવા તમામ વર્ગના માણસો આવતા. બાબાના દરબારનો વૈભવ જોઈ એક વાર એક પંડિતજી બોલી ઊઠ્યા, 'ખરેખર, આ ભગવાનનો જ દરબાર છે!'

બાબાની આંખો અડધી મીચાયેલી રહેતી - આંખો પોતાની જ અંદર રમમાણ હતી. સ્વામી મુક્તાનંદજી કહેતા, 'તેઓ નહોતા કર્તા કે નહોતા ભોક્તા, નહોતા દાની કે નહોતા જ્ઞાની, નહોતા સુખી કે નહોતા દુઃખી, નહોતા બુદ્ધ કે નહોતા સુપ્ત, નહોતા સર્વજ્ઞ કે નહોતા અલ્પજ્ઞ - સ્વયં સિદ્ધ સ્વયં પ્રકાશ ચૈતન્ય તેમનું નિજ સ્વરૂપ હતું!'

બાબાએ અનેક ભક્તો સાધકોને મંત્રદીક્ષા આપી છે. તેમનો કોઈ એક મંત્ર નથી, કોઈને તેમણે 'ૐ' તો કોઈને 'રામ' તો કોઈને 'નમઃ શિવાય' તો કોઈને 'સોહમ્'ની મંત્રદીક્ષા આપી છે. મંત્ર ભિન્ન હોવા છતાં તેમાં વ્યાપ્ત ચૈતન્યશક્તિ એક જ છે. ગુરુકૃપા કેવી અમોઘ શક્તિ છે તેનું ઉદાહરણ તેમના શિષ્ય બાબા મુક્તાનંદ પરમહંસ છે. સ્વામી મુક્તાનંદજીએ ઘણાં વર્ષ ઉગ્ર તપશ્ચર્યા કરી હતી પણ એમને અંતિમ સાક્ષાત્કાર તેમના પર બાબાની કૃપા ઉતરી ત્યારે થયો. સ્વામી મુક્તાનંદજી ચાલીસગાંવમાં હતા. ત્યાંથી બે ભક્ત બાબાનાં દર્શન કરવા ગણેશપુરી આવ્યા હતા. બાબાએ તેમને કહ્યું, 'તમે શા માટે અહીં આવ્યા ! મુક્તાનંદ તમારા ગામમાં છે ને ! હવે એ સાધારણ માનવી નથી, પરબ્રહ્મ છે, સદાશિવ છે.' આમ

કહી બે હાથ ઊંચા કરી એ નાચવા લાગ્યા ને ગાવા લાગ્યાઃ 'મુક્તાનંદ પરમહંસ! મુક્તાનંદ પરમહંસ !' આ શબ્દો સાથે સિદ્ધની કૃપા મુક્તાનંદ પર ઊતરી ચૂકી હતી.

બાબા નિત્યાનંદજી લગભગ ૩૦ થી ૩૫ વર્ષ ગણેશપુરીમાં રહ્યા અને ત્યાં જ તેમણે તા.૮-૮-૧૯૬૯ના રોજ મહાસમાધિ લીધી. મહાપ્રયાણ વખતે તેઓ તેમની હંમેશની શાંભવી મુદ્રામાં હતા. અડતાલીસ કલાકનો ભજનનો અતૂટ કાર્યક્રમ ચાલ્યો. લાખો માણઓ એ 'ૐ નમો ભગવતે નિત્યાનંદાય'ની ધૂન સાથે તેમને છેલ્લા પ્રણામ કર્યાં. આજે ગણેશપુરીમાં કુંડની પાસે જ એમનું ભવ્ય સમાધિમંદિર છે. એ સ્થળને 'વૈકુંઠ' કહે છે. સમાધિ મંદિરમાં તેમની ભવ્ય દિવ્ય પ્રતિમા બિરાજમાન છે. મુક્તાનંદજી મહારાજ કહેતા કે 'ગુરુદેવ અત્યારે પણ સૂક્ષ્મરૂપે હયાત છે !'

# જે. કૃષ્ણમૂર્તિ

(ઈ.સ. ૧૮૯૫ - ૧૯૮૬)

મદ્રાસ પાસે અડિયાર નદીના કાંઠે આવેલા ગામ અડિયારમાં બ્રહ્મવિદ્યાના સાધકોનો એક આશ્રમ છે. એ સાધકોનો વિશ્વવ્યાપી સંઘ છે, તેને 'થિયોસોફિકલ સોસાયટી' કહે છે.

સને ૧૯૦૯ની વાત છે. એક દિવસ અડિયાર નદીમાં બે નાના છોકરા સ્નાન કરતા હતા. તેવામાં આશ્રમના એક યુરોપિયન યોગી બિશપ લેડબિટનની એમના પર નજર પડી. મોટા છોકરાના મસ્તક પર એમણે પંચકોણિયો તારો ચમકતો જોયો. એમને થયું કે આ કોઈ મહાન આત્મા હોવો જોઈએ. પોતાની યોગવિદ્યાના બળે તેમણે એ છોકરાનો ભૂતકાળ તપાસ્યો, એના પાછલા જન્મ જોયા તો આશ્ચર્ય ચકિત થઈ ગયા. તેમણે આ વાત સંઘનાં પ્રમુખ એની બેસન્ટને કહી. એની બેસન્ટ અંગ્રેજ હતાં. તેઓ મહાયોગિની હતાં. તેમણે ભારત આવી હિંદુ ધર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એની બેસન્ટ કહેતાં, 'ચાલીસ કરતાં પણ વધારે વર્ષ સુધી વિશ્વના મહાન ધર્મનો અભ્યાસ કર્યા પછી મને હિંદુ ધર્મ જેવો સંપૂર્ણ, વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞાનથી પરિપૂર્ણ અને આધ્યાત્મિક ધર્મ બીજો કોઈ દેખાયો નથી. હિંદુ ધર્મ વિષે તમે જેમ વધારે જાણો તેમ તમને તેના પર વધારે પ્રીતિ થશે અને તમે જેમ તેને સમજવાનો વધારે પ્રયત્ન કરશો તેમ તમને તેનું મૂલ્ય વધારે ને વધારે સમજાતું થશે.'

એની બેસન્ટ અને લેડબિટને અલગ અલગ રીતે એ બાળકનો ભૂતકાળ તપાસ્યો. તેમણે શોધી કાઢ્યું કે વિશ્વને નવો સંદેશો આપવા માટે ભગવાને આ બાળકના શરીરને પસંદ કર્યું છે. સમય આવશે ત્યારે ભગવાન મૈત્રેય આ બાળકના શરીરના માધ્યમથી વિશ્વને પોતાનો સંદેશ આપશે. બાળકના પિતાને સમજાવી તેમણે બાળકને પોતાની પાસે રાખ્યો અને તેને સારામાં સારી તાલીમ મળે તેવી વ્યવસ્થા કરી. આ બાળક તે જે. કૃષ્ણમૂર્તિ. તેમનો જન્મ સને ૧૮૯૫માં મેની અગિયારમી તારીખે શનિવારે મધરાતે મદ્રાસથી ૧૫૦ માઈલ ઉત્તરે આવેલા મદનપલ્લી ગામમાં એક બ્રાહ્મણના ઘેર થયો હતો. બાળક કૃષ્ણમૂર્તિને લેડબિટન સાહેબ અને શ્રીમતી બેસન્ટ પોતે વિવિધ વિષયનું જ્ઞાન આપતાં હતાં. કેવળ ભૌતિક વિષયનું નહિ, પણ આધ્યાત્મિક વિષયનું પણ જ્ઞાન આપતા. લેડબિટન સાહેબે પોતે કહ્યું હતું કે બાળક કૃષ્ણમૂર્તિના સૂક્ષ્મ શરીરને તેઓ પોતાની સાથે હિમાલયમાં આવેલા સિદ્ધ સંતોના આશ્રમમાં લઈ જતા,ત્યાં સેંકડો વર્ષનું આયુષ્ય ધરાવનારા મહાત્મા એને ઉપદેશ આપતા. ઉપદેશના અંતે એક-બે વાક્યમાં તેઓ એ ઉપદેશનો સાર કહેતા. બાળક કૃષ્ણમૂર્તિ સવારે ઊંઘમાંથી જાગે ત્યારે એ સારરૂપ વાક્ય એને યાદ આવતું એ તે લખી લેતો. વખત જતાં ઘણાં વાક્યો થઈ ગયાં, તેને વિષય વાર ગોઠવી સને ૧૯૧૦માં 'શ્રીગુરુ ચરણે' (At the feet of the

master) નાનકડી પુસ્તિકા પ્રગટ કરવામાં આવી. પુસ્તકની પ્રસ્તાવના એની બેસન્ટે લખી. તેમાં લખ્યું કે 'આ પુસ્તકનો લખનાર વયમાં નાનો છે પણ આત્માનુભવમાં ખૂબ જ મોટો છે.'

બધે જાહેરાત થઈ ચૂકી હતી કે જગદ્‌ગુરુ ભગવાન મૈત્રેય વિશ્વને પોતાનો નવતર સંદેશો આપવા માટે કૃષ્ણમૂર્તિના શરીરના વાહન દ્વારા કામ કરવાના છે. એ માટે ''તારક સંઘ' મંડળની સ્થાપના થઈ. તરુણ કૃષ્ણમૂર્તિ તેના પ્રમુખ બન્યા અને વિશ્વભરમાં એની શાખાઓ સ્થપાઈ. સને ૧૯૧૨થી ૧૯૨૨ સુધી તેઓ વિલાયતમાં રહ્યા. એમનો સ્વભાવ મધુર, સ્વર પણ મધુર, જે કોઈ એમને મળે એ એમના મિત્ર જ બની જાય. મોટા પંડિતો કહેતા, 'આવડી ઉંમરે આટલું જ્ઞાન અમે કોઈનામાં જોયું નથી. એમનું પ્રવચન સાંભળવું એ એક લહાવો છે.'

૧૯૨૫ની સાલ આવી. ડિસેમ્બર મહિનાની ૨૮ તારીખે સવારે આખી દુનિયામાંથી આવેલા ભાવિકો અડિયારમાં ભેગા થયા હતા. સાડા નવ વાગ્યા હતા. વિશાળ વડ નીચે સભા મળી હતી. કૃષ્ણમૂર્તિ ભાષણ કરતા હતા કે જગદ્‌ગુરુ પધારવાના છે અને આપણે તેમનો સંદેશો ઝીલવા લાયક થવાનું છે. બોલતાં બોલતાં એક પળ કંઈક ઝબકારો થયો અને 'તે' ના બદલે 'હું' આવું છું. જેમને સહાનુભૂતિની જરૂર છે, જેમને સુખ જોઈએ છે, જેઓ મુક્ત થવા તલસે છે, જેઓ વસ્તુ માત્રમાં સુખ શોધવા ચાહે છે તેમના માટે હું આવું છું. હું આવું છું સુધારવા, નહિ કે તોડવા ! હું આવું છું સર્જવા, નહિ કે નાશ કરવા !' સાત હજાર શ્રોતાઓ સ્તબ્ધ થઈને સાંભળી રહ્યા. તેઓ સમજી ગયા કે કૃષ્ણમૂર્તિના શરીરમાં જગદ્‌ગુરુ ભગવાન મૈત્રેયનું અવતરણ થયાનો આ પહેલો પરચો છે. એની બેસન્ટે જાહેર કર્યું કે બે હજાર વર્ષે પૃથ્વી પર ફરી જગદ્‌ગુરુનો કંઠસ્વર સંભળાયો છે. ૧૯૨૫માં જગદ્‌ગુરુનું અવતરણ માત્ર પાંચ મિનિટનું હતું. પણ પછી ધીરે ધીરે તેનો સમય વધતો ગયો અને પછી તો જગદ્‌ગુરુએ કૃષ્ણમૂર્તિના સમસ્ત ચૈતન્યનો કબજો લઈ લીધો. સને ૧૯૨૭ના ઓગસ્ટમાં કૃષ્ણમૂર્તિએ જાહેર કર્યું કે 'હવેથી હું અને જગદ્‌ગુરુ' એક છીએ.

સને ૧૯૨૯માં કૃષ્ણમૂર્તિએ 'તારક સંઘ'ને વિખેરી નાખ્યો. કરોડોની મિલકત માટીના ઢેફાંની જેમ છોડી દીધી, પોતે સાચા અર્થમાં નિષ્કિંચન થઈ ગયા. તે વખતનું તેમનું ભાષણ ખૂબ મનનીય છે. તેમણે કહ્યું, 'સત્ય તો પંથહીન પ્રદેશ છે, તમે કોઈ રસ્તે, કોઈ ધર્મ કે સંપ્રદાય દ્વારા તેને પામી શકો નહિ. કોઈ ચોક્કસ માર્ગે સત્યને પામવા મંડળ સંઘ કે સંસ્થા બાંધી શકાય જ નહિ. તે બાહ્ય રીતે માણસમાં રસ જગાડવા મથે છે, પણ સત્ય માટે રસ અંદરથી જ જાગવો જોઈએ.'

જે. કૃષ્ણમૂર્તિજી પોતાનાં વ્યાખ્યાનમાં ને કાવ્યમાં ઘણી વાર કહેતા, 'હું ને પ્રભુ એક છીએ. હું આખા જગતમાં વ્યાપેલ છું, જગત મારામાં સમાયેલું છે. હું કૃષ્ણ છું, હું બુદ્ધ છું, હું ખ્રિસ્ત છું.' જે કૃષ્ણમૂર્તિજી આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ વ્યક્તિ – સ્વાતંત્ર્યના હિમાયતી હતા. તેઓ કહેતા, 'મારે નથી જોઈતા અનુયાયીઓ, કદાપિ નથી જોઈતા. મારો માત્ર એક હેતુ છે – મનુષ્યને મુક્ત કરવાનો, તેને સ્વાતંત્ર્ય તરફ લઈ જવાનો, તમામ મર્યાદાઓ તોડી-ફોડી ફેંકી દેવામાં તેને મદદ કરવાનો, કારણ કે માત્ર એમ કરવાથી જ તે કાયમનો સુખી થશે.' તેઓ કહેતા, 'જ્યાં સુધી વ્યક્તિનું અંદરથી સમૂળગું પરિવર્તન નહિ થાય ત્યાં સુધી તે પોતાની આસપાસના માનવ સમાજનું પરિવર્તન નહિ લાવી શકે.' પ્રાર્થના વિષે પુછાતાં તેઓ કહેતા, 'પ્રાર્થનામાં ઈશ્વર પાસે કંઈ માગવાનું હોય તો મારા મતે એ સાવ ખોટું છે, એમાં આધ્યાત્મિકતા નથી, સોદાગરી છે.'

ભારતનાં વિશ્વવિખ્યાત વિચારક શ્રી વિમલાતાઈ ઠાકર શ્રી જે. કૃષ્ણમૂર્તિજીના નિકટના પરિચયમાં હતાં. એક વાર તેમને ડાબા કાનમાંથી લોહી નીકળતું હતું, માથામાં અસહ્ય દુખાવો થતો હતો, તાવ પણ રહેતો હતો અને એ કાનની શ્રવણશક્તિ ચાલી ગઈ હતી. ઓપરેશનથી પણ કંઈ ફાયદો થયો નહિ. ચૌદ

મહિના આ પીડા સહીને તેઓ કંટાળી ગયાં હતાં. તેવામાં કૃષ્ણમૂર્તિજીએ તેમને કહ્યું, 'મારા હાથમાં રોગ હરવાની શક્તિ છે. આપણે એનો પ્રયોગ કરીએ.' આમ કહી વિમલા તાઈની ખુરશીની પાછળ ઊભા રહી તેમણે પોતાનો જમણો હાથ તેમના માથે મૂક્યો ને ડાબો હાથ કાન પર મૂક્યો. એકદમ વિદ્યુતનો કોઈ જબરો પ્રવાહ તાઈના આખા શરીરમાં ફરી વળ્યો. ત્રણ દિવસ આ પ્રયોગ કર્યો ને તાઈની કાનની પીડા મટી ગઈ એટલું જ નહિ, એમની શ્રવણશક્તિ પાછી આવી.'

ગુજરાતના વિશ્વવિખ્યાત તત્ત્વચિંતક શ્રી રોહિત મહેતાને અંગે લકવો હતો. હાથ-પગ હલાવી શકતા નહિ. ડૉક્ટરો હતાશ હતા, તેવામાં સ્વેચ્છાએ જે. કૃષ્ણમૂર્તિજી હૉસ્પિટલમાં એમની પાસે પહોંચી ગયા. તેમણે રોહિતભાઈના અંગે પોતાનો હાથ ફેરવ્યો અને પછી સીધા જ બંદર પર જવા રવાના થઈ ગયા. તેમને તે જ દિવસે સ્ટીમરમાં પરદેશ જવાનું હતું. તેઓ ગયા પણ પાછળ રોહિતભાઈનો લકવા ગયો, દર્દ પણ ગયું. તેઓ સાજા થઈ ગયા.

જે. કૃષ્ણમૂર્તિજીએ તા.૧૭-૨-૧૯૮૬ના રોજ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં ઓજાઈ ખીણ મુકામે શાંતિથી દેહત્યાગ કર્યો, તેમના મુખ પર ગાઢ શાંતિ અને મૃદુ-મધુર સ્મિત હતું. તે વખતે આકાશ વાદળ છાયું હતું. અંતિમયાત્રા નીકળી ત્યારે સેંકડો હંસનું ટોળું આકાશમાં તેના પર થઈ પૂર્વ દિશામાં ઊડી જતું દેખાયું હતું. પેસિફિક મહાસાગરના કિનારે જાહેર સ્મશાનગૃહમાં કોઈ પણ જાતનાં વિધિવિધાન કે ક્રિયાકાંડ વગર તેમને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. તેમની ભસ્મને ભારત લાવવામાં આવી હતી અને કાશી-ગંગોત્રી તથા અડિયાર (મદ્રાસ)ના સાગરમાં પધરાવવામાં આવી હતી.

## ૪૨ મો યોગશિક્ષક આવાસીય -તાલીમ શિબિર

તા. ૧૧-૧૨-૨૦૧૮ થી તા. ૩૦-૧૨-૨૦૧૮ સુધી ૪૨મા યોગશિક્ષક આવાસીય - તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જે યોગપ્રેમીઓ પોતે પ્રારંભિક યોગાસનોનું જ્ઞાન ધરાવે છે અને બીજાને શીખવવા ઈચ્છે છે તથા અંગ્રેજી માધ્યમમાં જ્ઞાન સંપાદન કરી શકે છે તેઓને શિબિરમાં પ્રવેશ મળશે. પ્રવેશ માટે યુનિવર્સિટી સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. જેમનું શરીર સ્વસ્થ છે, જેઓ કોઈ પણ વ્યસનના વ્યસની નથી તેઓને પ્રવેશ આપવામાં આવશે.

દરરોજ સાડા અગિયાર કલાકના શિક્ષણમાં યોગાસનો, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, શિથિલીકરણ ઉપરાંત તજ્જ્ઞ તબીબો દ્વારા શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, ભગવદ્ ગીતા, પાતંજલ યોગદર્શન, રેઈકી ડિગ્રી એક - બેનું જ્ઞાન સંપાદન કરાવવામાં આવશે. પ્રવેશ ઈચ્છતા મુમુક્ષુઓએ ૩૦ નવેમ્બર પૂર્વે પ્રવેશપત્ર ભરી દેવું. પ્રવેશપત્ર 'divyajivan.org' પરથી મેળવી શકાશે.

## સંન્યાસ દીક્ષા

ગુરુપૂર્ણિમા (તા. ૨૭-૭-૨૦૧૮)ના પવિત્ર દિવસે નિરંજની અખાડા અધિકૃત શ્રી ધોળેશ્વર મહાદેવ (ગાંધીનગર) ખાતે શિવાનંદ આશ્રમ (અમદાવાદ)ના શ્રી બુલ્લુ ગૌરહરિ પટનાયકજીની વિધિવત્ સંન્યસ્ત દીક્ષા કરવામાં આવી.

ધી ડિવાઈન લાઈફ સોસાયટી (હૃષીકેશ)ના અધ્યક્ષ પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી વિમલાનંદજી મહારાજ પાસે તેમની નૈષ્ઠિક બ્રહ્મચર્ય દીક્ષા તા. ૧-૯-૨૦૧૦ના રોજ થઈ હતી.

તેમને યોગપટ (સંન્યસ્ત નામ) **શ્રી સ્વામી નારાયણાનંદ સરસ્વતી** આપવામાં આવેલ છે.

આમ, શિવાનંદ પરિવારમાં વધુ એક યતિ-સંન્યાસીને આવકાર આપતાં આનંદ થાય છે.

**- દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ**

## આશ્રમના ઉત્સવો (ઓગસ્ટ - સપ્ટેમ્બર - ઓક્ટોબર)

| તારીખ | વાર | ઉત્સવ | સમય |
|---|---|---|---|
| ૪-૮-૨૦૧૮ | શનિવાર | સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની ૫૫ મી પુણ્યતિથિ - આરાધના પર્વ નિમિત્તે પાદુકાપૂજન, સત્સંગ | સાંજે ૬.૦૦ થી ૮.૦૦ સુધી |
| ૧૫-૮-૨૦૧૮ | બુધવાર | સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદન | સવારે ૬.૪૫ વાગ્યે |
| ૨-૯-૨૦૧૮ | રવિવાર | શ્રીમતી સ્મિતા શાસ્ત્રીજીના 'નર્તન સ્કૂલ ઑફ ક્લાસીકલ ડાન્સીસ' ગ્રુપ દ્વારા કુચીપુડી અને ભારતનાટ્યમ્ નૃત્ય | રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ |
| ૩-૯-૨૦૧૮ | સોમવાર | જન્માષ્ટમી નિમિત્તે | |
| | | કુ. શુચિ બુચ દ્વારા ભારતનાટ્યમ્ | રાત્રે ૮.૩૦ થી ૯.૦૦ |
| | | ડૉ. જયંત વસાવડાના 'સ્વર ગુંજન હાટકેશ ગ્રુપ' ના કલાકારો દ્વારા શ્રીકૃષ્ણ સંકીર્તન માધુરી અને શ્રીકૃષ્ણ જન્મોત્સવ | રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ સુધી |
| ૭-૯-૨૦૧૮ | શુક્રવાર | ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની ૧૦મી પુણ્યતિથિ - આરાધના પર્વ નિમિત્તે પાદુકાપૂજન, સત્સંગ | સાંજે ૬.૦૦ થી ૮.૦૦ સુધી |
| ૮-૯-૨૦૧૮ | શનિવાર | સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના ૧૩૧મા પ્રાકટ્યદિન નિમિત્તે પાદુકા પૂજન, સત્સંગ | સાંજે ૬.૦૦ થી ૮.૦૦ સુધી |
| ૯-૯-૨૦૧૮ | રવિવાર | પવિત્ર શ્રાવણ માસની પર્ણાહુતિ પ્રસંગે હોમાત્મક લઘુરુદ્ર શ્રી ફળ | સવારે ૯.૩૦ વાગ્યે<br>સાંજે ૬.૦૦ |
| | | હોમવાનો સમય, ભસ્મ આરતી ભંડારો | સાંજે ૭.૧૫ થી ૮.૩૦ સુધી |
| ૨૪-૯-૨૦૧૮ | સોમવાર | ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના ૧૦૩મા પ્રાકટ્યદિન નિમિત્તે પાદુકાપૂજન, સત્સંગ | સાંજે ૬.૦૦ થી ૮.૦૦ સુધી |
| ૧૦-૧૦-૨૦૧૮ | બુધવાર | નવરાત્રી પર્વ નિમિત્તે સામૂહિક ગીતા પારાયણ શ્રી શ્રી નવચંડી - શ્રી દુર્ગા સપ્તશતી | સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ સુધી<br>બપોરે ૪.૦૦ થી ૭.૦૦ સુધી |
| | | માતાજીના પવિત્ર રાસ ગરબા | રાત્રે ૯.૦૦ વાગ્યે |
| | | તા.૧૭ ઑક્ટોબર ના રોજ કુમારિકા પૂજન, અષ્ટમીનો હવન | |
| | | તા.૧૮ ઓકટોબરના રોજ શ્રી લક્ષ્મી હવન. | |

**૧. ઉપરોક્ત સર્વે કાર્યક્રમોમાં સૌ ભક્તોનું સ્વાગત છે.**
**૨. લઘુરુદ્રના યજમાનપદે બેસવા માગતા ભક્તોએ આગળથી આશ્રમ કાર્યાલયમાં નામ નોંધવવું જરૂરી છે.**
**૩. શ્રાવણમાં રુદ્રી, રુદ્રાભિષેક અથવા લઘુરુદ્ર કરવા કે કરાવવા માગતા ભક્તોએ અગાઉથી કાર્યાલયમાં નામ નોંધાવવું જરૂરી છે.**
**૪. સવાલક્ષ બીલીપત્ર અને પાર્થિવપૂજાનો પ્રબંધ પણ કરવામાં આવે છે. મુમુક્ષુ ભક્તોને લાભ લેવા વિનંતી.**
**૫. શિવાનંદ આશ્રમમાં આવીને રહેવા, સાધના કરવા માગતા શિવાનંદ પરિવારના સદસ્યોએ અગાઉથી પત્ર લખવો. લેખિત મંજૂરી મેળવીને જ આવવા વિનંતી. જેથી વ્યવસ્થામાં સગવડતા સચવાઈરહે.**

# વૃત્તાંત

● **તા. ૧-૭-૨૦૧૮ થી તા. ૫-૭-૨૦૧૮, વડોદરા:** 'અધ્યાત્મનૂ' હરિભક્તિ સોસાયટી, વડોદરા ખાતે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો સત્સંગ દરરોજ બપોરના ૪.૦૦ થી ૫.૧૫ વાગ્યા સુધી થયો. આ પૂર્વે અત્રે થયેલા સત્સંગમાં બાકી રહેલા અઢી શ્લોક (સાધનાપંચકમ્)ની વ્યાખ્યા તા. ૫-૭-૨૦૧૮ સુધી કરવામાં આવી.

તા. ૧-૭-૨૦૧૮ના રોજ ષષ્ટમ્ કલ્યાણપીઠાધીશ્વર પૂજ્ય ગોસ્વામી શ્રીમત્ દ્વારકેશલાલજી મહારાજશ્રીના 'નંદાલય' (ગોત્રી રોડ) ખાતે પણ પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો સત્સંગ થયો. આજે પ્રભુને કમળ પુષ્પના બંગલામાં પધરાવવામાં આવ્યા હતા. પૂજ્ય સ્વામીજીએ સુરદાસજી (અષ્ટસખા)નાં પદ **"કમલનમ્ મેં બિરાજે આજ પ્રભુ યદુરાય"** પદની વ્યાખ્યા અને રસપ્રદ કથા કરી. પૂજ્ય ગોસ્વામી દ્વારકેશલાલજી મહારાજ અને પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું સૌજન્યસભર સ્નેહ-મિલન ગંગા- યમુનાના મિલન જેવું સુંદર હતું. જ્યારે પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો હાથ પકડીને પ્રભુના શ્રીનિજ મંદિરમાં લઈ ગયા તેનું વર્ણન કરતાં ભાવવિભોર થયેલા પૂજ્ય સ્વામીજીએ કહ્યું : "મને એવું લાગ્યું કે જાણે સુરદાસનો હાથ ગ્રહણ કરીને શ્રી વલ્લભાચાર્ય-મહાપ્રભુજી નિજ મંદિરમાં 'બાંકે બિહારીજી'નાં દર્શન માટે લઈ જાય છે." ખીચોખીચ ભરેલા 'નંદાલય'માં સૌ વૈષ્ણવોએ આ દિવ્ય દર્શન અને સત્સંગનો અમૂલ્ય લાભ લીધો.

વડોદરાના નિવાસ દરમિયાન પૂજ્ય સ્વામીજી શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના જૂના ભક્તો, શ્રી યુ.વી. સ્વાદિયાજી, શ્રી રમેશભાઈ ઠક્કર, શ્રી નટુભાઈ ઝાલા અને શ્રી ઉપેન્દ્રભાઈ પુરોહિત તથા ડો. ગોપાલ મર્ચન્ટસાહેબને ત્યાં ભક્તોનાં દર્શને ગયાં. સૌને સત્સંગનો લાભ આપ્યો, આશિર્દાન કર્યાં.

● **તા. ૯-૭-૨૦૧૮ થી તા. ૧૩-૭-૨૦૧૮, અમદાવાદ :** ભગવાન ભાષ્યકાર આદિશંકરાચાર્ય કૃત 'આત્મબોધ' વિષયક પ્રવચન તા. ૯-૭-૨૦૧૮ થી તા. ૧૩-૭-૨૦૧૮ના દરરોજ સાંજના ૬-૦૦ થી ૭-૩૦ વાગ્યા સુધી શ્રી ચિદાનંદ ધ્યાન મંદિર ખાતે થયાં. વ્યાસપીઠે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બિરાજ્યા.

● **તા. ૧૪-૭-૨૦૧૮, અમદાવાદ :** શિવાનંદ આશ્રમ- અમદાવાદ, શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, દિવ્ય જીવન સંઘ અને ગુજરાત દિવ્ય જીવન સંઘના તમામ પ્રકારના સાહિત્યનું મુદ્રણ 'પ્રિન્ટ વિઝન'માં થાય છે. આ સંસ્થાનો નવો ઉપક્રમ હવે પીપળજ ખાતે ઊભો થયો છે. ત્યાં રૂ. સાત કરોડના ખર્ચે સ્થાપિત નૂતન મશીન RMGT 9 (6 Colour with Coater and Interdeck Uv)નો શિલાન્યાસ પૂજ્ય સ્વામીજી અધ્યાત્માનંદજી મહારાજના વરદ હસ્તે થયેલો. આજ અષાઢી બીજ (રથયાત્રા)ના પવિત્ર દિવસે અભિજાત મુહૂર્તે પૂજ્ય સ્વામીજીના કરકમળો દ્વારા મુદ્રણ કાર્યનો પ્રારંભ થયો. આ મશીન એકસાથે છ રંગમાં ૧૬ પાનાંનાં પ્રિન્ટિંગની એક કલાકમાં ૧૬,૦૦૦ પ્રત છાપી શકે છે. આશ્રમના ટ્રસ્ટી તથા 'દિવ્ય જીવન' માસિકના પ્રકાશક શ્રી અરુણ ઓઝા પણ હાજર રહેલ.

શિવાનંદ આશ્રમ ખાતે બિરાજમાન મહાપ્રભુ શ્રી જગન્નાથજી, બહેન શ્રી સુભદ્રાજી અને મોટાભાઈ શ્રી બલભદ્રજીની રથયાત્રા દર વર્ષની જેમ આ વર્ષે પણ સેંકડો ભક્તોના 'જય રણછોડ માખણચોર'ના જય ઘોષ અને રાસ-ગરબા સાથે ખૂબ ધામધૂમથી નીકળી હતી. રથયાત્રાના અંતે આરતી ઉતાર્યા બાદ ભક્તોને માલપૂઆ અને દૂધપાકનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. રથને ખેંચવા માટે સૌ ભક્તો લાલાયિત હતા. રથયાત્રા પૂર્વે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીએ શંખ, ઘંટારવ, ઢોલ અને નગારાંના નાદ વચ્ચે 'ચેઅર પહરા' ભગવાનના રથની આગળ સાવરણીથી 'પહિંદવિધિ' કરીને ભગવાનની યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

● **તા. ૧૫-૭-૨૦૧૮ થી તા. ૧૯-૭-૨૦૧૮ :** શિવાનંદ પરિવાર અમદાવાદથી ૩૦ સભ્ય વલસાડ દિવ્ય જીવન સંઘની શુભેચ્છા યાત્રાએ ગયા. ત્યાં શાંતિ મંદિર-મગોદ ખાતે નિવાસ થયો. BAPSના સ્વામિનારાયણ મંદિરના સંતો, શાંતિ મંદિર ખાતે મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી નિત્યાનંદજી મહારાજ તથા પૂજ્યા સ્વામિની કોમલાનંદ માતાજી, સમુદ્રકિનારે શ્રી શિરડી સાંઈબાબા વગેરે સ્થાનો અને સંતોનાં દર્શનસત્સંગનો લાભ સૌએ લીધો.

શિવાનંદ યોગ પરિવારના યોગાચાર્ય શ્રી મુકેશ દેસાઈના પારિવારિક સત્સંગ-સમારોહમાં ગણદેવી અને શ્રી અશોક દેસાઈના ક્લબ રિસોર્ટ ઉપરાંત શ્રી યજ્ઞેશભાઈ મંત્રીશ્રી : ગુજરાત દિવ્ય જીવન સંઘ, પ્રમુખશ્રી : વલસાડ દિવ્ય જીવન સંઘની વાડી- ચણવઈ ખાતે પણ જઈને પૂજ્ય સ્વામીજીએ સત્સંગ કરીને સૌને આશીર્દાન આપ્યાં.

● **૨૦-૭-૨૦૧૮, ભાવનગર :** ગુજરાત દિવ્યજીવન સંઘના પ્રન્યાસી આદરણીય ડૉ. અશોક બક્ષીજીનાં ચિંતાસ્પદ સ્વાસ્થ્યના સમાચાર જાણી પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે ભાવનગરની યાત્રા કરી.

BAPSના વરિષ્ઠ સંત શ્રી વિવેકસાગરદાસજી મહારાજનાં By Pass ઓપરેશનનાં સમાચાર પ્રાપ્ત થતાં પૂજ્ય સ્વામીજી સાળંગપુર પણ ગયા હતા. સંતોને કથા-વાર્તા સત્સંગનો લાભ આપ્યો હતો.

● **તા. ૨૧-૭-૨૦૧૮, મહેસાણા :** નારેશ્વરના નાથ સંત સદ્‌ગુરુ પૂજ્યશ્રી રંગ અવધૂતજી મહારાજની ૫૦મી પુણ્યતિથિ, આરાધના પર્વ નિમિત્તે સમગ્ર વર્ષ દરમિયાન આયોજાઈ રહેલા ભજન-સંધ્યાના ચતુર્થ કાર્યક્રમનું આયોજન 'શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય રંગભવન'- મહેસાણા ખાતે તા. ૨૧-૭-૨૦૧૮ ને શનિવારે, સાંજે ૪-૦૦ થી ૭-૩૦ વાગ્યા સુધી આયોજાયું. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન- દીપ પ્રજ્વલન પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ્‌ હસ્તે થયું. આજની ભજન-સંધ્યાનાં ગાયિકા 'પદ્મશ્રી' શ્રીમતી અનુરાધા પૌંડવાલ અને તેમના સહાયક સંગીત વૃંદે કર્યું. કાર્યક્રમનું સમાપન **'રંગ અવધૂત રે રંગ અવધૂત'** ધૂન સાથે થયું.

● **તા. ૨૨-૭-૨૦૧૮ થી તા. ૨૭-૭-૨૦૧૮, અમદાવાદ :**

૧. સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા શિવાનંદ આશ્રમમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ્‌ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં અમદાવાદનાં મહાપૌર શ્રીમતી બિજલબેન પટેલ, પૂર્વ મહાપૌર શ્રી હસિત વોરા ઉપરાંત નગરના અનેક અગ્રગણ્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા.

૨. આગામી 'ગુરુપૂર્ણિમા' નિમિત્તે આયોજાયેલા જ્ઞાનયજ્ઞનો પ્રારંભ આજરોજ થયો. આજરોજ પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું ઉદ્‌બોધન થયું.

તા. ૨૩-૭-૨૦૧૮ના રોજ શ્રીમતી રૂપા મજમુદાર, તા. ૨૪-૭-૨૦૧૮ના રોજ શ્રીમત્‌ સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજ (અધ્યક્ષશ્રી : રામકૃષ્ણ આશ્રમ), રાજકોટ, તા. ૨૫-૭-૨૦૧૮ના રોજ 'તત્ત્વતીર્થ' સરખેજથી પૂજ્ય સ્વામિની વિદ્યાપ્રકાશાનંદ માતાજી, તા. ૨૬-૭-૨૦૧૮ના રોજ પૂજ્યશ્રી સ્વામી અવ્યયાનંદજી મહારાજ (ચિન્મય મિશન)નાં પ્રેરણાસ્પદ ઉદ્‌બોધનો થયાં. (જે ઓક્ટોબર-૨૦૧૮ 'દિવ્યજીવન'ના અંકમાં પ્રકાશિત થશે.)


'ગુરુપૂર્ણિમા' નિમિત્તે શ્રી ગુરુ ભગવાન શ્રીમત્‌ સ્વામી શિવાનંદજી મહારાજ, શ્રીમત્‌ સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાઓની ષોડષોપચાર પૂજા કરવામાં આવી. પ્રાર્થના અને સત્સંગ બાદ ભંડારાનું આયોજન થયું. આ પ્રસંગે અનેક વક્તાઓએ પોતપોતાની ભાવ પુષ્પાંજલિ પ્રદાન કરી.

આ 'ગુરુપૂર્ણિમા જ્ઞાનયજ્ઞ'નો લાભ લેવા માટે જયપુર, અંબાલા, દિલ્હી અને હરિદ્વાર, લખનઉ, બહાદુરગઢ (હરિયાણા) તથા પૂનાથી ભક્તો પધાર્યાં, જે વિશેષ આનંદની વાત હતી.

● **તા. ૨૮-૭-૨૦૧૮ :** ડૉ. લતાબેન સંઘવી દ્વારા સંપાદિત અને લીખિત બૃહદ્‌ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા પ્રકાશિત 'સ્વર્ણિમ આલોક' પુસ્તકનું વિમોચન પૂજ્યપાદ શ્રીમત્‌ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનાં અધ્યક્ષ સ્થાને તથા વરદ્‌ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે અનેક સુજ્ઞ વરિષ્ઠ સંસ્કૃત વિદ્વવત્‌જનો ઉપસ્થિત રહ્યા.

● **તા. ૨૯-૭-૨૦૧૮, અમદાવાદ :** ફરીથી શેષ રહેલ શ્લોકોનાં દર્શન માટે 'આત્મબોધ'નો સત્સંગ પ્રારંભ થયો, જે 'આત્મબોધ' ગ્રંથની વ્યાખ્યાનાં પ્રવચનો પૂરાં થયા પછી 'શિવમહિમ્ન' સ્તુતિનો સત્સંગ શ્રાવણ મહિના નિમિત્તે થશે, જેની વ્યાસપીઠે પણ પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ બિરાજશે.

**ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।**
**उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ॥**


SUVARNAKALA®
Gold, Diamond & Silver Jewellery
BIS Approved Jeweller
C.G. ROAD :
National Plaza, Opp. Lal Bungalow, Ahmedabad-6
SATELLITE :
Venus Amadeus, Opp. Jodhpur Cross Road
BRTS Bus Stop, Ahmedabad-15

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity



શાંતિ મંદિર, મગોદ-તિથલ (વલસાડ) ખાતે શિવાનંદ આશ્રમના સાધકોની અધ્યાત્મયાત્રા
(તા. ૧૫-૭-૨૦૧૮ થી તા. ૧૯-૭-૨૦૧૮)



'પ્રિન્ટ વિઝન'ના પીપળજ સ્થિત મુદ્રણાલયમાં સાડા સાત કરોડના ખર્ચે સ્થાપિત RMGT9 (6 Colour with Coater and Interdeck Uv) ઓફસેટ મશીનનો પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ્ હસ્તે પ્રારંભ (તા. ૧૪-૭-૨૦૧૮ - અષાઢી બીજ)




શ્રી રંગ અવધૂત મહારાજના પચાસમા પુણ્યતિથિ વર્ષે ભજન સંધ્યા - કલાકાર : 'પદ્મશ્રી' સુશ્રી અનુરાધા પૌંડવાલ - (તા. ૨૧-૭-૨૦૧૮) મહેસાણા







સમસ્ત વૈષ્ણવ પરિવાર તથા નેપાળી પરિષદ અમદાવાદ દ્વારા શિવાનંદ આશ્રમમાં વૃક્ષારોપણ,
વિશેષ ઉપસ્થિતિ શ્રીમતી બિજલ પટેલ - મહાપૌર- અમદાવાદ (તા. ૨૨-૭-૨૦૧૮)

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI




શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ (તા. ૨૭-૭-૨૦૧૮)



બ્રહ્મલીન શ્રી સ્વામી વિશ્વદેવાનંદજી મહારાજનાં કથામૃત
'શ્રીમદ્ ભાગવત દોહન' ગ્રંથનું વિમોચન
(સંપાદન : શ્રી વિનોદ ઠાકર) તા. ૭-૭-૨૦૧૮, અમદાવાદ



શ્રી સ્વામી નારાયણાનંદ સરસ્વતીજીની સંન્યસ્ત દીક્ષા (નિરંજની અખાડા-ધોળેશ્વર, ગાંધીનગર, તા. ૨૭-૭-૨૦૧૮) ગુરુપૂર્ણિમા





શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદના પ્રકાશન "સ્વર્ણિમ આલોક"નું વિમોચન (તા. ૨૮-૭-૨૦૧૮) મણિનગર, અમદાવાદ

## સંતનો મહિમા

સંતનો સ્વભાવ અમાપ છે. તમે એમને તમારી અલ્પબુદ્ધિથી ન માપો. તમારા અજ્ઞાનની મર્યાદિત માપપટ્ટીથી તેમના દિવ્ય સ્વભાવને ન માપો. સંત-સાધુ પાસે દિવ્ય પ્રકાશ હોય છે; ભગવાનનું સીધું અને ત્વરિત દર્શન તથા દૃષ્ટ અને અદૃષ્ટ વસ્તુઓનું જ્ઞાન હોય છે. તે સર્વોચ્ચ અર્થમાં શાંત અને પૂર્ણ હોય છે. તે મૃત્યુથી પર હોય છે. તે અવિનાશી સાથે એકરૂપ હોય છે.

**- સ્વામી ચિદાનંદ**

Print Vision

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh** Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234